Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

વેસ્ટર્ન ટાઇમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

મંગળવાર, તા.૧૪ મે, ૨૦૨૪

14/5/2024 * VOL : 44 * N0. 240 સંવત- ૨૦૮૦, વૈશાખ સુદ-૭

Owned, Printed & Published by **Nikunj R. Patel** on behalf of Western Times Pub. Pvt. Ltd. **Printed** at & **Published** from **Western Times Pub. Pvt. Ltd.** Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel **RNI Regn. No. GUJ/46323/86. Reg. Office :** 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) **Phone :** 079-26402880 **Advt. :** 079-26402881

આજનો સુવિચાર

પ્રમાણિકતા અત્યંત કીમતી ભેટ છે, ચીલા ચાલુ વ્યક્તિ પાસેથી તેની આશા રાખશો નહિ

લોકસભાની ચૂંટણીનો ચોથો તબક્કો પૂર્ણ

૯૬ બેઠકો ઉપર ૬૨ ટકાથી વધુ મતદાન

નવી દિલ્હી,

લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં અત્યાર સુધીમાં ત્રણ તબક્કામાં કુલ ૨૮૩ બેઠકો પર મતદાન થયું છે. લોકસભાની ૧૦૨ બેઠકો માટે પ્રથમ તબક્કાનું એપ્રિલની ૧૯મીએ, ૮૮ બેઠકો માટે બીજા તબક્કાનું એપ્રિલની ૨૬મીએ જ્યારે ૯૩ બેઠકો પર ત્રીજા તબક્કાનું ૭મી મેએ મતદાન થયું હતું. ત્યારે આજે ચોથા તબક્કામાં ૧૦ રાજ્યોની ૯૬ બેઠકો માટે મતદાન શરૂ થયું હતું. ઉલ્લેખનીય છે કે આજે કુલ ૧,૭૧૭ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયા હતા. ચોથા તબક્કામાં વિવિધ રાજકીય પક્ષોના કુલ ૧૭૧૭ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં આંધ્ર પ્રદેશમાં ૪૫૪, બિહારમાં ૫૫, જમ્મુ-કાશ્મીરમાં ૨૪, ઝારખંડમાં ૪૫, મધ્ય પ્રદેશમાં ૭૪, મહારાષ્ટ્રમાં ૨૯૮, ઓડિશામાં ૩૭, તેલંગણામાં ૫૨૫, ઉત્તર પ્રદેશમાં ૧૩૦ અને પશ્ચિમ બંગાળમાં ૭૫ ઉમેદવારોનો સમાવેશ થાય છે. લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં સરેરાશ ૬૨.૬૦% મતદાન થયું હતું.

ચૂંટણી પંચે અત્યાર સુધીના મતદાનના આંકડા પણ જાહેર કરી દીધા છે. માહિતી અનુસાર સૌથી વધુ મતદાન પશ્ચિમ બંગાળમાં જ થયું છે. અહીં મતદાન ટકાવારીનો આંકડો ૭૫.૭૨% થઈ ગયો છે. જ્યારે જમ્મુ-કાશ્મીરમાં મતદારોનો ઉત્સાહ ઓછો જોવા મળી રહ્યો હતો. જ્યાં ફક્ત ૩૫.૯૭% જ મતદાન થયું છે. જ્યારે મધ્ય પ્રદેશમાં પણ મતદારોનો ઉત્સાહ ઊંચો છે, જ્યાં ૬૮.૨૫% મતદાન થયું છે. જો કે આ આંકડામાં આવતીકાલ સુધી સામાન્ય ફેરફાર થઈ શકે છે. આંધ્રપ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ વાય.એસ. શર્મિલાએ કર્યું હતું

મતદાન અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા અને ઓમર અબ્દુલ્લાએ મતદાન કર્યું હતું. સાઉથ સુપર સ્ટાર ચિરંજીવી કોનિડેલા પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા હતા. હૈદરાબાદની લોકસભા બેઠક પર ઓવૈસી અને ભાજપના ફાયરબ્રાન્ડ મહિલા ઉમેદવાર માધવી લતા ચૂંટણી લડી રહી છે. આ બેઠક વધુ ચર્ચામાં છે.

સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં ૭૫.૯૧ ટકા જ્યારે જમ્મુ-કાશ્મીરમાં સૌથી ઓછુ ૩૬.૫૮ ટકા મતદાન

જોકે અહીં તાજેતરમાં એક એવો વિવાદ સામે આવ્યો કે મતદાન વખતે બુરખો પહેરીને આવેલી મહિલાઓના ચહેરાની ઓળખ કરવા માટે તેમના ચહેરા પરથી બુરખા હટાવાયા હતા. જેને લઈને લોકોને વાંધો ઊઠાવ્યો હતો.

આંધ્રપ્રદેશની તમામ ૨૫ બેઠકો પર આજે મતદાન થયું હતું. મતદાન શરૂ થતાની સાથે જ પોલિંગ બૂથ પર બબાલના અહેવાલ સામે આવ્યા. જેમાં રૂઝૅ કાર્યકરો પર માચેરલામાં ૂઝૅ બૂથ એજન્ટો પર હુમલો કરવાનો આરોપ લાગ્યો હતો. હુમલામાં બે એજન્ટોને માથામાં ઈજા થઈ હોવાના અહેવાલ મળી રહ્યા છે. નેતા રામચંદ્ર રેડ્ડી પર ૭ પોલિંગ બૂથ એજન્ટોના અપહરણ અને કેદ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ વખતે જમ્મુ-કાશ્મીરમાં પણ મતદારોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મતદાન કેન્દ્રો પર સવારથી જ મતદારોની લાંબી લાઈનો જોવા મળી હતી. પ.બંગાળમાં મતદાન વચ્ચે પણ હિંસાના અહેવાલ આવવા કોઈ નવાઈની વાત નથી. ત્યાં તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો તથા ભાજપના કાર્યકરો વચ્ચે રાજકીય માહોલ ગરમાતો જોવા મળતો જ રહે છે. તાજેતરની ઘટનામાં ગઈકાલે મતદાનની પૂર્વ સંધ્યાએ ફરી એકવાર હિંસાના અહેવાલ સામે આવ્યા. જેમાં બોલપુરના કેતુગ્રામ ખાતે મતદાન માટેની તૈયારીઓ પૂર્ણ થયા બાદ ઘરે જઈ રહેલાં એક તૃણમૂલ કોંગ્રેસના કાર્યકર પર દેશી બોમ્બ વડે હુમલો કરાયાની ઘટના બની હતી. જેમાં તેનું મોત નીપજતાં રાજકીય માહોલ ફરી ગરમાયો છે.

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ચોથા તબક્કા માટે મતદાન પુરૂ થઈ ગયું હતું.

સંક્ષિપ્ત સમાચાર

મહારાષ્ટ્રમાં ત્રણ નકસલવાદીઓ ઠાર

(એજન્સી) ગઢચિરોલી,

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં પોલીસ અને નકસલવાદીઓ વચ્ચે એક્કાઉન્ટરના સમાચાર સામે આવ્યા છે. આ એક્કાઉન્ટરમાં ત્રણ નકસલવાદીઓ માર્યા ગયા છે. પોલીસે તેમની પાસેથી ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. આજે સવારે વિશ્વસનીય સુત્રો પાસેથી માહિતી મળી હતી કે પેરીમીલી દલમના કેટલાક સભ્યો વર્તમાન ટીસીઓસી સમયગાળા દરમિયાન વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઉદ્દેશ્યથી ભામરાગઢ તાલુકાના કટરાંગટ્ટા ગામ નજીકના જંગલ વિસ્તારમાં પડાવ નાખી રહ્યા છે. એડીશનલ એસપી ઓપ્સ યતીશ દેશમુખના નેતૃત્વમાં ઝઇ૦ના બે એકમો તરત જ વિસ્તારની શોધખોળ માટે શરૂ કરવામાં આવ્યા હતા. જ્યારે ટીમો વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી ત્યારે નકસલવાદીઓ દ્વારા તેમના પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેનો અમારી ઝઇ૦ ટીમોએ જોરદાર જવાબ આપ્યો હતો.

કેજરીવાલના પીએએ મને માર માર્યો : સ્વાતિ માલીવાલ

(એજન્સી) નવી દિલ્હી,

આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ અને દિલ્હી મહિલા આયોગના પૂર્વ અધ્યક્ષ સ્વાતિ માલીવાલે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર સનસનીખેજ આરોપ લગાવ્યો છે. દિલ્હી પોલીસના સૂત્રો પાસેથી આ મોટા સમાચાર સામે આવ્યા છે. સૂત્રોનું કહેવું છે કે સવારે ૧૦ વાગ્યે માલીવાલના નામે પોલીસને કોલ આવ્યો હતો. આ કોલ સ્વાતિના નંબર પરથી આવ્યો હતો. માલીવાલે કેજરીવાલના પીએ બિભવ કુમાર પર મારપીટનો આરોપ લગાવ્યો હતો. જોકે, પોલીસનું કહેવું છે કે ફોન કર્યા બાદ જ્યારે પીસીઆર ત્યાં ગઈ ત્યારે તે સ્થળ પર મળી ન હતી. દિલ્હી પોલીસે પુષ્ટિ કરી છે કે કોલ માલીવાલના મોબાઈલ નંબર પરથી આવ્યો હતો. તેના નંબર પરથી પીસીઆર પર બે વખત કોલ આવ્યો હતો.

સોના-ચાંદીના ભાવમાં ઘટાડો

(એજન્સી) નવી દિલ્હી,

સોનું અને ચાંદી ખરીદનારાઓ માટે સારા સમાચાર છે. અઠવાડિયાના પ્રથમ ટ્રેડિંગ દિવસે એટલે કે સોમવાર, મે ૧૩, ૨૦૨૪ ના રોજ, વિશ્વભરના બજારોમાં સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે . સોનામાં રોકાણ કરવા માટે જો તમે વિચારી રહ્યા હોવ તો આ તમારા માટે એક શ્રેષ્ઠ તક હોઈ શકે છે. આજે તમે ખૂબ જ સસ્તા દરે સોનું ખરીદી શકો છો પરંતુ ખરીદતા પહેલા જાણી લો કે આજે સોનું કેટલું સસ્તું થઈ ગયું છે અને આજે ચાંદી કયા ભાવે વેચાઈ રહી છે. ૧૩ મે, ૨૦૨૪ના રોજ રાજધાની દિલ્હીમાં ૨૨ કેરેટ સોનાની કિંમત ૬૭,૩૯૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ છે. જ્યારે ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૩,૫૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ છે. . સોનું ૭૫,૦૦૦ રૂપિયાના રેકોર્ડ સ્તર કરતાં ઘણું સસ્તું થઈ ગયું છે.

મુંબઈમાં તોફાની પવન સાથે વરસાદ : હોર્ડિંગ પડતા ૧૦૦થી વધુ લોકો દબાયા

(એજન્સી) મુંબઈ,

મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં આજે અચાનક જ વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વરસાદ પડતાં જનજીવન ઉપર અસર પડી હતી. ખાસ કરીને મુંબઈમાં તોફાની પવન ફૂંકાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ભારે વરસાદનાં કારણે મુંબઈ એરપોર્ટ પરની કામગીરી બંધ કરી દેવામાં આવી હતી અને મોટાભાગની ફ્લાઈટોને ડાઈવર્ટ કરાઈ હતી. આ ઉપરાંત મેટ્રો રેલવેને પણ અસર પહોંચી હતી. દેશની આર્થિક રાજધાની મુંબઈ હાલમાં ખરાબ હવામાનનો સામનો

કરી રહ્યું છે. અહીં ઘાટકોપરના પંત નગર વિસ્તારમાં એક પેટ્રોલ પંપ પર મોટો અકસ્માત થયો હતો. અહીં ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે એક મોટું હોર્ડિંગ અને શેડ ધરાશાયી થઈ ગયું હતું. જેમાં ત્રણ વ્યક્તિનાં મોત નિપજ્યાની આશંકા સેવાઈ રહી છે જ્યારે અકસ્માતમાં ૩૫ લોકો ઘાયલ થયાના અહેવાલ છે જ્યારે ૧૦૦થી વધુ લોકો

મુંબઈ એરપોર્ટ પરની કામગીરીને અસર: ૧૫થી વધુ ફ્લાઈટોને ડાયવર્ટ કરાઈ

ફસાયેલા છે. તો બીજી તરફ ખરાબ હવામાનના કારણે ફ્લાઈટના સંચાલનને પણ અસર થઈ હતી. જેના કારણે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટે લગભગ ૬૬ મિનિટ સુધી ફ્લાઈટ્સનું સંચાલન બંધ કરી દીધું હતું.

શેડ ધરાશાયી થતાં અનેક વાહનો પણ ફસાઈ ગયા હતા. અહેવાલો અનુસાર ફાયર બ્રિગેડ અને મુંબઈ પોલીસના જવાનો ઘટના સ્થળે હાજર છે અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ ઘાયલ લોકોને રાજાવાડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઘાયલોની સંખ્યા વધી શકે છે. અકસ્માતને પગલે આ વિસ્તારમાં ટ્રાફિક વ્યવસ્થા ઠપ્પ થઈ ગઈ છે. ઘાટકોપર-વર્સોવા મેટ્રો ટ્રેનનું સંચાલન પણ બંધ થઈ ગયું છે. આ ઉપરાંત વાવાઝોડાને કારણે અનેક જગ્યાએ વૃક્ષો પડી જવાના અહેવાલો પણ મળ્યા છે.

મળતી માહિતી મુજબ વડલામાં બિલ્ડીંગની બહાર બનાવેલ લોખંડની સીડીઓ રોડ પર પડી ગઈ છે. તે જ સમયે, ઘાટકોપરના રમાબાઈમાં કેટલીક દુકાનો પર બિલ બોર્ડ પડી ગયા છે. આટલું જ નહીં, મુંબઈમાં આવેલા જોરદાર તોફાન અને તોફાનને કારણે ઘણી આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટોને અન્ય શહેરો તરફ વાળવામાં આવી હતી.

મુંબઈમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. મુંબઈના ઘાટકોપર વિસ્તારમાં ભારે પવનથી મોટું હોર્ડિંગ ધરાશાયી થયું હતું. આ ઘટના ઘાટકોપરના સમતા કોલોની રેલવે પેટ્રોલ પંપ પાસેની છે, જ્યાં આ મોટું હોર્ડિંગ્સ ધરાશાયી થતાં ૧૦૦થી વધુ લોકો દબાયા હતા. જેમાં ૩૫ લોકોને ઈજા પહોંચી હતી. હવામાન વિભાગે આગામી ૩-૪ કલાક દરમિયાન પાલઘર અને થાણે જિલ્લામાં અલગ-અલગ સ્થળોએ ૫૦-૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વીજળી અને મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

મોંઘવારીનો દર ઘટીને ૪.૮૩ ટકા થયો

(પ્રતિનિધી) નવી દિલ્હી,

મોંઘવારીના મોરચે એક રાહતના સમાચાર આવ્યા છે. સરકારી રિપોર્ટ પ્રમાણે છૂટક મોંઘવારી એપ્રિલમાં સામાન્ય ઘટીને ૪.૮૮ ટકા પર આવી ગઈ છે. જે તેના ગત મહિના એટલે કે માર્ચમાં ૪.૮૫ ટકાના સ્તરે હતી.

સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડાઓ પ્રમાણે રસોઈના કેટલાક સામાનમાં ભાવમાં ઘટાડાને લીધે એપ્રિલમાં છૂટક મોંઘવારી ઘટીને ૪.૮૩ ટકા પર આવી ગઈ છે. ગ્રાહકોના મૂલ્ય ઈન્ડેક્સ સીપીઆઈ આધારિત છૂટક મોંઘવારી માર્ચમાં ૪.૮૫ ટકા હતી. જે ગત વર્ષે એપ્રિલ મહિનામાં ૪.૭ ટકા કરતાં વધુ હતી.

આંકડાકીય કચેરી એનએસઓ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ પ્રમાણે ખાદ્ય મોંઘવારી એપ્રિલમાં ૮.૭૦ ટકા હતી. જે માર્ચમાં ૮.૫૨ ટકાથી થોડી વધુ હતી. ઉલ્લેખનીય છે કે સરકારે રિઝર્વ બેંકને એ નક્કી કરવાનું કામ સોંપ્યું છે કે મોંઘવારી ચાર ટકા રહેવા અને બંને તરફ બે ટકાનું માર્જિન રહે. રિઝર્વ બેંક પ્રમાણે જે પોતાની ત્રૈમાસિક નાણાકીય નીતિ પર પહોંચતી વખતે, ગ્રાહકો ફુગાવાને ધ્યાનમાં રાખે છે, જે ખાદ્યપદાર્થોની કિંમતની અનિશ્ચિતતાને કારણે ફુગાવા પર વધુ દબાણ લાવે છે.

મળતી માહિતી અનુસાર, આ રિપોર્ટ આરબીઆઈને જૂનમાં નરમ વલણ અપનાવવા પ્રેરિત કરી શકે છે. જે બાદ ઓગસ્ટમાં દર કાપની સાઈકલ શરૂ કરી શકાય છે. આરબીઆઈનું નરમ વલણ ઓગસ્ટમાં રેટમાં કાપની તરફ લઈ જશે. જેનાથી બજારમાં લિક્વિડીટીમાં સુધાર જોવા મળી શકે છે.

આ દરમ્યાન ૨૨ અર્થશાત્રીઓની એક પોલમાં જાણવા મળ્યું કે ભારતની છૂટક મોંઘવારી એપ્રિલમાં ૪.૮૭ ટકા પર રહી શકે છે. જ્યારે ગત મહિનામાં આ ૪.૮૫ ટકા હતી.

શેર ખરીદી લેજો, પછી જોરદાર તેજી આવશે: શાહ

નવી દિલ્હી,

દેશના ગૃહમંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે અને કહ્યું છે કે શેરબજારમાં ચાલી રહેલા ઘટાડાને ચૂંટણી સાથે ન જોડવો જોઈએ. એક ઈન્ટરવ્યુ દરમિયાન, ગૃહ પ્રધાન અમિત શાહે શેરબજારમાં ચાલી રહેલા ઘટાડા વિશે વાત કરી હતીતેમણે કહ્યું કે ૪ જૂન, ૨૦૨૪ પછી શેરબજાર વધવા જઈ રહ્યું છે. તમને જણાવી દઈએ કે, મતદાનના તમામ સાત તબક્કાઓ બાદ ૪ જૂને પરિણામ જાહેર કરવામાં આવશે. ગૃહમંત્રી અમિત શાહે શેરબજારમાં ચાલી રહેલી ઉથલપાથલ પાછળ તમામ પ્રકારની અફવાઓને જવાબદાર ગણાવી છે. તેમણે કહ્યું છે કે શેરબજારમાં ઘટાડાને ચૂંટણી સાથે જોડી શકાય નહીં. ગૃહમંત્રી અમિત શાહે ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું કે આ પહેલીવાર નથી કે જ્યારે શેરબજાર તૂટ્યું હોય.

ઉમેદવારીપત્ર ભરતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વારાણસીમાં શક્તિ પ્રદર્શન



(પ્રતિનિધી) વારાણસી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસી બેઠક ઉપરથી આવતીકાલ મંગળવારના રોજ ઉમેદવારીપત્ર ભરવાના છે ત્યારે તેઓ સોમવારે સાંજે જ અહિંયા પહોંચી ગયા હતા અને ઉમેદવારીપત્ર ભરવાની પૂર્વ સંધ્યાએ ૬ કિ.મી. લાંબો રોડ શો યોજી શક્તિ પ્રદર્શન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પૂર્વે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તમામ તૈયારીની સમીક્ષા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી પહોંચતા જ એરપોર્ટ ઉપર તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે યોગી આદીત્યનાથ પણ રોડ શોમાં જોડાયા હતા. બંને મહાનુભાવોના રોડ શો દરમિયાન સમગ્ર રૂટ ઉપર મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી પડ્યા હતા અને ઠેર-ઠેર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સવારથી જ વારાણસીમાં ભારે ચહલ પહલ જોવા મળતી હતી. રોડ શો પૂર્ણ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાશી વિશ્વનાથ મંદિર પહોંચી ગયા હતા અને ત્યાં તેમણે પૂજા-અર્ચના કરી હતી. વડાપ્રધાન મોદી રાત્રિરોકાણ વારાણસીમાં જ કરવાના છે અને કાલે મંગળવાર સવારે તેઓ ઉમેદવારીપત્ર ભરવાના છે. તેમની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહેશે. આ ઉપરાંત અન્ય ભાજપનાં દિગ્ગજ નેતાઓ પણ વારાણસી પહોંચી ગયા છે. અને રાત્રિ દરમ્યાન વડાપ્રધાને સ્થાનિક નેતાઓ સાથે મીટીંગ પણ કરી હતી.

વારાણસીમાં યોજાયેલા રોડ શોમાં મોટી સંખ્યામાં નાગરિકો ઉમટ્યા: ઠેર-ઠેર વડાપ્રધાનનું સ્વાગત કરાયુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે પટના શહેરમાં આવેલા તક્ત શ્રી હરમંદિર સાહિબ ગુરુદ્વારા પહોંચ્યા હતા અને અહિંયા લંગરમાં રોટલી વળવા સાથે રસોઈ બનાવવામાં મદદ કરી હતી સાથે સાથે લંગરમાં બેઠેલા શ્રદ્ધાળુઓને પોતાને હાથે જ ભોજન પીરસ્યું હતું.

બંધારણ સાથે છેડછાડ હંમેશા કોંગ્રેસ પરિવારે કરી છે : મોદી

(એજન્સી) નવી દિલ્હી,

બંધારણ બદલવાના વિપક્ષના તમામ આરોપો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પલટવાર કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે નહેરુ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીએ હંમેશા બંધારણ સાથે દગો કરતા આવ્યા છે અને અત્યાર સુધી આ પરિવારે બંધારણમાં ફેરફાર કર્યા છે. પીએમએ કહ્યુ કે બંધારણ બન્યા બાદ સૌપ્રથમવાર પંડિત નહેરૂએ તેમા સંશોધન કર્યુ અને ફ્રીડમ ઓફ સ્પીચને રિસ્ટ્રીક્ટ કર્યુ. પીએમ મોદીએ કહ્યુ કે તેમની દીકરી ઈન્દિરા વડાપ્રધાન બની તો તેમણે ઈમરજન્સી લગાવી દીધી. કોર્ટના જજમેન્ટનો પણ અનાદર કર્યો. બંધારણની સાથે છળ તેમણે કર્યુ. પીએમ મોદીએ વધુમાં ઉમેર્યુ કે તેમના બાદ તેમના પુત્ર રાજીવ ગાંધી સત્તામાં આવ્યા. તેમણે ભારતના મીડિયાને નિયંત્રિત કરવા માટે એક બિલ લાવ્યું. દેશના મીડિયા અને વિપક્ષે હોબાળો મચાવ્યો ત્યારે તેમનો બચાવ થયો, પરંતુ પછી તેઓ બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ ગયા. રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે સરકાર બંધારણના ગર્ભમાંથી જન્મે છે. સરકારની કેબિનેટ હવામાં નથી હોતી. તે બંધારણને અનુરૂપ હોય છે. રાહુલ ગાંધીએ પ્રેસ કોન્ફરન્સ બોલાવીને મનમોહન સિંહની કેબિનેટના નિર્ણય પર શું કર્યું હતુ? પીએમ મોદીએ કહ્યું કે એ સમયે રાહુલ ગાંધી કાગળ નહોંતા ફાડી રહ્યા, તેઓ ભારતના બંધારણના ટુકડા કરી રહ્યા હતા. તે બાબા સાહેબની પીઠમાં છરો મારી રહ્યો હતો. તે બંધારણ ઘડનારાઓની ભાવનાઓને ઠેસ પહોંચાડી રહ્યા હતા.પીએમએ કહ્યું કે તેમના પરિવારના દરેક વડાએ બંધારણ સાથે ગેરવર્તન કર્યું છે. તેઓ બંધારણ શબ્દ બોલે તો પણ પાપ સમાન લાગે છે. અનામત અંગે પીએમ મોદીએ કહ્યું કે જ્યાં સુધી ભારતીય જનતા પાર્ટીનો સવાલ છે, અમે ધર્મના આધારે અનામત નહીં આપીએ. ન તો થવા દઈશુ.

H.K.TRAVELS
New Launched Luxury

ડેઈલી સર્વિસ
અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ 9979881489 9429893289

કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ
(સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ
(કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ
(કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો
માં એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614
NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7
BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

તંત્રી સ્થાનેથી

Editorial....

કોરોના વેકસીન,ડરવાની જરુર નથી

ભારતમાં વેકસીન પ્રોગ્રામ શરૂ થયો ત્યાર પછી ૧૭૫ કરોડ ડોઝ વેકસીનના ગયા છે. એમાં અમુકને ડબલ ડોઝ કે અમુકને બુસ્ટર સહિત ત્રણ ડોઝ ગણી લેવાના. બાકીનાઓએ આપણી સ્વદેશી 'કોવેકસીન' લીધી છે. હવે થયું એવું કે બ્રિટનમાં ૨૦૨૧ આસપાસ ૫૧ કેસ એવા નોંધાયા કે જેમાં કોઈને બ્રેઈન સ્ટ્રોક થયો તો કોઈના પ્લેટલેટ્સ કાઉન્ટ ઘટી ગયા. આ કેસ નોંધાયા પછી કોવિશિલ્ડ વેકસીન બનાવનાર ફાર્મા કંપની 'એસ્ટ્રાજેનકા' પર ૧૦૦ મિલિયન પાઉન્ડનો નુકશાનીનો દાવો અલગ અલગ વકીલો દ્વારા કરાયો. સતત ત્રણ વરસ સુધી જુદી જુદી વિચારધારાના મીડિયા સંસ્થાનો દ્વારા જુદા જુદા રિપોર્ટ્સ વિશ્વભરમાં રજૂ કરવામાં આવ્યા. એમાંથી મોટાભાગના સંસ્થાનો ભારતના કે અન્ય વિકાસશીલ દેશોના હતા, જ્યાં આ વેકસીનનો મહત્તમ ઉપયોગ થયેલો. અમુક અભ્યાસ પછી કંપનીએ બ્રિટનની કોર્ટમાં કબૂલ કર્યું કે- હા, અમારી વેકસીનની અમુક સાઈડ ઈફેક્ટસ છે જ. પણ એ રેર સાઈડ ઈફેક્ટસ છે. એક લાખમાંથી એક લોકોને થાય છે.માર્ચ ૨૦૨૧માં ઑસ્ટ્રિયાની ૪૯ વર્ષીય એક નર્સે એસ્ટ્રાજેકાની વેક્સીન લીધી. ૧૦ દિવસની અંદર તેને મગજની નસમાં લોહીના ગઠ્ઠા (સેરેબ્રલ વેઈન થ્રોમ્બોસીસ), ફેફસાની નળીઓમાં લોહીના ગઠ્ઠા (પલ્મોનરી એમ્બોલિઝમ), પ્લેટલેટની ઘટતી સંખ્યા (થ્રોમ્બો-સાયટો-પિનિયા) અને ડી- ડાયમરની ઊંચી માત્રા જોવા મળી. ડોકટરોએ તેને સ્વાભાવિક રીતે પ્લેટલેટ ટ્રાન્સફ્યુઝન આપ્યું પણ સ્થિતિ વધુ બગડી. ૧૧માં દિવસે તેનું મૃત્યુ થયું. તેના લોહીના સેમ્પલ જર્મનીના એક હીમેટોલોજિસ્ટ ડો એન્ડ્રિયાસ ગ્રાઈનાશરને મોકલવામાં આવ્યા. સામાન્ય રીતે લોહી પાતળી કરતી દવા હેપેરીન વડે આ પ્રકારની સ્થિતિ બનતું હોવાનું મેડિકલ સાયન્સમાં નોંધાયું છે. પણ ડો એન્ડ્રિયાસની તપાસમાં હેપેરીન નિર્દોષ છૂટી. દુનિયાભરના ડોકટરોનું માથું ભમવા લાગ્યું. વેક્સિનેશન શરુ થાયે માંડ ૩ મહિના થયા હતા ત્યાં એ જર્મન ડોકટર પાસે ૧૧ આવા કેસના ડેટા પહોંચ્યા હતા. ૯ એપ્રિલ ૨૦૨૧ના રોજ ન્યૂ ઇંગ્લેન્ડ જર્નલ ઓફ મેડિસિનમાં તેમણે એક પેપર પ્રકાશિત કર્યું. અને દુનિયાને જાણકારી આપી કે એસ્ટ્રજેનેકાની વેક્સિનથી બ્લડ ક્લોટિંગ કે લોહી જામવાના કિસ્સા બને છે. એસ્ટ્રજેનેકા વેક્સીન એ એડિનોવાયરસના ખોખામાં બની છે. આ ખોખામાં કોરોના વાયરસનો જેનેટિક માલ ભરી દેવામાં આવે. એડિનોવાયરસના આ ખોખાને ડિલિવરી બોય સમજી લો જે પોતાની અંદર કોરોનાની જેનેટિક માહિતી લઈને કોષ કેન્દ્ર સુધી લઈ જાય છે. કોરોનાની આ નબળી ખેપ દરમ્યાન આપણી રોગ પ્રતિકારક શક્તિ સતર્ક થઈ જાય છે અને વાસ્તવિક હુમલા વખતે એ જડબાતોડ જવાબ આપવા સક્ષ્મ હોય. હવે બન્યું એવું કે આ એડીનો વાયરસનું ખોખું હેકઝોન નામનું એક પ્રોટીનનું બનેલું છે, પ્લેટલેટનાઁ કઅ સાથે એને પ્રેમ થઈ શકે છે એ સંભાવના કદાચ ધ્યાન બહાર રહી હશે કેમ કે દુર્લભ કિસ્સામાં જ આવું બને. હવે આ બંનેનો પ્રેમ સંબંધ શરીરની રોગ પ્રતિકારક શક્તિને મંજૂર નથી. એટલે એ એન્ટી ૪ એન્ટિબોડી લોહીમાં છોડે. જે પેલો પ્રેમ સંબંધ અટકાવવા પ્લેટલેટ પર તવાઈ મચાવે અને એની સંખ્યા ધડધડ ઘટવા લાગે. આ પ્લેટલેટ ઘટે એને મેડિકલ ભાષામાં થ્રોમ્બોસાયટોપેનિયા કહેવાય. આ સમયે પ્લેટલેટ એકબીજાને ચોંટવા પણ માંડે છે, જે લોહીના ગઠ્ઠા પણ બનાવે. આને કહેવાય થ્રોમ્બોસિસ. એટલે વેક્સીન આપવાથી જે ઘટના ઘટી એનું નામ થ્રોમ્બોસીસ વિદ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ. પણ આ અત્યંત દુર્લભ ઘટના છે. દસ લાખમાં માંડ ૪ કેસ. એટલે ટકાવારી મુજબ ૦.૦૦૦૪% એની સામે સ્મોકિંગથી થતા બ્લડ ક્લોટિંગની સંભાવના ૦.૧૮ ટકા છે.

શહેરમાં ગંદકી ફેલાવનારા સામે મ્યુનિ. કોર્પો.ની લાલ આંખ

રૂા. ૩.૬૮ કરોડથી વધુ દંડ વસૂલ્યો

(એજન્સી) અમદાવાદ,

મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા અમદાવાદને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે અનેક પ્રકારના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને જાહેર રોડ પર ગંદકી કરતાં ધંધાકીય એકમો સામે તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે. ઉપરાંત શાકભાજી વેચતા ફેરિયા, પાનના ગલ્લા, ચાની કીટલી વગેરે સ્થળોએ ઉપયોગમાં લેવાતી ઝભલાં થેલી તેમજ પેપરકપ સામે પણ તંત્રની લાલ આંખ છે. પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ, સંગ્રહ અને ઉત્પાદન કરતાં ધંધાકીય એકમોની સામે પણ તંત્ર આકરા પાણીએ છે. આ તમામ બાબતોના મામલે કસૂરવારો પાસેથી દંડ વસૂલવામાં આવી રહ્યો છે. મ્યુનિસિપલ તંત્રના સત્તાવાર રિપોર્ટમાં દર્શાવ્યા મુજબ ઓક્ટોબર-૨૦૨૩, નવેમ્બર-૨૦૨૩, ડિસેમ્બર-૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ એમ આ ચાર મહિનામાં જ સત્તાધીશોએ કસૂરવારો પાસેથી રૂા.૩.૬૮ કરોડથી વધુની રકમનો દંડ વસૂલ્યો છે.

અમદાવાદમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા જે તે ઝોનના વોર્ડમાં જાહેર રોડ પર ગંદકી કરનારા ધંધાકીય એકમો તેમજ ધંધાકીય એકમમાં ડસ્ટબીન ન રાખતા એકમોનું રોજેરોજ સઘન ચેકિંગ કરાઈ રહ્યું છે. આ સઘન ચેકિંગ દરમિયાન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું ઉલ્લંઘન કરતાં એકમો કે શખ્સો વિરૂદ્ધ જીપીએમસી એકટ અને પબ્લિક હેલ્થ બાયલોઝ મુજબ સઘન કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. મ્યુનિ. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ન્યુસન્સ અને ગંદકી કરીને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું ઉલ્લંઘન કરનારા ધંધાકીય એકમો સામે નવા વડા વિજય મિસ્ત્રીના આવ્યા બાદ ભારે આક્રમકતા આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. અગાઉના વડા હર્ષદ સોલંકીના સમયકાળ દરમિયાન તંત્રની થયેલી કામગીરી કરતાં હવે કામગીરી બમણીથી પણ વધુ ઝડપથી થઈ રહી હોવાની માહિતી તંત્રના રિપોર્ટથી પ્રકાશમાં આવી છે.

સત્તાધીશોએ ઓકટોબર ૨૦૨૨, નવેમ્બર ૨૦૨૨, ડિસેમ્બર ૨૦૨૨, જાન્યુઆરી ૨૦૨૩ એમ આ ચાર મહિનામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોના ઉલ્લંઘનના મામલે કસૂરવાર ધંધાર્થીઓ પાસેથી કુલ રૂા.૫૯,૪૫,૮૦૦નો દંડ વસૂલ્યો હતો તેમજ કુલ ૧૫૧૮૯ ધંધાર્થીઓને નોટિસ ફટકારી હતી. ઓકટોબર ૨૦૨૩, નવેમ્બર ૨૦૨૩, ડિસેમ્બર ૨૦૨૩ અને જાન્યુઆરી ૨૦૨૪ એમ આ ચાર મહિનામાં તંત્રએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમોનું ઉલ્લંઘન કરનારા ધંધાર્થી પાસેથી ત્રણથી ચાર ગણો દંડ એટલે કે રૂા.૨,૩૧,૧૭,૦૫૬ વસૂલ્યો હતો. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરનારા ધંધાર્થીઓને અપાયેલી નોટિસનું પ્રમાણ પણ લગભગ બમણું થયું હતું. આ ચાર મહિનામાં કુલ ૨૮,૧૩૦ ધંધાર્થીને તંત્રએ નોટિસ ફટકારી હતી.

આ ઉપરાંત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના નિયમોના ઉલ્લંઘનના મામલે પણ તંત્ર ભારે આકરા પાણીએ આવ્યું છે. ગત ઓક્ટોબર ૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ સુધીના સમયગાળામાં મ્યુનિ. સોલિડ વેસ્ટના નિયમોના ઉલ્લંઘનના મામલે કસૂરવારો પાસેથી રૂા.૪૧,૩૩,૬૦૪નો દંડ વસૂલ્યો હતો જ્યારે ૮૯૬૬ ધંધાર્થીઓને નોટિસ ફટકારી હતી.

હવે આ સમયગાળાની સરખામણીમાં ઓકટોબર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ના ચાર મહિનામાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગે શહેરમાં જબરો સપાટો બોલાવ્યો છે. આ ચાર મહિનામાં કુલ ૧,૩૭,૩૯,૬૦૦ જેટલી જંગી રકમનો દંડ તંત્ર દ્વારા વસૂલવામાં આવ્યો હતો જે સ્વાભાવિકપણે ત્રણ ગણી વધારે રકમ થાય છે. જ્યારે આ ચાર મહિનામાં કુલ ૧૯૫૩૪ ધંધાર્થીને પ્રતિબંધિત પ્લાસ્ટિક નિયમોના ઉલ્લંઘનના મામલે સત્તાવાળાઓએ નોટિસ ફટકારી હોઈ આ સંખ્યા પણ બમણાથી પણ વધુ છે.

ઓકટોબર ૨૦૨૩થી જાન્યુઆરી ૨૦૨૪ સુધીનો તંત્રની બન્ને પ્રકારની કામગીરીનો સંયુક્ત રિપોર્ટ જો તપાસીએ તો સપ્ટેમ્બર ૨૦૨૩માં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના જૂના વડાની નિવૃત્તિ બાદથી આ વિભાગ શહેરને સ્વચ્છ અને સુંદર રાખવા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકથી મુક્ત કરવા માટે સઘન ઝુંબેશ ચલાવી રહ્યો છે કેમ કે આટલા સમયગાળામાં તંત્રએ કુલ ૪૭૬૬૪ ધંધાકીય એકમોને નોટિસ ફટકારીને તેમની પાસેથી કુલ રૂા.૩,૬૮,૫૬,૬૫૬નો દંડ વસૂલવામાં સફળતા મેળવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઓકટોબર ૨૦૨૨થી જાન્યુઆરી ૨૦૨૩ના સમયગાળામાં માત્ર રૂા.૧,૦૦,૭૯,૪૦૪નો દંડ વસૂલીને ફકત ૨૪૧૫૫ ધંધાર્થીનો નોટિસની બજવણી કરાઈ હતી. બીજા અર્થમાં તંત્ર હવે આ બન્ને નિયમોના ઉલ્લંઘનના મામલે જેટ સ્પીડથી કામ કરી રહ્યું છે.

મ્યુનિસિપલ શાળાના બાળકોએ 'જળ એ જ જીવન, પાણી બચાવો' જેવા બ્રેકિંગ ન્યૂઝ આપ્યા

(એજન્સી) અમદાવાદ,

મ્યુનિસિપલ શાળાના બાળકોએ સમર વેકેશન ચિલ્ડ્રન વર્કશોપ-૨૦૨૪ અંતર્ગત વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓને ઉત્સાહપૂર્વક માણી હતી. ખાસ કરીને વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સાથે વિવિધ જીવન કૌશલ્યોનો વિકાસ અને સર્જનાત્મકતા માટે આ વર્કશોપ ખૂબ ઉપયોગી બન્યો હતો. આ ઉપરાંત વર્કશોપની મુલાકાત લેનારાઓ માટે બાળકોએ જળ એ જ જીવન, તેથી પાણી બચાવો, આપણા અમદાવાદને સ્વચ્છ રાખો, પાનની પિચકારીથી શહેરને બગાડશો નહીં જેવા પ્રેરણાત્મક બ્રેકિંગ ન્યૂઝ આપીને મુલાકાતીઓને ખુરખુશાલ કરી દીધા હતા.

સાબરમતી રિવરફ્રન્ટના વલ્લભ સદન ખાતે યોજાયેલા આ સમર કાર્નિવલનું ઉદ્ઘાટન કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મહંત પુરૂષોત્તમ પ્રકાશ દાસજી તેમજ ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશનના ગુજરાત પ્રમુખ હેમાંગ રાવલના હસ્તે કરવામાં આવ્યું હતું.

એજ્યુકેશન એકસ્પો-૨૦૨૪માં મ્યુનિ. સ્કૂલ બોર્ડના સત્તાવાળાઓ દ્વારા સમર વેકેશન ચિલ્ડ્રન વર્કશોપ ૨૦૨૪થી ભાગીદારી નોંધાવી શહેરના ૧૨ ઝોનના કુલ ૧૨૦૦ વિદ્યાર્થીને પોતાની કલા પ્રસ્તુત કરવાની અનેરી તક ઉપલબ્ધ કરાઈ હતી.

કુલ સાત વિભાગમાં ચિત્રકામ, જીવન કૌશલ્ય, ગાણિતિક રમત, સામાજિક જાગૃત્તિ, સ્વચ્છતા અભિયાન અને વૈજ્ઞાનિક સિદ્ધાંત દ્વારા અંધશ્રદ્ધા નિવારણ જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરાયું હતું. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના પશ્ચિમ ઝોન-૧ અને પશ્ચિમ ઝોન-૨ દ્વારા સમગ્ર સમર વેકેશન ચિલ્ડ્રન વર્કશોપ ૨૦૨૪ની તૈયારી કરવામાં આવી હતી.

શાળાના બાળકોએ ડિજિટલ વર્લ્ડ અંતર્ગત વર્ચ્યુઅલ ટૂર-ટુ ડી, થ્રી-ડી અને વી આર બોક્સ દ્વારા વિવિધ એજ્યુકેશન મૂવીઝ મારફતે વિવિધ વિષયોની સમજૂતી પ્રાપ્ત કરી હતી તેમજ પ્લિકર્સ એપના માધ્યમ દ્વારા પ્રશ્નોની રચના કરી મૂલ્યાંકન પ્રક્રિયા સરળતાથી કરી શકાય તેનું માર્ગદર્શન મેળવ્યું હતું.

બાળકોના અન્ય પ્રેરણાદાયક બ્રેકિંગ ન્યૂઝમાં વ્યસની દૂર રહો, સ્વચ્છતા સૌની જવાબદારી, ગરમી સહન થતી નથી માટે વૃક્ષો વાવો, વિજ્ઞાન જ સાચું, અંધશ્રદ્ધાઓમાં માનશો નહીં અને મારું ઉજ્જવળ ભવિષ્ય મારી મ્યુનિસિપલ શાળા વગેરેથી મુલાકાતીઓને ભારે પ્રભાવિત કર્યા હતા.

રખિયાલમાં યુવકે જ્વલનશીલ પદાર્થ નાંખી બાઈક સળગાવી દીધું

(એજન્સી) અમદાવાદ,

રખિયાલ વિસ્તારમાં આવેલી પ્રભાવતીની ચાલીમાં રહેતા દિલશાન રાજપૂતે રખિયાલ પોલીસ સ્ટેશનમાં સોનુ નામના યુવક વિરૂદ્ધ વાહન સળગાવવાની ફરિયાદ કરી છે. થોડા દિવસ પહેલાં દિલશાન ઘરે હાજર હતો. ત્યારે એકાએક બૂમાબુમ થવા લાગી હતી. દિલશાન ઘર બહાર આવ્યો ત્યારે તેનું બાઈક સળગી રહ્યું હતું. રખિયાલની ચંદુલાલની ચાલીમાં રહેતા સોનુંએ દિલશાનનું બાઈક સળગાવી દીધું હતું. જ્યારે તેના પિતાનું લુના ગાયબ છે. સોનુએ જ્વલનશીલ પદાર્થ નાંખી જ્યારે બાઈક સળગાવ્યું ત્યારે તેણે આસપાસના રહીશોને કહ્યું હતું. સોનુએ તેના પિતાનું લુના ગાયબ કર્યું હોવાની શક્યતા છે. દિલશાને આ મામલે સોનુ વિરૂદ્ધ રખિયાલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે જેમાં પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે. અંગત અદાવતમાં સોનુએ દિલશાનનું વાહન સળગાવ્યું હોય તેવી શક્યતા છે.

પેસેજન્રના સ્વાંગમાં લૂંટારુંઓનો આતંક : રિક્ષાચાલક-રાહદારીને માર મારી લૂંટી લીધા

(એજન્સી) અમદાવાદ,

પેસેન્જરના સ્વાંગમાં બેઠેલા લૂંટારૂઓએ રિક્ષાચાલકને દુબઈ રિક્ષામાં જવાનું કહીને લૂંટી લીધો હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રિક્ષાચાલકે જ્યારે પેસેન્જરને ઉતાર્યો ત્યારે તેણે રિક્ષામાં દુબઈ જવાનું કહ્યું હતું. જો કે, રિક્ષાચાલકે મજાક નહીં કરવાનું કહીને ભાડું માગ્યું હતું. પેસેન્જરે ભાડું નહીં આપીને તેના બે સાગરિતોને બોલાવી લીધા હતા. ત્રણેય જણાએ ભેગા મળીને રિક્ષાચાલક પર હુમલો કર્યો હતો. જ્યારે તેને બચાવવા માટે વચ્ચે પડેલા રાહદારી ઉપર પણ હુમલો કર્યો હતો. ત્રણેય શખ્સોએ રિક્ષાચાલક તેમજ રાહદારીના કપડાં ફાડી નાંખીને બે મોબાઈલ તેમજ ૪૮૦૦ રૂપિયાની લૂંટ ચલાવી હતી. ત્યારબાદ રિક્ષાનો કાચ તોડીને નાસી ગયા હતા.

ગોમતીપુર વિસ્તારમાં આવેલી પૂજારીની ચાલીમાં રહેતા અસરફઅલી અન્સારીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂદ્ધ લૂંટ તેમજ હુમલાની ફરિયાદ કરી છે. અસરફઅલી રિક્ષા ચલાવીને પોતાનું તેમજ પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે મોડી રાત્રે અસરફઅલી સારંગપુર સર્કલથી પેસેન્જર લઈને શાહઆલમ ટોલનાકા જવા માટે નીકળ્યો હતો અને પેસેન્જરને શાહઆલમ ટોલનાકા નજીક ઉતાર્યો હતો. રિક્ષાચાલકે ભાડું માંગતાં પેસેન્જરે કહ્યું હતું કે, મારે રિક્ષામાં દુબઈ જવું છે. રિક્ષાચાલકે મજાક નહીં કરવાનું કહ્યું હતું કે અને પેસેન્જર પાસે ભાડું માંગ્યું હતું. પેસેન્જરે ભાડું આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ તે ગાળો બોલીને મારામારી કરવા લાગ્યો હતો. આ દરમિયાન પેસેન્જરે બૂમાબૂમ કરતાં તેના બીજા બે પરિચિત યુવકો દોડી આવ્યા હતા. જેમણે પણ રિક્ષાચાલક અસરફઅલી પર હુમલો કરવાનું શરૂ કરી દીધું હતું. અસરફઅલી જમીન પર પડી જતાં ત્રણેય લોકો તેને ગડદાપાટુંનો માર મારતા હતા. ત્રણ પૈકી એક યુવકે અસરફઅલીના માથામાં પથ્થર મારી દેતાં તેને લોહી નીકળવા લાગ્યું હતું.

આ સમયે ગોમતીપુર વિસ્તારમાં આવેલી મોહનલાલની ચાલીમાં રહેતો ઉમરખાન પઠાણ ત્યાંથી ચાલતાં ચાલતાં જઈ રહ્યો હતો. અસરફઅલીને માર ખાતા જોઈને ઉમરખાન તેને બચાવવા માટે વચ્ચે પડયો હતો. ત્રણેય શખ્સોએ ઉમરખાન ઉપર પણ હુમલો કરી દીધો હતો. જોતજોતામાં ત્રણેય શખ્સોએ ઉમરખાન તેમજ અસરફઅલીના કપડાં ફાડી નાંખ્યા હતા. ત્રણેય શખ્સોએ અસરફઅલી તેમજ ઉમરખાનના બે મોબાઈલ ફોન તેમજ ૪૮૦૦ રૂપિયા રોકડની લૂંટ કરી હતી. આ સિવાય ઉશ્કેરાયેલા શખ્સોએ અસરફઅલીની રિક્ષા પણ તોડી નાંખી હતી. હુમલા અને લૂંટની આ ઘટનામાં બૂમાબૂમ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. જેના કારણે હુમલાખોરો ત્યાંથી નાસી ગયા હતા. અસરફઅલીને માથાના ભાગે લોહી નીકળતું હોવાથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. લૂંટની જાણ કાગડાપીઠ પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને અસરફઅલીની ફરિયાદના આધારે ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

પાલડીમાં ઘર પાસે પાર્ક કારને પેટ્રોલ છાંટી સળગાવી દેવાઈ

(એજન્સી) અમદાવાદ,

પાલડી મહાલક્ષ્મી પાંચ રસ્તા પાસેના દીપકનગરમાં રહેતા મીતેશભાઈ શાહ ઉ.વ.૫૪ કોર્પોરેટ ટ્રેનર તરીકે ધંધો કરે છે. ૮મેએ બપોરે ૨થી૨.૩૦ વાગે મીતેશભાઈના ઘરની બહાર ધડાકાનો અવાજ સંભાળતા તેમણે જોયું તો ઘરની બહાર પાર્ક કરેલી તેમની ગાડી સળગી રહી હતી. જ્યારે મિતેશભાઈએ સોસાયટીના સભ્યોને પુછતા એક માણસ એકટીવા લઈને આવ્યો હોવાનું અને તેમણે તેમની ગાડીનો કાચ તોડીને કોઈ જ્વલનશીલ પ્રવાહી છાંટીને ગાડી સળગાવી હોવાનું જણાવ્યું હતું. જેથી તેમણે સોસાયટીના સીસીટીવી ચેક કરતા તે માણસ પાણીની ટેન્કરનો ડ્રાઈવર રાજેશભાઈ કાળુભાઈ ઠાકોર મણીબાની ચાલી પીટી કોલેજ રોડ પાલડી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે એકાદ અઠવાડીયા પહેલા આ રાજેશ મીતેશભાઈની સોસાયટીમાંથી પાણીની ટેન્કર લઈને ફુલ સ્પીડમાં નીકળ્યો હતો. જેથી મીતેશભાઈએ તેને કહયું હતું કે ટેન્કર સ્પીડમાં ન ચલાવીશ. સોસાયટીમાં પાર્ક કરેલી ગાડીઓને જો અથડાશે તો નુકશાન થશે, જેથી રાજેશે તેમને કહયું હતું કે ગાડીઓ બંગલામાં રાખવાની જેથી મીતેશભાઈને તેને કહયું હતું કે, અમારી સોસાયટીમાં ગાડીઓ કેવી રીતે પાર્ક કરવી તે અમારો વિષય છે. જેથી રાજેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને જતા પહેલા ધમકી આપી હતી કે અત્યારે હું એક પ્રસંગના કામમાં છું. પતી જવા દો પછી તમારી એકેય ગાડી બહાર નહી રહેવા દઉ તેવી ધમકી આપ્યા બાદ તે સીસીટીવીમાં ગાડી સળગાવતો દેખાતા મીતેશભાઈએ પાલડી પોલીસ સ્ટેશનમાં રાજેશ ઠાકોર વિરૂધ્ધ ફરીયાદ નોધાવી હતી.

૨૦ વર્ષથી ફરાર આરોપીને ક્રાઈમ બ્રાંચે લેબર કોન્ટ્રાકટર બનીને ઝડપી પાડયો

(એજન્સી) અમદાવાદ,

નવરંગપુરામાં વર્ષ ૨૦૦૪માં એક ઘરઘાટીએ રૂ.૫૦ હજારની ચોરી કરી હતી. જે ગુનો નોધાયા બાદ આરોપીને અનેકવાર પોલીસે શોધ્યો હતો. આરોપીના વતન સહીતની જગ્યાએ પોલીસ તેને શોધતી હતી પરંતુ તે ભાગતો ફરતો હતો. તેવામાં ક્રાઈમ બ્રાંચે ૨૦ વર્ષથી ફરાર આરોપીને લેબર કોન્ટ્રાકટર બનીને અનેક સાઈટ પર તેની તપાસ કરીને આખરે ઝડપી ચોરીનો ગુનાનો ભેદ ઉર્કેલ્યો છે. વર્ષ ૨૦૦૪માં નવરંગપુરા વિસ્તારમાં રહેતું દંપતી તેમની પુત્રીને સ્કુલે મુકવા ગયું હતું. તે દરમ્યાનમાં તેમના ઘરે કામ કરતા ઘરઘાટી મુકેશ ઉર્ફે શંકર મીણા રહે.ડુંગરપુર એ રોકડા રૂ.૫૦ હજારની ચોરી કરી હતી. જેને લઈને પોલીસે તેને શોધી રહી હતી. પોલીસે અવાર નવાર તેના વતનમાં પણ તપાસ કરતા તે મળી આવતો ન હતો. તેના ગામના કેટલાય લોકો અમદાવાદમાં ઘરઘાટી, રસોઈ કામ કે ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોવાથી પોલીસે તેને શોધવા જાય તો તેને જાણ થઈ જતી હતી. જેના કારણે આરોપી ૨૦ વર્ષથી ફરાર રહેતો હતો. ક્રાઈમ બ્રાંચે કેટરીગ સર્વીસ માટે માણસોની જરૂર હોવા પ્રકારે રોજગાર કોન્ટ્રાકટરની ભુમીકા ધારણ કરીને આરોપીને શોધખોળ હાથ ધરી હતી. તેવામાં આરોપી એક કન્સ્ટ્રકશન સાઈટ પર હોવાની પોલીસને માહિતી મળી હતી. જેથી ક્રાઈમ બ્રાંચે શહેરની અનેક બાંધકામ સાઈટ પર તપાસ કરી હતી. ત્યારે વૈષ્ણોદેવી સર્કલ પાસે આરોપી કામ કરતો હોવાની માહિતી મળતા અહીની અનેક સાઈટ પર પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે ચાની કીટલી પર લેબર કોન્ટ્રાકટર તરીકેની ઓળખ ઉભી કરીને આરોપીને માહિતી મેળવીને આરોપી શંકર ઉર્ફે મુકેશ મીણાની નિરમા યુનિ. પાસેથી ધરપકડ કરી હતી.

કુબેરનગરમાં માથાભારે શખ્સે એસ્ટેટ બ્રોકરને છરીના ઘા ઝીંક્યા

(એજન્સી) અમદાવાદ,

શહેરના કુબેરનગર વિસ્તારમાં હેર કટીંગની દુકાને ગયેલા એસ્ટેટ બ્રોકરને માથાભારે શખ્સે છરીના આડેધડ ઘા ઝીંકી દેતાં ચકચાર મચી ગઈ છે. ધોળા દિવસે ખેલાયેલા ખૂની ખેલમાં બ્રોકરની હાલત નાજુક છે. જ્યારે પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા માટે તજવીજ શરૂ કરી છે.

હુમલો કરનાર શખ્સના મિત્ર વિરૂદ્ધ ઈજાગ્રસ્ત બ્રોકરની બહેને કેસ કર્યો હતો. કેસમાં સમાધાન થાય તે હેતુથી શખ્સ બ્રોકરને ધમકી આપવા માટે આવી પહોંચ્યો હતો. બ્રોકરે સમાધાન કરવાનો ઈન્કાર કરી દેતાં શખ્સે છરીના ઘા ઝીંકી દીધા હતા. બ્રોકર પોતાનો જીવ બચાવવા માટે હેર કટીંગ સલૂનમાં ગયો હતો પરંતુ હુમલાખોરોએ ત્યાં ઘૂસીને પણ હુમલો કરી દીધો હતો. આ હુમલાથી હેર કટીંગ સલૂનમાં લોહીના ખાબોચિયાં ભરાયા હતા.

કુબેરનગર વિસ્તારમાં આવેલા જૂના જી-વોર્ડમાં રહેતાં મુકેશ ખિયાણીએ સરદારનગર પોલીસ સ્ટેશનમાં કાનૂડો ઉર્ફે કાનજી મારવાડી સહિત અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હત્યાની કોશિશની ફરિયાદ કરી છે. મુકેશ ખિયાણી કુબેરનગર વિસ્તારમાં એસ્ટેટ બ્રોકર છે. મુકેશ તેની માતા, અસ્થિર મગજના ભાઈ તેમજ બહેન સોના અને ભાણી સાથે રહે છે. ગઈકાલે મુકેશ કુબેરનગરના રાજાવીર સર્કલ પાસે આવેલી ઉર્મિલા હેર સ્ટાઈલ નામની દુકાનમાં વાળ-દાઢી કરાવવા માટે ગયો હતો. સલૂનમાં ભીડ વધુ હોવાના કારણે મુકેશને અડધા કલાક પછી બોલાવ્યો હતો. મુકેશ પોતાનું એક્ટિવા લેવા માટે ગયો ત્યારે કાનજી મારવાડી સહિતના લોકો આવી પહોંચ્યા હતા. મુકેશને જોતાં જ કાનજી કહેવા લાગ્યો હતો કે તારી બહેન સોનાએ મારા મિત્ર રોનક બિહોલા ઉપર જે કેસ કર્યો છે તેમાં તું સમાધાન કેમ કરતો નથી ? મુકેશ કંઈ બોલે તે પહેલાં કાનજીએ તેને ગાળો આપવાનું શરૂ કરી દીધું હતું. મુકેશે ગાળો બોલવાની તેમજ ઝઘડો કરવાની ના પાડી દેતાં કાનજી વધુ ઉશ્કેરાયો હતો અને તેની પાસે રહેલી છરી વડે હુમલો કરી દીધો હતો. કાનજીએ મુકેશના શરીર પર આડેધડ છરીના ઘા ઝીંકી દેતાં તે લોહીલુહાણ થઈને જમીન પર ઢળી પડયો હતો. આ દરમિયાન કાનજી મારવાડીના મિત્રો આવી પહોંચ્યા હતા. જેમણે મુકેશને માર માર્યો હતો. મુકેશ તેનો જીવ બચાવવા માટે લોહિયાળ હાલતમાં હેર કટીંગ સલૂનમાં દોડી ગયો હતો જ્યાં પણ કાનજી અને તેના મિત્રોએ ઘૂસીને હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ હુમલાખોરો નાસી ગયા હતા, જ્યારે મુકેશને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ સરદારનગર પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સરદારનગર પોલીસે હત્યાની કોશિશનો ગુનો નોંધીને ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

ધો.૧૧માં એ કે એબી ગ્રુપમાં પ્રવેશ મેળવવા સ્ટાન્ડર્ડ ગણિતની પરીક્ષા પાસ કરવી ફરજિયાત

(એજન્સી) અમદાવાદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ના તાજેતરમા જ જાહેર થયેલા વિકમજનક પરિણામ બાદ ધો.૧૧માં ટૂંક સમયમાં હવે પ્રવેશની કામગીરી શરૂ કરવામાં આવશે ત્યારે બેઝીક ગણિત સાથે ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ધો.૧૧માં એ કે એબી ગ્રુપમાં પ્રવેશ મેળવવો હોય તો તેમને આગામી જુલાઈ માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં સ્ટાન્ડર્ડ ગણિત સાથે પરીક્ષા ફરજિયાત પાસ કરવાની રહેશે. આથી પૂરક પરીક્ષામાં સ્ટાન્ડર્ડ ગણિત પાસ કરનાર વિદ્યાર્થીઓને ધો.૧૧માં એ કે એબી ગ્રુપમાં પ્રવેશ મેળવવાની એક તક મળશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦નું પરિણામ જાહેર કરી

કોંગ્રેસ વિચારધારાનું નેતૃત્વ મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે કરી દેશને આઝાદ કર્યો ત્યારે કોંગ્રેસની ગઈકાલ, આજ અને આવતી કાલ પર લોકો ફરી વિચારતા કેમ થયા છે ?!

"ઈશ્વરે જીવન અને સ્વતંત્રતા સાથે જ આપ્યા છે" - અમેરિકન પ્રમુખ થોમસ જેફરસન !!

તસ્વીર ભારતની સુપ્રિમ કોર્ટની છે !ભારતની સુપ્રિમ કોર્ટે દેશમાં એકતા ,અખંડિતતા ,ન્યાય ,સમાનતા અને લોકશાહી મૂલ્યો જાળવવા વર્ષ ૧૯૫૦ થી આજદિન સુધી કોઈ કસર રાખી નથી !સમય આવે સત્તાધીશોના કાન પકડે છે !અને દેશના બંધારણપ્રત્યે વફાદાર છે !નિષ્ઠાવાન છે !ન્યાયાધીશો પણ લાંબા ગાળાનું વિચારીને "ન્યાયધર્મ" અદા કરે છે !આજ આજના ૨૦૨૪ ના વર્ષમાં પણ લોકશાહી જીવંત રહેવા માટેનું મોટું કારણ છે જ્યાં સુધી ન્યાયાધીશો "રાજકારણથી પર છે ત્યાં સુધી ભારતની ધરતી પર "ન્યાયધર્મ" જીવંત છે" અને ન્યાયાધીશોનો રાજકીય શક્તિઓથી પ્રજાએ બચાવ કરવો જોઈએ અને વકીલોએ ખાસ તેના તરફ ધ્યાન આપવું જોઈએ !(તસ્વીર સમાચાર ભરત ઠાકોર તથા માનદ મદદનીશ ગઝાલા શેખ દ્વારા)

અમેરિકાના સુવિખ્યાત પ્રમુખ જહોન કેનેડીએ કહ્યું છે કે, ×જે દેશમાં સમાજ વિકાસ ન પામે ત્યાં ગરીબો વધુ ગરીબ બને છે અને મુઠ્ઠીભર અમીરો વધુને વધુ અમીર બને છે×!! અમેરિકાના પ્રમુખ થોમસ જેફરસને કહ્યું છે કે, ×ઈશ્વરે આપણને જીવન અને સ્વતંત્રતા બન્ને સાથે જ આપ્યા છે×!! ભારત ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ ના રોજ આઝાદ થયું ! અને ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ ભારતનું પોતાનું સાર્વભોમત્વ બંધારણ અસ્તિત્વમાં આવ્યું ! ત્યારે ભારતની જે તે સમયની પરિસ્થિતિ અનુસાર મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે દેશને દિશા આપી અને અનેક પડકારો વચ્ચે દેશનું નેતૃત્વ કર્યું અને જરૂરી નિર્ણયો પણ કર્યા !! આઝાદી સમય બાદ ભારતને માનવતા વાદી, સંવેદનશીલ, નિષ્ઠાવાન, બાંહોશ અને લોકશાહી મૂલ્યોને વરેલા અને પ્રમાણિક નેતાઓ મળ્યા ! સમય અનુસાર મહાત્મા ગાંધી, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ભીમરાવ આંબેડકર, પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઈ પટેલ, અબુલ કલામ આઝાદ જેવા પ્રખર રાષ્ટ્રવાદીઓને અને બંધારણ વાદની ભાવના વાળા નેતાઓએ દેશના નકશીગાર બનવાનું કામ કર્યુ અને આજે ૨૦૨૪ માં સંસદીય લોકશાહીની ચૂંટણી યોજાઈ રહી છે ?! દેશની ગઈ કાલ, આજ અને આવતી કાલ કેવી હશે ?!

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂ અને ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના સંયુકત પ્રયાસો રાજકીય શાલીનતા અને સક્ષમ નિર્ણય શક્તિની ગઈકાલ અને આજનું રાજકારણ દેશને ક્યાં લઈ જશે ?!

બ્રિટીશ વડાપ્રધાન વિન્સ્ટન ચર્ચિલે કહ્યું છે કે, ×જોખમથી બચી નીકળવાને બદલે તેનો જેટલો જલ્દી સામનો કરશો તેટલું જોખમ અડધુ થઈ જશે કયારેય કોઈ ચીજોથી ભાગો નહીં×!! મહાત્મા ગાંધીની પસંદગી અનુસાર ભારતના વડાપ્રધાન તરીકે પંડિત જવાહરલાલ નહેરૂને અને નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રીશ્રી તરીકે સરદાર વલ્લભભાઈ પટેલે દેશનું સુકાન સંભાળ્યુ ! ૧૫ મી ઓગષ્ટે ભારત દેશ આઝાદ થયો પરંતુ બ્રિટીશરો જતાં, જતાં ભારતના બે ભાગલા પાડતા ગયા ?! અને ૫૬૦ જેટલી સંસ્થાનોને સ્વયંમ નિર્ણય કરવાનો અધિકાર આપીને સ્વતંત્રતા છોડી ગયા આ સમયે પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ સામે આ સંસ્થાનોને વિલીનીકરણ કરીને એક સંઘ રાષ્ટ્ર બનાવવાનું કામ આ નેતાઓને માથે આવી પડયું ! અને આવા તો કંઈક પડકારો બ્રિટીશરો પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભાઈ પટેલને માથે નાંખીને રવાના થયા હતાં !!

પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે ૫૬૦ રજવાડાને એક કર્યા ! જેમાં સરદાર

પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ (આઝાદ ભારતની સરકારના સત્તાધારીઓ)

વલ્લભભાઈ પટેલની કુનેહ અને નિડર નિર્ણયોએ અનેક સળગતા પ્રશ્નો ઉકેલ્યા ! પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલે એક તરફ જુનાગઢે પાકિસ્તાન જવાની જીદ પકડી હતી એ જ રીતે કોલ્હાપુર રાજય અને છેલ્લા હૈદરાબાદના નિઝામને ઠેકાણે લાવવા ૧૧ સપ્ટેમ્બર, ૧૯૪૮ ના દિવસે ભારતીય સૈન્ય હૈદરાબાદમાં પ્રવેશ્યું અને ચપળતાથી કામ પાર પાડવામાં આપણો દેશ કામિયાબ થયો ! બીજી તરફ કાશ્મિરના રાજા હિન્દુ હતાં અને બહુસંખ્ય પ્રજા મુસ્લીમ હતી ! રાજય વસ્તીની દ્રષ્ટિએ નાનું હતું ! પણ સરહદી રાજય હતું ! ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, રશિયા અને તિબેટની સીમાઓ આ રાજયની અડતી હતી ! અને પાકિસ્તાન તરફથી ઘુસણખોરી શરૂ કરાતા ૨૪ ઓકટોબરે કાશ્મીર સરકારે ભારત સરકારને તાકીદે વિનંતી કરી કે કાશ્મીર ભારત સાથે જોડી દો અને બચાવ માટે ભારત સરકાર સૈન્ય મોકલે ટોલીવાળાને ખદેડી દીધા ! ૫ મે, ૧૯૪૮ ના રોજ ભારત સરકારે શ્વેત-પત્રિકા બહાર પાડીને પાકિસ્તાનને સ્પષ્ટ જવાબ આપ્યો આવા અનેક પડકારો જે તે સમયની કોંગ્રેસ સરકારે એટલે કે પંડિત જવાહરલાલ નહેરૂં, સરદાર વલ્લભભાઈ પટેલે ઉકેલ્યા હતાં ! આર્થિક સમસ્યાઓ ખેડુતોની સમસ્યાઓ પણ ઝડપથી ઉકેલવાની હતી ! ત્યારે ખરેખર તો ભારતનો પ્રાથમિક તબકકો જ કટોકટી કાળનો હતો અને કુનેહથી ઉકેલાયો હતો !

આઝાદીની લડત સાથે જીંદગીના સંવેદનશીલ પડકારો વચ્ચે પંડિત જવાહરલાલ નહેરૂએ પોતાની દિકરી પ્રિયદર્શીની (ઈન્દિરા ગાંધી) ને પ્રેમભર્યા પત્રો લખી મજબુત મનોબળ વાળી દિકરી બનાવી !!

×દિકરી એ તો વ્હાલનો દરિયો× પત્ની કમલા નહેરૂની બિમારી ! જવાહરલાલ જેલમાં હતાં બંધનો સાથેની મુક્તિ તેમણે ન સ્વીકારી બિમાર પત્નીને છોડીને જેલમાં ગયા ! ૨૮ ફેબ્રુઆરી, ૧૯૩૬ ના દિવસે જવાહરલાલ નહેરૂએ પત્ની અને ઈન્દિરાજીએ માતા ગુમાવ્યા !! વર્ષ ૧૯૩૦ માં આઝાદીની ચળવળ વખતે ઈન્દિરા ગાંધીની ઉંમર માત્ર ૧૨ વર્ષની હતી અને માતા કમલા નહેરૂની સલાહથી ×વાનર સેના×બનાવી આઝાદીની લડત લડતા નેતાઓને એકબીજાની માહિતી પહોંચાડવાનું કામ કરતા હતાં ! વર્ષ ૧૯૩૬ માં માતાનું મૃત્યું થતાં માતાના ×પ્રેમ અને રક્ષણ× થી તેઓ વંચિત રહી ગયા ! બ્રિટનની ઓક્ષફર્ડ યુનિવસિટીમાં અભ્યાસ કર્યો ! પંડિત જવાહરલાલ નહેરૂએ જેલમાંથી દિકરીને લખેલા પત્રોએ તેમના વ્યક્તિત્વ ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો હતો ! પોતાની દિકરી ઈન્દિરાને ×પ્રિયદર્શીની× તરીકે લખેલા પત્રો ખૂબ જ વિખ્યાત છે વિશ્વના ઈતિહાસની રૂપરેખા સમજાવતા પત્રોમાં જવાહરલાલે લખેલું કે, હિંમતવાન બનવું, મુશ્કેલીઓથી ગભરાવવું જોઈએ નહીં ! જીવનના પડકારોનો સામનો કરવો જોઈએ ! આમ, પિતાએ પુત્રીનો મહાન સબંધ દિકરીના વ્યક્તિત્વ ઘડતરમાં અદ્દભૂત ફાળો આપ્યો હતો !!

મજબુત આત્મબળ, વિચક્ષણ, મુત્સદ્દીગીરી, વિચારશીલ વ્યક્તિત્વ, વ્યુહાત્મક રાજકીય કોઠાસૂઝ અને હિમ્મતભર્યા નિર્ણયો કરવાની શક્તિ ધરાવતા ભારતના વડાપ્રધાન શહીદ થયા !!

×એકતા દ્વારા આપણે દેશની અનેક સમસ્યાઓ હલ કરી શકીશું×!! આવા વિચારને સમાજમાં તરતો મુકનાર ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીનો જન્મ તા. ૧૯-૧૧-૧૯૧૭ માં અલ્હાબાદ ખાતે થયેલો અને તેઓ પંડિત જવાહરલાલ નહેરૂના એકના એક પુત્રી હતાં ! ઓક્ષફર્ડ યુનિવસિટીમાં ભણેલા શ્રીમતી ઈન્દિરા ગાંધી ૧૯૩૮ માં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રાથમિક સભ્ય બન્યા હતાં ! તા. ૨૬-૦૩-૧૯૪૨ માં ફિરોઝ ગાંધી સાથે લગ્ન કર્યા હતાં ! વર્ષ ૧૯૫૩ માં બાહુંગ પરિષદમાં હાજરી આપી હતી અને વર્ષ ૧૯૫૩ થી ૧૯૫૫ દરમ્યાન અમેરિકા, ચીન, ઈન્ડોનેશીયા અને મલેશીયાની મુલાકાત લીધી હતી ! વર્ષ ૧૯૬૪ માં લાલબહાદુર શાસ્ત્રીના વડાપ્રધાન પદ હેઠળના નેતૃત્વમાં આકાશવાણી પ્રસારણના પ્રધાન તરીકે પોતાની ફરજ નિભાવી હતી ! રાજીવ ગાંધી અને સંજય ગાંધી એવા બે પુત્રો હતાં ! તા. ૨૪-૦૧-૧૯૬૬ માં પ્રથમ વાર વડાપ્રધાન પદ પર ચૂંટાઈ આવેલા ઈન્દિરા ગાંધીના જીવનમાં રાજકારણમાં અનેક પડકારો હતાં છતાં તેમણે ખૂબ જ કુનેહથી વડાપ્રધાન પદ શોભાવ્યું હતું ! તેઓ સામાજવાદી વિચારધારાથી પ્રભાવિત હતાં અને ૧૪ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું ! રાજકીય સાલિયાણા નાબૂદ કરેલા અને વર્ષ ૧૯૭૧ માં રશિયા સાથે મૈત્રી કરાર કરીને અમેરિકા અને પાકિસ્તાનને પડકાર ફેંકેલો ! વર્ષ ૧૯૭૧ માં બાંગલાદેશ પર ભારતે કબજો કરી ત્યાંના નેતા શેખ મજબુર રહેમાનને બાંગલાદેશને વિધિવત સોંપણી કરી હતી અને પાકિસ્તાનના બે ટુકડા કરી નાંખ્યા ! વર્ષ ૧૯૭૨ માં ભારતરત્ન એવોર્ડ મળ્યો ! વર્ષ ૧૯૭૫ માં અલ્હાબાદ હાઈકોર્ટના ચૂકાદા પછી ઈન્દિરા ગાંધીએ કટોકટીની જાહેરાત કરી ! વર્ષ ૧૯૭૭ માં કોંગ્રેસનો પરાજય થયો !! વર્ષ ૧૯૮૦ માં કોંગ્રેસે ઈન્દિરા ગાંધીના નેતૃત્વ હેઠળ પુનઃ બહુમતી મેળવી વડાપ્રધાન બન્યા ! વર્ષ ૧૯૮૨ માં એશિયાડનું આયોજ કર્યુ ! વર્ષ ૧૯૮૩ માં અલિટન રાષ્ટ્રોની ૭ મી પરિષદના પ્રમુખ બન્યા ! પંજાબમાં અકાલીઓની તાકાત બનેલ જરનૈલ સિંહ ભીદરાન વોલે ઉદ્દામવાદી શિખોનો ઉશ્કેરીને ત્રાસવાદને જન્મ આપ્યો ! અને શિખોના ધાર્મિક સ્થળ સુવર્ણ મંદિરમાંથી ખુનામરકી, લુંટફાટ, ત્રાસવાદી પ્રવૃત્તિ કરતાં ભારતના વડાપ્રધાન તરીકે શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાની ફરજ બજાવતા નાછૂટકે સુવર્ણ મંદિરમાં લશ્કર મોકલી આતંકવાદીઓનો સફાયો કરાવ્યો ! કહેવાય છે કે, ૮૦૦ જેટલાં આંતકવાદીઓનો સફાયો કરી દેશની એકતા અને અખંડિતતા પ્રસ્થાપિત કરી ! પરંતુ તા. ૩૧-૧૦-૧૯૮૪ માં તેમણે શિખ અંગરક્ષકોને બદલી ના નાંખ્યા પણ છેવટે તેઓ શહીદ થયા ! આ કોંગ્રેસનો પારિવારિક ઈતિહાસને ભારતના વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીએ આગળ વધારતા તેઓ પણ તામિલ ઉગ્રવાદીઓના હસ્તે શહીદ થયા ! આમ મહાત્મા ગાંધી, ઈન્દિરા ગાંધી, શ્રી રાજીવ ગાંધીએ દેશમાં શહીદીનો ઈતિહાસ બનાવ્યો !!

કોંગ્રેસ મહામંત્રી શ્રીમતી પ્રિયંકા ગાંધીમાં ઈન્દિરાજીનું વ્યક્તિત્વ જોતાં પ્રજાજનો તેની સભામાં ઉમટી પડે છે ! આ જોતાં પ્રિયંકા ગાંધી કોંગ્રેસમાં સમય જતાં નવા પ્રાણ પુરી શકશે ?!

વર્ષ ૨૦૨૪ ની ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીના વ્યક્તિત્વને મતદારો, પ્રજાજનો પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની છબી નિહાળી રહ્યા છે અને તેમને સાંભળવા પણ લોકો સ્વંયભૂ આવે છે ! તાજેતરમાં પ્રિયંકા ગાંધીએ પ્રવચનમાં કહ્યું છે કે, કોંગ્રેસનું ૫૫ વર્ષ શાસન રહ્યું ! તમારી મિલકત કોઈએ લઈ લીધી છે ?! ઈન્દિરા ગાંધીએ યુદ્ધ દરમ્યાન પોતાનું સોનું દેશને આપી દીધું હતું અને મારી માતાએ દેશના ચરણોમાં પોતાનું મંગળસૂત્ર આપી દીધું છે ! તેનાથી પ્રજા ખૂબ જ પ્રભાવિત થઈ હતી અને તેમનું વર્તન પણ હૃદયસ્પર્શી છે તે જોતાં કોંગ્રેસને આગળ જતાં સહાયરૂપ થશે એવું મિડીયા જગતને પણ લાગે છે ! તેમના વ્યક્તિત્વના જુદા જુદા અખબારોમાં વિધેયાત્મક નોંધ લેવાઈ રહી છે !! અને તેમના વ્યક્તિત્વમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીનો અહેસાસ લોકોને થાય છે !! એટલું જ નહીં રાયબરેલીમાં અને અમેઠીમાં લોકો વચ્ચે જઈ નુકકડ સભાઓ કરે છે ! દાદી અને પિતા ગુમાવનાર પ્રિયંકા ગાંધી પ્રજાજનોને ખુલીને મળે છે એ નોંધનીય છે.

અમેરિકાના પ્રમુખ થોમસ જેફરસને સરસ કહ્યું છે કે, ×જેને તમે ×પ્રેમ× કરો છો તેના તમે ×માલિક× બની જાઓ છો અને જેની તમે નફરત કરો છો તેના ×ગુલામ× બની જાઓ છો×!! અમેરિકા, બ્રિટન, જાપાન જેવા અનેક લોકશાહી દેશોમાં ચૂંટણીએ આગામી સરકારની પોલીસી, વિદેશ નિતિ અને આંતરિક સમસ્યાઓ પર લડાય છે ! આ વખતે વર્ષ ૨૦૨૪ ની ચૂંટણીમાં શ્રી રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની જોડી કોંગ્રેસના મેનીફેસ્ટો પર પ્રચાર કરે છે જે જોતાં એવું લાગે છે કે, કોંગ્રેસે રણનિતિ બદલી છે ! અને બન્ને જણા ફકત આક્ષેપોનો જવાબ આપે છે બાકી દેશની સમસ્યાઓની ચર્ચા લોકો સમક્ષ કરે છે બન્ને ભાઈ-બહેન એકબીજાની ભીની હુંફ બન્યા છે ! રાજકારણ તો રાજકારણની જગ્યાએ છે ! પારિવારિક પ્રેમ જ માનવીને માનવતા તરફ દોરી જાય છે !!

પ્રિયંકા ગાંધી (મહામંત્રી- કોંગ્રેસ)

(પંડિત જવાહરલાલ નહેરૂ અને પુત્રી ઈન્દિરા સાથે)

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી

શ્રીમતી ઈન્દિરા ગાંધી (પૂર્વ વડાપ્રધાન- ભારત સરકાર)

બ્રિટીશરોની કુટનિતિ ! ભાગલા પાડો ને રાજ કરો ! ભારતમાં કોમવાદી પલીતો પણ બ્રિટીશરો ચાંપતા ગયા પણ પંડિત જવાહરલાલ નહેરૂ અને સરદાર પટેલની જોડીએ અખંડ ભારતની રચના કરવામાં કામિયાબ થયા ?!

મહાત્મા ગાંધી, ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી પોતાના સિધ્ધાંતોને લઈને લીધેલા નિર્ણયોને કારણે દેશ માટે શહીદ થયા એ આજના જુનીયર વકીલો કેટલા જાણે છે ?!

"કોંગ્રેસ મુકત ભારત" થાય તો દેશમાં "વિરોધ પક્ષ મુકત" ભારત થાય! શું આ લોકશાહીના હિતમાં હોઈ શકે ?!

પ્રિયંકા ગાંધીના વ્યક્તિત્વમાં હવે પ્રજા શ્રીમતી ઈન્દિરા ગાંધી જેવી છટા જૂએ છે અને રાહુલ ગાંધી પરિશ્રમી કાર્યકર છે તો શું ભવિષ્યમાં કોંગ્રેસમાં તેઓ પ્રાણ પુરી શકશે ?!

આ લેખોમાં પ્રગટ થતાં વિચારો લેખકના પોતાના છે **વેસ્ટર્ન ટાઈમ્સ**તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

આપની આજ
મંગળવાર
તા.૧૪-૫-૨૦૨૪

મેષ:- પરદેશ સાથેના આયાત નિકાસના કામોમાં લાભ થવાનો છે. પરદેશ જવા માટેના કામકાજમાં સફળતા મળવાની છે.

વૃષભ:- આપના પિતૃક કામકાજ તેમજ વિલવારસાઈના કામકાજમાં અવરોધ આવશે.

મીથુન:- આજે આપને આપના મોટાભાઈ તેમજ વડીલ વર્ગથી ધન લાભ થાય તેમ છે. તમામ પ્રકારના કાર્યોમાં ગતી આવે.

કર્ક:- આપના દામ્પત્ય જીવનમાં અહમ્‌નો ટકરાવ થવાનો આપના જીવનસાથીના આરોગ્યના પ્રશ્નો ઉભા થાય.

સિંહ:- આજે આપના શ્વસુર પક્ષ તરફથી સારો સહકાર મળવાનો છે. દિવસ આનંદમાં પસાર થવાના પ્રબળ યોગ છે.

કન્યા:- આપને ભાગીદારો સાથે તેમજ ભાગીદારીના કાર્યોમાં સાવધાની રાખી કામ કરશો.

તુલા:- આપના સંતાનોનું મોસાળ અથવા આપના મોસાળ પક્ષ તરફથી ચિંતાકારક સમાચાર મળે. દિવસ મધ્યમ પસાર થાય.

વૃશ્ચિક:- આપના સંતાનો માટેના કામોમાં આપને સફળતા મળશે. દૈનીક આવકમાં ઘણો સારો વધારો થવાનો છે.

ધન : આપના માતા પિતા માટે પ્રવાસ તેમજ તીર્થયાત્રાનું આયોજન સફળ થાય માતા પિતાના અન્ય કામોમાં સફળતા મળશે.

મકર:- આપના ભાઈ બહેનો સાથેના સંબંધો સુધવરાના યોગ છે દામ્પત્ય જીવનમાં આવેલી સમસ્યાઓ સુખદ રીતે ઉકલશે.

કુંભ:- આપના આરોગ્યમાં નાક, કાન, ગળુ તેમજ આંખની તકલીફ થઈ શકે છે શારીરિક તકલીફમાં બેદરકારી આપને હેરાનગતીમાં વધારો કરી શકે છે.

મીન:- આજે આપના આરોગ્યના પ્રશ્નો ઉભા થવાના છે તેમજ નોકરીના સ્થળે અથવા ધંધા વ્યવસાયના સ્થળે આપને નુકશાન થાય.

મુખ્યમંત્રીના હસ્તે અમદાવાદમાં વિદ્યાભારતી સ્કૂલ ઓફ એકસિલન્સનું ભૂમિ પૂજન સંપન્ન થયું

વિદ્યાભારતી સ્કૂલ ઓફ એકસિલન્સ એ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે બાળકોના ચારિત્ર્ય નિર્માણનું પણ કામ કરશે : ભૂપેન્દ્રભાઈ પટેલ

(માહિતી) અમદાવાદ,

અમદાવાદમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિદ્યાભારતી સ્કૂલ ઓફ એકસિલન્સનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિદ્યા ભારતી સંસ્થા વિશે વાત કરતા કહ્યું કે, વિદ્યાભારતી સ્કૂલ ઓફ એકસિલન્સ એ વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે બાળકોના ચારિત્ર્ય નિર્માણનું પણ કામ કરી રહી છે. આ સંસ્થા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે હંમેશા તત્પર રહી છે અને આગળ આવીને અનેક સામાજિક પહેલ પણ કરી છે, જેનું તાજું ઉદાહરણ મણીપુરની ઘટના બાદ ત્યાંના વિદ્યાર્થીઓ માટે આ સંસ્થાએ ઘણું એવું સારું કામ કર્યું છે. રાષ્ટ્ર પ્રથમના ભાવથી આગળ વધવું હોય ત્યારે વિદ્યાભારતી જેવી સંસ્થા ખૂબ ઉપયોગી સાબિત થશે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશમાં ચાલી રહેલા લોકશાહી પર્વની ઉજવણી કરવા બદલ સૌ કોઈ ગુજરાતીઓને અભિનંદન પણ પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે, આ વખતના ઈલેક્શનમાં કેટલાય વર્ષો પછી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસ કામોને ધ્યાનમાં રાખીને સૌ કોઈ દેશવાસીઓ એ એકદમ કિલયારિટી સાથે વોટ આપ્યા છે. રાષ્ટ્રને આગળ લઈ જવા માટે સૌ કોઈએ દેશ ભાવના અને દેશભક્તિ સાથે આગળ વધવું જોઈએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રીએ અંગ્રેજી અને ગુજરાતી મીડીયમના પ્રભાવ પર વાત કરતાં કહ્યું કે, આજે પ્રભાવ તરીકે જે ઉભું થયું છે એ ઈંગલિશ એક સબજેક્ટ છે, અન્ય એવા કેટલાય વિષયો છે જેમાં આગળ વધી શકાય એમ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયમાં જે ભાષા ચાલતી હોય તેમાં જ ડોક્ટરી પદવી મેળવી શકાય તેવી વ્યવસ્થા પણ કરી છે. ગુજરાતમાં તમામ સિલેબસ માતૃભાષા ગુજરાતીમાં તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ભૂપેન્દ્રભાઈ પટેલે પટેલે કહ્યું કે, આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકાસની સાથે વિરાસત એટલે કે સંસ્કૃતિને પણ જોડી દેવામાં આવી છે. આ સંસ્કૃતિના મજબૂત પાયા પર શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં દેશ આજે દરેક સેક્ટરમાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે અને સમગ્ર દેશ તેમજ દુનિયા આજે ભારતના વિકાસને જોઈ પણ રહી છે. આ કાર્યક્રમમાં વિદ્યાભારતી સ્કૂલ ઓફ એકસિલન્સ માટે પોતાનું તન, મન અને ધન અર્પણ કરનાર દાત્તાશ્રીઓનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ હસ્તે સન્માન પણ કરવામાં આવ્યું હતું.

વિદ્યાભારતી સ્કૂલ ઓફ એકસિલન્સનું ભૂમિ પૂજન કાર્યક્રમમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભા જૈન, વિશેષ અતિથિ તરીકે વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાનના ઉપાધ્યક્ષ શ્રીમતી સાધનાબેન ભંડારી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પશ્ચિમ ક્ષેત્ર સહકાર્યવાહ શ્રી યશવંતભાઈ ચૌધરી, હેસ્ટર બાયોસાયન્સ લિમિટેડના સ્થાપક, સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજીવભાઈ ગાંધી, વિદ્યા ભરતી ગુજરાત પ્રદેશના અધ્યક્ષ શ્રી ડો. નીતિનભાઈ પેથાણી, વિદ્યાભારતીના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ઝવેરી, વિદ્યાભારતીના ઉપાધ્યક્ષ શ્રી ચિરંજીવીભાઈ પટેલ, વિદ્યાભારતીના મંત્રી શ્રી વિજયભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા.

સુપ્રીમ કોર્ટ દ્વારા કેદીઓ માટે ખુલી જેલની તરફેણ કરાઈ

જેલોમાં ભીડભાડ અને કેદીઓના પુનવર્સનની સમસ્યાનું સમાધાન થવાનો કોર્ટનો દાવો

(એજન્સી) નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કહયું કે ખુલ્લી જેલોસ્થાપિત કરવી જેલોમાં ભીડભાડ ઓછી કરવાનું સમાધાન હોઈ શકે છે. ખુલ્લી જેલ હોવાથી કેદીઓના પુનવર્નના મુદાનું પણ સમાધાન થઈ શકે છે. અર્ધ-ખુલ્લી અથવા ખુલી જેલ સીસ્ટમ હેઠળ દોષીઓની દિવસ દરમ્યાન જેલ પરીસરની બહાર આજીવીકા કમાવવા અને સાંજે પરત ફરવાની મંજૂરી હોય છે.આ ધારણાને દોષીઓને સમાજમાં આત્મસાત કરવા અને તેમની પરના મનોવિજ્ઞાનીક દબાણને ઘટાડવા માટે લેવાઈ હતી કારણ કે કેદીઓએ બહાર સામાન્ય જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેલો અને કેદીઓ સંબંધીત એક અરજી પર સુનાવણી કરતા ન્યાયમુર્તિ બીઆરગાવઈ અને ન્યાયમુર્તિ સંદીપ મહેતાની બેન્ચે કહયું હતું કે તે દેશભરમાં ખુલ્લી જેલોની હાજરીનો વિસ્તારર કરવા માગે છે. બેન્ચે કહયું હતું કે જેલમાં ભીડભાડની સમસ્યા એક સમાધાન ખુલ્લી હવાદાર જેલો કેમ્પોની સ્થાપના કરવી હોઈ શકે છે. તે સીસ્ટમ રાજસ્થાનમાં સારીરીતે કામ કરી રહી છે. જેલની ભીડની સમસ્યાના સમાધાન ઉપરાંત તે કેદીઓને પુનવસનાના મુદાનું પણ સમાધાન કરે છે. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે તે જેલ અને જેલ સુધારાઓ સાથે સંબંધીત મુદાઓ પર નહી જાય જે પહેલાથી જ કેટલીક અરજીઓમાં કોર્ટ સામે પડતર છે.

સુનાવણી દરમ્યાન અમેકીસ કયુરી વિજયય હંસારીયાએ કહયું હતું કે દોષીઓને આ વાતી સુચના નથી આપતી કે તેમને કાનુની સેવા ઓથોરીટીના માધ્યમથી અપીલ કોર્ટનો સંપર્ક કરવાનો અધિકાર છે. બેન્ચે કહયું હતું કે જો સમગ્ર દેશમાં એક સમાન ઈ-પ્રીઝન મોડયયુલ હોય તો આમાની ઘણી બાબતોને ઉકેલ શકાય છે. અમેરીકા-કયુરીએ કહયું હતું કે વ્યાપક જેલ મેનેજમેન્ટ સીસ્ટમ ઈ-પ્રીઝન મોડયુલના મુદાને એક સમન્વય બેન્ચ દ્વારા ઉકેલવામાં આવી રહયો છે. બેન્ચે તેની પર કહયું હતું કે અમે આ કાર્યવાહીમાં ખુલ્લી જેલોના મુદે પણ વિચાર કરીશું.

વધતા તાપમાન સાથે ઉધઈની વસ્તીમાં પણ વધારો

દર વર્ષે વિશ્વમાં રૂ.ત્રણ લાખ કરોડથી વધુનું નુકશાન પહોંચાડે છે

વિશ્વના મોટાભાગના શહેરો ઉધઈની ઝપટમાં આવી રહયા છે. વધતું તાપમાન ઠંડા ક્ષેત્રોને પણ ઉધઈ માટે અનુકુળ બનાવી રહયું છે

(એજન્સી) નવીદિલ્હી,

કલાઈમેન્ટટ ચેન્જ સાથે જ દુનિયાભરમાં ઉધઈનો ત્રાસ પણ ઝડપથી વધી રહયો છે. વિશ્વના મોટાભાગના શહેરો નાના પણ વિનાશકારી અને આકમક એવા કીટાણું ઉધઈની ઝપટમાં આવી રહયા છે. વધતું તાપમાન ઠંડા ક્ષેત્રોને પણ ઉધઈ માટે અનુકુળ બનાવી રહયું છે.

ઉધઈના કારણે દુનિયાભરમાં દર વર્ષે રૂ.૩,૩૩,૭૧૫ કરોડ ચાર ડોલર થી વધુનું નુકશાન થઈ રહયું છે. નિયોબોટા નામની જર્નલમાં પ્રકાશીત થયેલા એક રીસર્ચ સ્ટડીથી આ માહિતી સામે આવી છે. વૈશ્વીક સ્તરે જે રીતે હવામાન બદલાઈ રહયું છે. અને દુનિયા ગરમ થઈ રહી છે. તેના કારણેઆ આ આકમક જીવ એવા શહેરોમાં પણ ઝડપથી ફેલાઈ રહયો છે. જે જયાં પહેલાં તેનું નામોનિશાન નહોતું. આવા શહેરોમાં સાઓ પાઉલો, લાગોસ, મિયામી, જકાર્તા અને ડાવીન જેવા ગરમ શહેરોની સાથોસાથ લંડન પેરીસ, બ્રસેલ્સ ન્યુયોર્ક સામાન્ય રીતે ઉષ્ણકટીબંધીય શહેરો પણ સામેલ છે. સામાન્ય રીતે ઉષ્ણકટીબદ્ધોય આબોહવામાં થતી ઉધઈ હવે વધતી જતી કનેકટીવીટી અને આબોહવામા

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ મોડાસા દ્વારા પ્રીમિયર સભ્યોનો મિલન સમારોહ યોજાયો

મોડાસા,

શ્રી કટલરી કરિયાણા મર્ચન્ટ સહકારી શરાફી મંડળી લિ. મોડાસાના પ્રીમિયર સભ્યોનો સત્કાર અને મિલન સમારંભ મોડાસા હાઈસ્કૂલના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંડળીના ચેરમેનની નાદુરસ્ત તબિયતના કારણે કાર્યક્રમનું અધ્યક્ષસ્થાન ઈસ્માઈલભાઈ દાદુએસંભાળ્યું હતું. કાર્યક્રમમાં મંચસ્થ મહાનુભાવોમાં ડો. મુકુંદભાઈ વી.શાહ, બિપીનભાઈ આર.શાહ, નલીનીબેન શેઠ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં પ્રાર્થના બાદ સ્વાગત-પ્રવચન ઈસ્માઈલભાઈ દાદુએ કર્યું હતું તથા તમામ મહેમાનોનું ફુલછડીથી સ્વાગત

મંડળીના તમામ સ્ટાફને એસો.ના ૫૦ વર્ષ નિમિત્તે એક માસનો પગાર બોનસ તરીકે અપાયો

કરવામાં આવ્યું હતું ત્યારબાદ મંડળીની પ્રગતિનો અહેવાલ મેનેજિંગ ડિરેકટર રમણભાઈ પ્રજાપતિએ આપ્યો હતો. મંડળીના મેનેજર નરેશભાઈ શાહે મંડળીની કાર્ય પ્રણાલીથી સૌને વાકેફ કર્યા હતા. કાર્યક્રમમાં મંડળીના તમામ સ્ટાફને એસોસિયેશનના ૫૦ વર્ષ નિમિત્તે એક માસનો પગાર બોનસ તરીકે આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોમાંથી બિપીનભાઈ શાહ, ડો. મુકુંદભાઈ શાહ, નલિનીબેન શેઠ, અફતાબભાઈ દુરાની, એડવોકેટ રાજુભાઈતમજ મયુરભાઈ બુટાલાએ મંડળીની કાર્યપ્રણાલી અને પ્રગતિથી સંતોષ વ્યકત કર્યો હતો એવી શુભેચ્છાઓ પાઠવી હતી કાર્યક્રમના અંતે તમામને એક આકર્ષક ગિફ્ટ આપવામાં આવી હતી. કાર્યક્રમ સંચાલન ડિરેકટર મુકુન્દ એસ. શાહે કર્યું હતું. આભાર દર્શન ડિરેકટર મનીષ કે ભાવસારે કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને આહવાન કરવામાં આવ્યું હતું કે, આપ આ મંડળીના સભ્ય બનો અને મંડળીની પ્રગતિમાં ભાગીદાર બનો તેવી અપેક્ષા સેવામાં આવી હતી. કાર્યક્રમમાં સૌએ ચેરમેન જલ્દીથી સાજા થઈ જાય અને મંડળીની કમાન સંભાળી લે તેવી શુભેચ્છાઓ વ્યકત કરી હતી. કાર્યક્રમમાં એમ.ડી. રમણભાઈએ જાહેર કર્યું કે જે કોઈ વ્યક્તિઓ તારીખ ૩૧.૧૨.૨૪ સુધીમાં ડિપોઝિટ મુકીને અથવા મોટું ધિરાણ લઈને સભ્ય બનશે તેમને આગામી મંડળીની સભાસદ ભેટમાટે માન્ય ગણવામાં આવશે. આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ વ્યક્તિઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પાલનપુરના મોટા ગામે બે માસનું ત્યજેલુ બાળક મળ્યું

પાલનપુર,

મધર્સ ડે ના પૂર્વ રાત્રિના સમયે પાલનપુર-ડીસા હાઈવે પર આવેલા મોટા ગામે ખેતર પાસે ઝાડ નીચે કોઈ અજાણી મહિલાએ બે માસના જીવિત બાળકને ફેંકી દીધું હતું. વહેલી સવારે જાણ થતાં ગ્રામજનોએ ૧૦૮ મારફતે બાળકને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયું હતું. આ અંગે ખેતર માલિકે ગઢ પોલીસ મથકે અજાણી મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી. મધર્સ ડેની પૂર્વ રાત્રિએ જ બાળકને ત્યજી દેનાર માતા પર લોકો ફિટકાર વરસાવી રહ્યા હતા.

પાલનપુર-ડીસા હાઈવે નજીક આવેલા મોટા ગામે ચંદનજી ખોડાજી ઠાકોરના ખેતરના દરવાજાની બહાર ઝાડ નીચે શનિવારે રાત્રે એટલે કે મધર્સ ડેની પૂર્વ રાત્રિએ કોઈ અજાણી મહિલા બે માસના જીવિત બાળકને કપડામાં વિંટાળી મૂકીને જતી રહી હતી. વહેલી સવારે આ અંગેની જાણ થતાં ગ્રામજનોનું ટોળું એકત્ર થઈ ગયું હતું અને ૧૦૮ને બોલાવી બાળકને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું.

આ અંગે ગામના નરેશજી વણવીરજી ઠાકોરે ગઢપોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આથી પોલીસે બાળકના માતા-પિતાની શોધખોળ હાથ ધરી છે.

કેબિનેટ મંત્રી સહિત ગુજરાતના મંત્રીઓ ઓરિસ્સા ખાતે ચૂટણી પ્રચારમાં લાગ્યા

(પ્રતિનિધિ) મોડાસા,

આગામી લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રચારના ભાગરૂપે, આજે ઓડિશાના કેન્દ્રપારા લોકસભાના ઉમેદવાર બૈજયંત પાંડાની અધ્યક્ષતામાં અને ઓડિશાના પ્રભારી શ્રી વિજયપાલ તોમર અને કેન્દ્રપરા લોકસભાના પ્રભારી શ્રી દેવુસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારની બેઠક યોજાઈ હતી.

કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર જી, કેન્દ્રપરા લોકસભા સીટ માટે પ્રચાર અભિયાન યોજવામાં આવ્યું હતું, મુખ્ય કાર્યકરો સાથે આયોજિત બેઠકમાં, તેમણે તમામ મુખ્ય કાર્યકરો સાથે વાતચીત કરી હતી અને તેમને માર્ગદર્શન આપ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને 'આ વખતે ૪૦૦ પાર કરીશું' ના નારા સાથે ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે કટિબદ્ધ છે. આ બેઠકમાં ગુજરાત સરકારના મંત્રીઓ શ્રી ભીખુસિંહજી પરમાર જી, શ્રી કુંવરજી હળપતિ, વિધાનસભા બેઠકોના તમામ ઉમેદવારો, તમામ વિધાનસભા બેઠકોના સંયોજકો, સહ સંયોજકો, કેન્દ્રપરા લોકસભાના મુખ્ય અધિકારીઓ, સ્થાનિક આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

બાલીસણામાં સાયબર ક્રાઈમ અવેરનેસ સેમિનાર યોજાયો

પાટણ,

સાયબર ક્રાઈમ પો.સ્ટે. પાટણ દ્વારા બાલીસણા ખાતે ૧૫૦૦ વિદ્યાર્થી, વિદ્યાર્થિનીઓ સહિત ગ્રામજનો માટે સાયબર ક્રાઈમ કઈ રીતે થાય છે? તેમજ સાયબર ક્રાઈમના કેટલા પ્રકારો છે? તેને કેવી રીતે ઓળખી શકાય? સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયોની વિગતવાર માહિતી પ્રદાન કરી સમજાવવામાં આવેલ. જેમાં વિવિધ પ્રકારના સાયબર ક્રાઈમ જેવા કે વિશીંગ કોલ, ફિશીંગ, ઈ-મેઈલ સ્પુફીંગ, સીમ-કાર્ડ કલોનીંગ, ઈન્સટન્ટ લોન એપ, ઓનલાઈન શોપીંગ ફ્રોડ, ફેક વેબસાઈટ, જોબ ફ્રોડ, ટેલીગ્રામ ટાસ્ક ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ વિગેરે ક્રાઈમથી વાકેફ કરવામાં આવ્યા હતા.

આ સાથે સાથે તમામને સોશીયલ મીડીયા, મોબાઈલ સંબંધિત ક્રાઈમથી તેમજ પ્રાઈવસી સીટીંગ્સથી વાકેફ કરવામાં આવેલ તેમજ ફેક સોશિયલ મીડિયા એકાઉન્ટ તથા ફેક વેબસાઈટથી થતી ડેટા ચોરી તથા ક્રાઈમની સમજ આપવામાં આવી હતી.

સુરક્ષા સાથે પ્રમાણિકતા પૂરવાર કરતી અંબાજી પોલીસે યાત્રિકને રૂા. ૩૦ હજાર પરત કર્યા

પાલનપુર,

યાત્રાધામ અંબાજીમાં ગત ૩૦ માર્ચે અંબાજી દર્શનાર્થે આવેલા નાસિકના યુગલ શ્રદ્ધાળુ માતાજીના દર્શન કર્યા બાદ મંદિર બહાર ફોટા પડાવવાના ચકકરમાં રૂપિયા ૩૦ હજાર રકમ ભરેલી થેલી મંદિર આગળ ભૂલીને ચાલયા ગયા હતા ને જે બાબતે તેમને પોતાના રોકડ નાણાં ખોયા હોવાની પોલીસને જાણ કરવામાં આવી હતી અને શ્રદ્ધાળુ પરત નાસિક ચાલ્યા ગયા હતા.

અંબાજી મંદિરની સઘન સુરક્ષા પોલીસે સીસીટીવી કેમેરાની તપાસ કરતા પીળા રંગની પ્લાસ્ટિકની થેલી કોઈ શ્રદ્ધાળુ ભુલી ગયા હોવાનું જોવા મળ્યું હતું જેને પોલીસે તપાસ હાથ ધરતા થેલીમાં રૂા.૫૦૦, ૫૦૦ની ૬૦ નોટો જોવા મળી હતી. કોઈક શ્રદ્ધાળુએ જાણવા જોગ પોલીસને આ ખોવાયેલા નાણાં બાબતે જાણ કરતા હોવાની બાબત ધ્યાને આવતા મંદિરના પીએસઆઈ માયાબેન વ્યાસે નાસિક ચાલ્યા ગયેલા યાત્રિકને ટેલિફોનિક જાણ કરી ૧૦ દિવસ બાદ ભૂલી ગયેલા નાણાં પરત કરી માનવતાનો દાખલો બેસાડયો છે. યાત્રિકે આજના સમયમાં ૩૦ હજાર રકમ હેમખેમ પૂરેપૂરી પરત મળતા પોલીસની પ્રશંસા કરી હતી. અંબાજી મંદિરની સઘન સુરક્ષા પોલીસે યાત્રિકો સાથેનો માનવતાભર્યો દાખલો બેસાડયો હતો. આ કામગીરીમાં પીએસઆઈ માયાબેન વ્યાસ, સીસીટીવી ઈન્ચાર્જ નવીન ભાંડવા, કિર્તીભાઈ એએસઆઈ, નેતાભાઈ બેઘડિયા, હરીશચંદ્ર તેમજ કાવ્યાબેને જહેમત ઉઠાવી હતી.

નાસિકના માઈભક્ત રોકડ ભરેલી થેલી મંદિરમાં ભૂલી ગયા હતા

વેસ્ટર્ન ટાઇમ્સ ના વાચકો જોગ

અનોખી ભેટ યોજના

શું તમે વેસ્ટર્ન ટાઇમ્સ છ મહિના માટે મફત મેળવવા માગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠા ટપાલથી મફત મેળવો.

આજનો લકી નંબર ૩૪૦ ૬૮૯

નોંધઃ આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

એચ.આઈ.વી. પોઝીટીવ બહેનો-માતાને રાશનકીટ વિતરણ કરાઈ

પાલનપુર,

થરાદ રેફરલ હોસ્પિટલ ખાતે ચાલતા લીક એ.આર.ટી. સેન્ટર ખાતે રપ જેટલા જરૂરિયાતમંદ એચ.આઈ.વી. પોઝીટીવ માતા બહેનોને રાશનકીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં લીંક એ.આર.ટી. સેન્ટર થરાદ ઈન્ચાર્જ ડો. કુલદીપ માથુર સાહેબ અને બનાસ એન.પી.પ્લસ સંસ્થાના ઉપપ્રમુખ જયશ્રીબેન પુરોહિત અને કાઉન્સિલર પૂર્વભાઈ મોદી અને એસ.ટી.આઈ કાઉન્સિલર વિષ્ણુભાઈ સુથાર ખાસ હાજર રહ્યા હતા. તેમાં દાતા શ્રી જેતસીભાઈ પટેલ સરપંચ ધ્રેસડા ગામ અને એ.પી.એમ.સી.ના ડિરેકટરએ અંદાજિત ૧૨૦૦ રૂપિયાની એક કીટ એમ કુલ રપ કીટો આપી જેમાં ૨ કિલો ચોખા, ૧ કિલોમગ, ૧ કિલો ચણા, ૧ કિલો ગોળ, ૫૦૦ ગ્રામ ચા, ૫૦૦ ગ્રામ મરચું, ૨.૫૦ ગ્રામ હળદર, ૧ કિલો તેલ, ૧ કિલો દાળ હતી.

તેમાં વિહાન પ્રોજેકટના ધાનેરાથી હેલ્થ પ્રમોટર શ્રી વર્ષાબેન જોષી અને વાવના હેલ્થ પ્રમોટર રોશનીબેન વાઘેલા હાજર રહ્યા હતા. આખા પ્રોગ્રામને સફળ બનાવવા રણજીતભાઈ રાજપુરોહિત હેલ્થ પ્રમોટર થરાદ અને લાખણી પ્રોગ્રામને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. એલ.એ.સી. ઈન્ચાર્જ ડો. કુલદીપ માથુર સર દ્વારા દરેકને એ.આર.ટી. દવાની નિયમિત લેવી એ વિશે સમજાવ્યા અને વિહાન પ્રોગ્રામનો આભાર માનવામાં આવ્યો જે લોકોને હરહંમેશ મદદરૂપ થાય છે.

ડીસા પંથકની છાત્રાને પતિની હત્યાની ધમકી આપી બસ ડ્રાઈવરે આચર્યું દુષ્કર્મ

નવસારી,

નવસારીમાં ફાઈન આર્ટસમાં અભ્યાસ કરતી ડીસા પંથકની છાત્રા પર બરોડાના ખાનગી બસ ચાલકે ઉત્તર ભારતની ટૂર દરમિયાન દુષ્કર્મ ગુજાર્યું હતું.

ડીસા પંથકની યુવતીના લગ્ન નવસારીમાં થયા હતા જે વર્તમાન સમયે તેના પતિના ઘરે રહી ફાઈન આર્ટસમાં અભ્યાસ કરી રહી છે જે નવસારીથી તેના પતિ સહિતના મિત્રો સાથે ખાનગી બસમાં ઉત્તર ભારતની ટુરમાં ગઈ હતી ત્યારે સાથેની બીજી બસનો ચાલક વડોદરાનો ઈમરાનખાન કાસમ હુસેન ઘોરીએ તેણી સાથે પરિચય કેળવી તેણીના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં દોરેલા પેઈન્ટિંગના વખાણ કરી નજીક આવ્યો હતો જે પછી મોબાઈલ નંબર મેળવી વાતો કરી વિશ્વાસ કેળવ્યો હતો જે દરમિયાન તેનું પોત પ્રકાશ્યું હતું અને છાત્રાના પતિની હત્યા કરવાની ધમકી આપી સ્લિપર સીટમાં તેણીની ઉપર દુષ્કર્મ આચર્યું હતું જે પછી તેણી એસ.ટી.બસમાં આવતી હતી ત્યારે પણ સ્લિપર કોચમાં દુષ્કર્મ આચર્યું હતું. ત્રીજી વખત તે બસમાં આવતી હતી ત્યારે રસ્તામાં તે કાર લઈને આવ્યો હતો અને કારમા બેસાડી સેંથામાં સિંદુર પુરી પત્ની બનાવી રસ્તામાં બે વખત દુષ્કર્મ આચર્યું હતું. ત્રાસથી કંટાળી છાત્રાએ ઝેરી દવા પી લેતા ડીસાની હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી જયાં તેણે બસ ચાલક સામે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ડીસા પોલીસે આરોપીની અટકાયત કરી કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

ઉત્તર ભારતની ટૂર દરમિયાન પરિચય કેળવી ફસાવી જાળમાં

મોડાસાના મરડિયા જીતપુરનું અને ચૌધરી સમાજનું ગૌરવ

મોડાસા,

મોડાસા તાલુકાના જીતપુર (મહેતાગામ)ના રહીશ નવજીભાઈ પટેલના પુત્ર માધવ નવજીભાઈ પટેલેમોડાસાની એચ.આઈ.ટાઢા મદની હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કરીને એચએસસી માર્ચ-૨૦૨૪ની પરીક્ષામાં ૯૯.૮૯ટકા પર્સન્ટાઈલ હાંસલ કરીને સમગ્ર શાળામાં ગૌરવવંતુ પ્રથમ સ્થાન મેળવ્યું છે તેણે જીતપુર ગામનું નામ અને ચૌધરી સમાજનું નામ રોશન કર્યું હતું શાળાના નામ સંચાલક મંડળ, આચાર્ય તેમજ સ્ટાફે એને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી

પાલનપુર નજીક ચડોતર ગામમાં બે પુત્રોએ પિતાના જીવતે જીવ ખેતરમાં પ્રતિમા મુકાવી

પાલનપુર,

પાલનપુર નજીક ચડોતર ગામમાં બે દીકરાઓએ પિતાની હયાતીમાં ખેતરમાં આવેલા નિવાસ આગળ વિયતનામના ખાસ પથ્થરથી ઉદયપુરના કારીગરો દ્વારા છ મહિનાની મહેનત બાદ બનેલી પ્રતિમા મુકાવી છે. પિતાજીના જીવતેજીવ આવી પ્રતિમા મૂકતાં લોકોને પણ નવાઈ લાગે છે.

મૂળ ચડોતર ગામના ૭૫ વર્ષના રાયસંગભાઈ કરેણને બે દીકરા અને ત્રણ દીકરીઓનો હર્યો ભર્યો સંસાર છે. પરિવારજનોએ સમાજને ઝલો કરવાનું નકકી કર્યું. ચડોતર ખોડલા બાદરપુરા કુષ્કલ સહિતના ૧૦ ગામના ૧૧ હજારથી વધુ લોકોનો જમણવાર કરી ખેતરમાં જ પિતા રાયસંગભાઈની હૂબહૂ પ્રતિમા બનાવવાનું નકકી કર્યું. ઉદયપુરના શ્રેષ્ઠ કારીગરો પાસે રાયસંગભાઈને લઈ ગયા. રાયસંગભાઈના પુત્ર હસમુખભાઈએ જણાવ્યું કે વિયેતનામના ખાસ પથ્થરનો ઉપયોગ કરી છ મહિનાના પરિશ્રમ બાદ હૂબહૂ પ્રતિમા તૈયાર થઈ હતી. બે લાખની પ્રતિમા અને બે લાખનું સ્ટ્રકચર એમ ચાર લાખના ખર્ચે અમારા ઘર આગળ પ્રવેશ દ્વારની સામે જ પિતાજીની જીવતે જીવ પ્રતિમા મુકાવી. આવું કરવાનું મુખ્ય કારણ એ છે કે એમના ગયા પછી પિતાજી વિશે કંઈ પણ કરીએ તે નકામું છે એમની હયાતીમાં જ કરીએ તો કરેલું લેખે લાગે.

વિયેટનામના પથ્થરથી ૬ મહિને હૂબહૂ પ્રતિમા તૈયાર કરાઈ

મોડાસાની કરીમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ એસએસસીનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું

(પ્રતિનિધિ) મોડાસા ,

મોડાસામાં કરીમી સબલપુર કોર્ટ રોડ ધોબીઢાળ ઉપર.આવેલ કરીમી એજ્યુકેશન ટ્રસ્ટ, મોડાસા, સંચાલિત કરીમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ મોડાસાનું ગૌરવ શાળાનું એસએસસી માર્ચ-૨૦૨૪નું ગૌરવવંતુ ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે જેમાં શાળામાં જમાદાર શીફા શરીફમોહંમદ ૯૫.૯૪ ટકા પી.આર. સાથે પ્રથમ આવેલ છે જ્યારે કમે જમાદાર દીનાજ ફાતેમા મોહંમદરફીક ૯૩.૮૮ ટકા પી.આર સાથે દ્વિતીત અને મલેક જુવેરીયા ગુલામનબી ૯૩.૦૦ ટકા પી.આર. મેળવી તૃત્તિય નંબરે આવીને શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળામાં ઉત્તીર્ણ થનાર તમામ વિધાર્થીઓને અને તેમના વાલીઓને શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે

હિંમતનગરમાં વધુ વ્યાજ વસુલ કરનાર શખસ સામે પાસા હેઠળ કાર્યવાહી

હિંમતનગર,

પોલીસ ઈન્સ્પેકટર આર.ટી. ઉદાવતે હિંમતનગર શહેરમાં સરકાર દ્વારા નિયત કરેલ દર કરતા ઉંચુ વ્યાજ વસુલ કરી અસામાજીક પ્રવૃતિ કરતા ઈસમ લાલભાઈ ઉર્ફે આઝાદ ચેલાજી ભાટ (ઉ.વ.૪૬, રહે. ગીરધરનગર નીરાલી હોસ્પિટલ પાછળ, હિંમતનગર) ઉપર હિંમતનગર શહેરમાં ગુજરાત મનીલોન્ડર્સ એકટ મુજબ અવાર-નવાર ગુન્હાઓ દાખલ થયેલ હોવા છતા અસામાજીક પ્રવૃતિ બંધ કરેલ ન હોઈ અને ઉંચુ વ્યાજ વસુલવાનો ધંધો કરતો હોય જેથી એ.કે. પટેલ, વિભાગીય પોલીસ અધિકારી, હિંમતનગર વિભાગની સુચના મુજબ આરોપી લાલભાઈ (ઉ.વ.૪૬, રહે. ગીરધરનગર નીરાલી હોસ્પિટલ પાછળ, હિંમતનગર) વિરૂદ્ધ પાસા એકટ હેઠળ દરખાસ્ત તૈયાર કરાવી પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. સાબરકાંઠા હિંમતનગર તથા પોલીસ અધિક્ષક સાબરકાંઠા હિંમતનગર મારફતે જિલ્લા મેજીસ્ટ્રેટ સાબરકાંઠા હિંમતનગર તરફ મોકલી આપતા તેઓ દ્વારા ઈસમ વિરૂદ્ધ પાસા હેઠળ અટકાયત કરવા હુકમ કરતા ઈસમને એલ.સી.બી.સ્ટાફ દ્વારા પાસા હેઠળ અટકાયત કરી સ્થાનિક પોલીસને સોંપતા લાલભાઈને મધ્યસ્થ જેલ, રાજકોટ ખાતે મોકલી આપવામાં આવેલ છે.

પ્રાંતિજમાં શ્રી બ્રહ્માણી માતાજીના સાતમા પાટોત્સવની ઉજવણી

પ્રાંતિજ, પ્રાંતિજમાં શ્રી બ્રહ્માણી માતાજીના સાતમા પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ પટેલ વાસમાં આવેલ શ્રી બ્રહ્માણી માતાજીના સાતમા પાટોત્સવની ઉજવણી અંતર્ગત વહેલી સવારે યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્ય શાસ્ત્રી જીગ્નેશભાઈ સામવેદી વસઈવાળાએ શાસ્ત્રોકત વિધી અનુસાર યજ્ઞ કરાવ્યો હતો ત્યારે મંત્રોચ્ચારથી વાતાવરણ પવિત્ર બની ગયું હતું.

ઝઘડિયાના રતનપુર ગામના ઈન્દિરા આવાસના રૂપિયા બારોબાર ચાંઉ કરી જનારને ઝઘડિયા કોર્ટે ત્રણ વર્ષની સજા ફટકારી

ભરૂચ,

ઝઘડિયા તાલુકાના રતનપુર ગામની નીરૂબેન બાબુભાઈ વસાવા નામની મહિલાનું ઈન્દિરા આવાસના ૩૬૦૦૦ મંજૂર થયા હતા.તે પૈકી રતનપુર ગામના હૈદર બાદશાહ, ભૂરીબેન વસાવા, સુરેશચંદ્ર મંગળભાઈ વસાવા તથા મહેશ પાટણવાડીયા નામના ઈસમોએ ભેગા મળી મંજુર થયેલ આવાસના રૂપિયા પૈકી ૨૦,૦૦૦ રૂપિયા બેંકમાં ખોટું ખાતું ખોલાવી ઉપાડી લીધા બદલ નીરૂબેનને ફરિયાદ દાખલ કરી હતી.જેમાં બે આરોપીને ત્રણ વર્ષની સજા થઈ છે અને બે આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂક્યા છે.

બનાવની વિગત એવી છે કે નીરૂબેન બાબુભાઈ વસાવા રહે. રતનપુરના સરકાર તરફથી ઈન્દિરા આવાસ અને ૨૦૦૭-૦૮ માં મંજૂર થયેલ હતી.જે આવાસના સરકાર તરફથી રૂપિયા ૩૬,૦૦૦ મંજૂર થયેલા હોય જે નાણાં પૈકીના રૂપિયા ૨૦,૦૦૦ નો એકાઉન્ટ પે ચેક નીરૂબેન ના નામનો આવ્યો હતો.જે હૈદર બાદશાહ, ભૂરીબેન વસાવા, નાયબ હિસાબનીસ સુરેશચંદ્ર વસાવા અને મહેશ પાટણવાડીયા નાઓએ ગુનાહિત કાવતરૂ રચી તમામ કાવતરામાં સામેલ થઈ હૈદર બાદશાહ તથા મહેશ પાટણવાડીયા નાઓ ઝઘડિયા તાલુકા પંચાયતની કચેરીમાં ડીઆરડી શાખામાં જઈ નાયબ હિસાબનીશ સુરેશચંદ્ર એમ વસાવા નાયબ હિસાબનીશને મળીને તેઓ પાસેથી આવાસના લાભાર્થી અને આ કેસના ફરિયાદી નીરૂબેન નો ચેક રૂપિયા ૨૦,૦૦૦ નો માંગણી કરતા નાયબ હિસાબનીસ સુરેશચંદ્રએ પોતાની કસ્ટડીમાં ફરિયાદી બાઈનો ચેક રાખેલ હોય તે ચેક ફરિયાદી નીરૂબેન ની ગેરહાજરીમાં હૈદર સુલેમાન બાદશાહને અનઅધિકૃત રીતે આપી સરકારી રેકર્ડ ઉપર પોતાની હાજરીમાં ફરિયાદીની ઓળખાણમાં હૈદર બાદશાહની સહી લઈ? નીરૂબેનની જગ્યાએ આરોપી હૈદર સુલેમાનનો અંગૂઠો કરાવી સુરેશચંદ્ર એ પોતાની ફરજમાં નિષ્કાળજી દાખવી ગુનાહિત કૃત્ય આંચરી ફરિયાદી નિરૂબેનની ગેરહાજરીમાં રૂપિયા ૨૦,૦૦૦નો ચેક આરોપી હૈદર સુલેમાન તથા મહેશ પાટણવાડીયાઓને આપી દીધેલ હતો?.વધુમાં જે ચેક આરોપીઓ હૈદર બાદશાહ તથા ભુરીબેન નાઓ એ અવિધા ભરૂચ ડીસ્ટ્રીક બેંકમાં ફરિયાદી નીરૂબેનની ખોટી ઓળખાણ આપી નીરૂબેનના નામનું બેંકમાં બોગસ ખાતું ખોલાવી ફરિયાદી વાસ્તવમાં અભણ હોય અંગુઠાનો નિશાન કરતી હોય છતાં તેમના નામની બનાવટી સહી ભુરીબેને કરી તેમજ ફરિયાદીનો રેશનકાર્ડનો ખોટો ઉપયોગ કરી બેંકમાં ખાતું ખોલવા માટે ખોટી ઓળખાણ આપી ખાતું ખોલાવી ફરિયાદીની ઈન્દિરા આવાસના સરકાર તરફથી મળતા સહાયના રૂપિયા ૨૦,૦૦૦ નો ચેક બેંકમાં જમા કરાવી ફરિયાદી નીરૂબેન ના નામની ખોટી સહી કરી નાણાંનો ઉપાડ કરી આરોપીએ ગુનાહિત કાવતરૂ પાર પાડી એકબીજાની મદદગારી કરી હતી. આ કેસ ઝઘડિયા અધિક ફોજદારી ન્યાયાધિશ (પ્ર.વ)ની કોર્ટ માં ચાલી ગયો હતો.જેથી વિવિધ કલમ મુજબનો શિક્ષાપાત્ર ગુનો ઝઘડિયા કોર્ટની હુકુમતમાં કરેલો હતો.આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપી નંબર.૧ હૈદર સુલેમાન બાદશાહ રહે.રતનપુર તા. ઝઘડિયા જી.ભરૂચ ને તથા આરોપી નંબર.૨ મનહરભાઈ વસાવા રહે.નવા માલજીપુરા તા. ઝઘડીયા જી.ભરૂચનાઓને સીઆરપીસીની કલમ મુજબ તથા ભારતીય દંડ સંવિધાનની કલમ વંચાણે લઈ તે મુજબના ગુનામાં બંને આરોપીઓને ત્રણ વર્ષની સાદી કેદની સજા તથા બંને આરોપીને કુલ રૂપિયા ત્રીસ ત્રીસ હજારનો દંડ મળી કુલ બન્ને સજા પામેલા આરોપીઓને સાંઠેઠ હજારનો દંડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

ચાર આરોપી પૈકી બે આરોપીને ત્રણ ત્રણ વર્ષની સજા અને ત્રીસ ત્રીસ હજાર રૂપિયાનો દંડ તથા બે આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા

ઉત્તર ગુજરાત

મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના સમાચાર

ઇડર તાલુકાના નેત્રામલી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક રાહુલકુમાર સુરતી નુંતા.૧૨ મે ૨૦૨૪ના રોજ સ્વામિનારાયણ ગુરુકુળ હોલ, કલોલ ખાતે જાયન્ટ્સ ગ્રુપ ઓફ કલોલ મેઈન દ્વારા શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ અને ઉમદા કામગીરી કરવા બદલ પુલકીતભાઈ જોષી, મદદનીશ સચિવ (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગુજરાત) ના વરદ હસ્તે ગુજરાત ગૌરવ સન્માન એવોર્ડ આપી સન્માનિત કરાયાં હતાં.આપ્રસંગે અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને અભિનંદન આપ્યાં હતાં.

(તસ્વીરઃ- કમલેશ નાયી, નેત્રામલી)

નાની વાલરણ ગામની પરણેતરનું ઝેરી દવા પીતાં મોત

(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,

ખેડબ્રહ્મા તાલુકાના દીધીયા ગામની આશરે ૨૦ વર્ષની પરણેતર યુવતીનું ઝેરી દવા પી આત્મહત્યા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ છે. ખેડબ્રહ્મા તાલુકાના નાનીવાલરણ ગામના ઓડિયા અમૃતભાઈ મોતીભાઈ ની દીકરી નામે સંગીતાબેન ઉંમર વર્ષ આશરે ૨૨ ને ખેડબ્રહ્મા તાલુકાના દીધીયા ગામે ગોપાલભાઈ બલવંતભાઈ ડાભી સાથે આશરે બે વર્ષ પહેલાં પરણાવેલ. આમ છતાં આરોપી ગોપાલભાઈ બળવંતભાઈ ડાભીને અન્ય સ્ત્રી સાથે આડો સંબંધ હોવાને કારણે મરણ જનાર સંગીતાબેનને ગોપાલભાઈ અવારનવાર મારઝૂડ કરી શારીરિક તથા માનસિક ત્રાસ આપી મરવા સુધી દુષ્પ્રેરણા કરતા હતા. સંગીતાબેનને આ ત્રાસ સહન ન થતા તેમણે તારીખ ૧૧ -૫-૨૦૨૪ ના સવારે ૮:૦૦ કલાકે કોઈ ઝેરી દવા પી જતાં તેમને સારવાર અર્થે ઈડર તરફ લઈ જતા હતા ત્યારે વડાલી જતાજ તેમનું એમ્બ્યુલન્સમાં મોત થતાં વડાલી સિવિલમાં પીએમ અર્થે લઈ ગયેલ. આ બનાવ બનતાં મરણ જનાર સંગીતાબેનના પિતા અમરતભાઈ મોતીભાઈ ઓડિયા રહે. નાની વાલરણ વાળાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનને ફરિયાદ આપી હતી જેની તપાસ ખેડબ્રહ્મા પીએસઆઈ એ.વી. જોશી કરી રહ્યા છે.

ભરૂચના જાહેર માર્ગો પર આડેધડ પાર્ક કરેલા વાહનો અને લારીઓ ઉપર પોલીસે તવાઈ બોલાવી દંડ ફટકાર્યો

**પાલિકા અને પોલીસ વિભાગ લારી ધારકોને યોગ્ય જગ્યાની ફાળવણી કરે તો ટ્

દક્ષિણ ગુજરાત

સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

આઈએસઆઈ હેન્ડલર માટે

જાસૂસીકાંડમાં અંકલેશ્વર, ઝઘડિયામાં સીઆઈડીની તપાસ શરૂ

અંકલેશ્વર, ઝઘડિયાથી ઝડપાયેલ આઈએસઆઈ હેન્ડલર માટે જાસૂસી કરનાર પ્રવિણકુમાર મિશ્રાને લઈ સીઆઈડી ક્રાઈમની ટીમ અંકલેશ્વર અને ઝઘડિયા ખાતે સ્થળ તપાસ શરૂ કરી હતી. ઝઘડિયાની હિન્દુસ્તાન સ્પેશિયાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડમાંથી કોમ્પ્યુટર, સીપીયુ જપ્ત કર્યું હતું. અંકલેશ્વર ભડકોદ્રા ગામ ખાતે ઘરમાં પણ તપાસ કરી પુનઃ અમદાવાદ જવા રવાના થઈ હતી.

આઈએસઆઈના હેન્ડલર માટે જાસૂસી કરી કરતાં મૂળ બિહારનો ઈસમ અંકલેશ્વર રહી ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ હિન્દુસ્તાન સ્પેશિયાલિસ્ટ કેમિકલ્સ લિમિટેડ જનરલ મેનેજર તરીકે નોકરી કરી રહ્યો હતો જે પ્રવિણકુમાર મિશ્રાને પાકિસ્તાની ઈન્ટેલિજન્સ એજન્સીના ઓપરેટીવ દ્વારા દોરીસંચાર કરી ભારતની આંતરિક સુરક્ષાને તોડવા ભારત દેશના સુરક્ષા દળો તેમજ ભારતીય સુરક્ષા દળો સાથે સંકળાયેલ ભારતની મિસાઈલ સિસ્ટમને તેના પાર્ટસના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપનીની અત્યંત ગોપનીય માહિતી પહોંચાડી હતી. જે પ્રવિણકુમાર મિશ્રાને ૩ દિવસ પૂર્વે એક મહિનાની વોચ બાદ સીઆઈડી ક્રાઈમ ટીમે ઝઘડિયા ખાતેથી ઝડપી પાડયો હતો અને કોર્ટમાં રજૂ કરતાં ૧૪ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

નર્મદા ચોકડી નજીકથી

શંકાસ્પદ ભંગારના જથ્થા સાથે ટેમ્પા ચાલકની અટકાયત

(પ્રતિનિધિ) ભરૂચ, ભરૂચ એલસીબીએ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર નર્મદા ચોકડી બ્રિજ પાસેથી શંકાસ્પદ ભંગાર ભરેલ આઈસર ટેમ્પો મળી કુલ ૨.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ચાલકની અટકાયત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા રેન્જ આઈ.જી સંદીપસિંહ અને ભરૂચ જીલ્લા પોલીસવડા મયુર ચાવડા દ્વારા જીલ્લામાં મિલ્કત સંબંધી ગુનાઓ અટકાવવા અને હાઈવે,શહેરમાં અલગ વિસ્તારોમાં પેટ્રોલીંગ કરી શંકાસ્પદ વાહનોને ચેક કરવા સહિત ગુનાહિત પ્રવૃતિ અટકાવવા આપેલ સૂચનાને આધારે ભરુચ એલસીબીના પી.આઈ એમ.પી વાળાના માર્ગ દર્શન હેઠળ પી.એસ.આઈ ડી.એ.તુવર સહિત સ્ટાફ નર્મદા ચોકડી બ્રીજ નીચે ઉભો હતો તે દરમ્યાન આઈસર ટેમ્પો નંબર જીજે ૧૬ એક્સ ૮૫૮૧ માં લોખંડની ગ્રીલ, નટ, બોલ્ટ, પતરા, ડબ્બા સહિત અન્ય ભંગારનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે ચાલક પાસે જરૂરી દસ્તાવેજો માંગતા તેણે સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસે ૩૭૮૦ કિલો ભંગાર અને ટેમ્પો મળી કુલ ૨.૯૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને અંકલેશ્વરના ચૌટાબજાર પોલીસ ચોકી સામે રહેતો ટેમ્પો ચાલક રાજેશકુમાર વસંતલાલ પંડ્યાની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી હતી.

રૂા. ૨.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

સુરો ભારતી સંગીત કલાવૃંદ યુનિવર્સિટી વેસ્ટ બેંગોલમાં ઝઘડિયાના ૪ કલાકારોને ગોલ્ડ મળ્યા

(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

(પ્રતિનિધિ) ભરૂચ, સુરો ભારતી સંગીત કલાવૃંદ યુનિવર્સિટી વેસ્ટ બેંગોલના તાબા હેઠળ ઝઘડિયાની શ્રુતિ કલાવૃંદ કાર્યરત છે.આ સંસ્થાના પ્રિન્સિપાલ ભાવેશ વસાવા દ્વારા ઝઘડિયા,વાલિયા અને નેત્રંગ તાલુકાના અલગ અલગ સંગીત પ્રેમીઓને ઝઘડિયા ખાતે સંસ્થામાં જોડી સંગીતનું શિક્ષણ આપી રહ્યા છે.ઝઘડિયાની શ્રુતિ કલાવૃંદ સૂરો ભારતી સંગીત કલા કેન્દ્રના નેજા હેઠળ કામ કરતી સંસ્થા છે.ઝઘડિયાની આ સંસ્થાના ૪ કલાકારોને યુનિવર્સિટી ખાતેથી ગોલ્ડ મેડલ મળ્યા છે.જેમાં (૧) ગાયન વિભાગમાં હરેશભાઈ સી વસાવા રહે.જેસપોર (૨) તબલા વિભાગમાં રામદેવભાઈ વસાવા રહે.અસનાવી (૩) હાર્મોનિયમ વિભાગમાં હરેશભાઈ વસાવા રહે.કોચબાર તથા (૪) હાર્દિકસિંહ યાદવ રહે.ભરૂચને ગોલ્ડ મેડલ મળ્યા છે.આ સંગીત કલાકારોના સન્માનમાં આજરોજ શ્રુતિ કલાવૃંદ ઝઘડિયા દ્વારા ગોલ્ડ મેડાલિસ્ટ કલાકારોને સન્માનનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જયશીલ પટેલ, નીરૂબેન યાદવ, ઝઘડિયાના સરપંચ સુરેશભાઈ વસાવા, ઉપસરપંચ હેમલતાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે કલાકારોને મેડલ તથા સર્ટિફિકેટ શ્રુતિ કલાવૃંદ તરફથી એનાયત કરવામાં આવ્યા હતા.

ધો.૧૦માં પણ રાજ્યમાં સૌથી વધુ એ-૧ ગ્રેડમાં સુરતના છાત્રો

૧૨,૯૨૦ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યો

સુરત, ગુજરાત રાજ્ય શૈક્ષણિક બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધો.૧૦ની પરીક્ષાના પરિણામ જાહેર કરવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યનું ૮૨.૫૬% પરિણામ આવ્યું છે ત્યારે સુરતનું ૮૬.૫ ટકા ઊંચું પરિણામમાં ફરી એકવાર સુરતના વિદ્યાર્થીઓએ ડંકો વગાડ્યો છે. આ વખતે રાજ્યમાં સૌથી વધુ ૪૮૭૦ જેટલા વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવવામાં સફળતા મેળવી છે જ્યારે વિદ્યાર્થીઓના ચહેરા ઉપર ખુશીની લાગણી જોવા મળી હતી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્યનું એજ્યુકેશન હબ સુરત બન્યું હોય તે રીતે ઊંચું પરિણામ તો મળ્યું જ છે પરંતુ સૌથી મહત્ત્વની બાબત છે કે, ૪૮૭૦ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ પ્રાપ્ત કરવામાં સફળ થયા છે. એ-૨ ગ્રેડ મેળવવામાં ૧૯,૨૭૦ વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. જ્યારે ૧,૫૨,૦૦૭ વિદ્યાર્થીઓને બી-વન ગ્રેડ મળ્યો છે. શહેરની ૯૯ સ્કૂલ એવી છે કે જેનું સો ટકા પરિણામ આવ્યું છે.

બોર્ડના પરિણામ જાહેર થતં જ વહેલી સવારથી વિદ્યાર્થીઓએ પોતાના પરિણામ જોવાની શરૂઆત કરી દીધી હતી ત્યારે એ વન ગ્રેડની સાથે સાથે સારા પરિણામ મળતા જ વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશીની લાગણી જોવા મળી હતી. વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ અને વિદ્યાર્થીઓના ચહેરા ખુશખુશાલ જોવા મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં જે પરિણામ આવ્યું હતું તેના કરતાં આ વખતે ૧૭.૯૪% પરિણામ વધ્યું છે. ગુજરાતમાં સારા પરિણામ ધરાવનાર જિલ્લાઓમાં સુરત જિલ્લો બીજો ક્રમે છે અને એ-૧ ગ્રેડ મેળવનારા સૌથી વધારે વિદ્યાર્થીઓમાં સુરત પહેલાં ક્રમે છે.

ઐતહાસિક ધરોહરની જાળવણી કરવામાં સુરત પાલિકા બેદરકાર

(એજન્સી) સુરત, સુરતના ન્યુ બોમ્બે માર્કેટ નજીક આવેલા પાલિકાના દબાણ ડેપો માંથી એક સાથે ૧૫થી વધુ ઐતિહાસીક ટોપ મળી આવતા લોકોમાં અચરજ ફેલાઇ હતી. દબાણ ડેપોનું રીનોવેશનનું કામ ચાલી રહ્યું હોય કાટમાળ શિફ્ટ કરતા સમયે તોપ મળી આવી હતી. વરાછા ઝોને આ અંગે પાલિકાના હેરીટેજ વિભાગને જાણ કરી તોપને સલામત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અગાઉ પણ સુરતમાંથી ઘણી જગ્યાએ ખોદકામ દરમિયાન વર્ષી જૂની તોપ મળી આવી હતી. સુરત પાલિકાના દબાણ ડેપોમાં ઐતિહાસીક તોપ કચરા નીચે વર્ષીથી દબાઇ રહી હોય પાલિકાની હેરીટેજને લગતી કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે. સુરત શહેરના ભવ્ય ઈતિહાસ વિશે સૌ કોઈ વાકેફ છે. સદીઓ સુધી સુરત શહેરમાં મુઘલો અને અંગ્રાજોનું રાજ રહ્યું હતું. ભવ્ય ઈતિહાસ ધરાવતા સુરત શહેરમાં ખોદકામ દરમિયાન અનેક ઐતિહાસીક ચીજ-વસ્તુઓ મળી આવી છે. સુરત પાલિકા દ્વારા મળી આવતી ઐતિહાસીક ધરોહરની જાળવણી કરવા વિશેષ હેરિટેજ સેલ પણ બનાવવામાં આવ્યું છે. સીટીલાઈટ ખાતે આવેલા પાલિકાના સાયન્સ સેન્ટરમાં આવી મળી આવેલી ચીજ-વસ્તુઓ પ્રદર્શન માટે મુકવામાં આવી છે.

સીબીઆઈ અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે છેતરપિંડી

'પાર્સલમાં ડ્રગ્સ હોવાથી ધરપકડ થશે' કહી ૯ લાખ રૂપિયા પડાવ્યા

સુરત, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર તરીકે ઓળખ આપી માર્કેટિંગ સેલ્સ મેનેજરને કહ્યું હતું કે તમે પાર્સલ મોકલેલ હતું તેમાં ડ્રગ્સ પણ છે તો તમારે અહીં આવવું પડશે. જો નહીં આવો તો તમારી ધરપકડ થશે. એમ કહી સીબીઆઈ અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના નામે ધમકાવી ડિજિટલ એરેસ્ટ કરવાની ધાકી આપી ૯ લાખની રકમ પડાવી હતી.

કલરની કંપનીમાં માર્કેટિંગ સેલ્સ મેનેજર પપ વર્ષીય સુજીતકુમાર મિશ્રાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી જણાવ્યું કે, ૮મી એપ્રિલે સાંજે મોબાઈલ પર કોલ આવ્યો અને સામેવાળાએ પોતાની ઓળખ કસ્ટમ ઓફિસ મુંબઈથી સુખરાજ રાજા આપી હતી. પછી તેણે મેનેજરને કહ્યું કે, તમારું એક પાર્સલ મુંબઈ કસ્ટમમાં પડેલું છે. જે રિટર્ન આવેલું છે જેમાં પ પાસપોર્ટ, ૩ બેંકના ક્રેડિટ કાર્ડ, ૧૪૦ ગ્રામ એમડી અને ૪ કિલો કપડા છે. તેણે પોતાની ઓળખ પીઆઈ તરીકે આપી કહ્યું કે, તમે પાર્સલ મોકલેલ હતું તેમાં ડ્રગ્સ પણ છે તો તમારે અહીં આવવું પડશે. જો નહીં આવો તો તમારી ધરપકડ થશે. મેનેજરે ના પાડી છતાં ઠગ ટોળકીએ મેનેજરને ડરાવી ધમકાવી ડિજિટલ એરેસ્ટ કરવાના નામે ૯ લાખની રકમ પડાવી હતી.

નવસારી રેન બસેરાની રીલથી સત્ય બહાર આવ્યું

જે પુત્રને મૃત માની અંતિમવિધિ કરી નાંખી હતી તે જીવિત મળ્યો !

વલસાડ, વલસાડના મોગરાવાડીમાં રહેતો ૨૭ વર્ષીય વિજય રાઠોડ ગણદેવી તાલુકામાં આવેલા ગડત કામેશ્વર મંદિર પાસે રહીને મજૂરી કામ કરતો હતો. વિજયને પગમાં ઈજા થતાં પગમાં સડો લાગ્યો હતો. સડો વધતાં સારવાર કરાવવા ગયા બાદ પોતાના કાકા પાસે પરત ગડત ગામે આવ્યો નહતો. તેના કાકા અને વલસાડમાં રહેતા પરિવારે સતત ૧ વર્ષ સુધી શોધખોળ કરી પણ તેનો પત્તો લાગ્યો ન હતો. ઈજાને લઈ તે કદાચ મૃત્યુ પામ્યો હોય તેવું માનીને તેની સમાજના રીત-રિવાજ મુજબ અંતિમવિધિ પૂર્ણ કરી હતી.

ઋત્વિક પાંડે નામના વ્યક્તિએ વિજયની સારવાર કરાવી તેનો વીડિયો સોશિયલ મીડિયામાં મૂકતાં વિજયના પરિવારને તેનો પત્તો મળ્યો હતો. નવસારી આશ્રય સ્થાન પર પહોંચી વિજયની માતાએ તેને ભેટી ઈશ્વરનો આભાર માન્યો હતો કે તેનો પુત્ર સહી સલામત છે.

Movie મસાલા

"પારસ કાલ્નાવત મારા દિકરા જેવો છે": કુંડલી ભાગ્યનો શક્તિ આનંદ,

ઝી ટીવીના કુંડલી ભાગ્ય એ છેલ્લા સાત વર્ષથી તેની રસપ્રદ વાર્તા અને જોરદાર નાટકથી દર્શકોને ટીવી સ્ક્રીન પર જકડી રાખ્યા છે. તાજેતરના એપિસોડમાં દર્શકોએ શોના બે મુખ્ય પાત્ર કરણ (શક્તિ આનંદ) અને રાજવીર (પારસ કાલ્નાવત)ની વચ્ચે લાંબા સમયથી રાહ જોવાતી હોય એવી સામનો જોયો. પિતા અને પુત્ર વચ્ચેની સઘન ચર્ચામાં પ્રેક્ષકો આગળ શું કરશે તે વિશે ઉત્સાહ વધાર્યો હતો. શું તેનાથી લુથરા પરિવારમાં નવી મુશ્કેલી ઉભી થશે? આ સીન એટલો જબરદસ્ત હતો અને કરણ તથા રાજવીર વચ્ચેના ભાવનાત્મક મુકાબલાએ શોને વધુ આકર્ષક બનાવ્યો હતો. ઓન સ્ક્રીન વિરોધાભાષી સંબંધો છતા પણ શક્તિ આનંદ કહે છે કે, તે વાસ્તવિક જીવનમાં પારસની સાથે ખાસ સંબંધ ધરાવે છે. શક્તિ તેના અને પારસ સાથેના સંબંધ વિશે કહે છે કે, તેને પારસમાં તેનો દિકરો દેખાય છે. તેની સમાનતાને લીધે, શક્તિ માટે ઓન-સ્ક્રીન યોગ્ય લાગણીને રજૂ કરવી સરળ બની ગઈ છે.

શક્તિ આનંદ કહે છે, "પારસ અને મારી વચ્ચે ઓફ-સ્ક્રીન પણ ખૂબ જ સારી મિત્રતા છે અને એક કલાકાર અને માનવી તરીકે મને તેના માટે ખૂબ જ આદર છે. હું હંમેશા તેની આસપાસના લોકો સાથે આદરપૂર્વક વાત કરતા જ જોઉં છું. તેની સાથે સ્ક્રીન સ્પેસ શેર કરવાથી હંમેશા કંઈક નવું શિખવા મળે છે અને મને તે મારા દિકરા જેવો લાગે છે. અમારા પાત્રોમાં અમારી વચ્ચે લાંબા સમયથી ચાલતો વિરોધાભાષ છે પણ ઓફ-સ્ક્રીન અમે સારી મિત્રતા ધરાવીએ છીએ. પારસને એક કલાકાર તરીકે આગળ વધતો જોવાની મજા આવે છે અને હું પણ તેની પાસેથી શિખવાની સાથોસાથ તેને માર્ગદર્શન પણ આપું છું. મેં ઘણી વખત પિતાનું પાત્ર કર્યું છે, પણ આ વખતે કહી શકીશ કે, તે ને ખૂબ જ ગમે છે."

"રચી શર્માએ મને સ્ટાઈલ અને ફેશન વિશે ઘણું શિખવ્યું છે" કુમકુમ ભાગ્યનો અબરાર

ઝી ટીવીનો પ્રસિદ્ધ શો- કુમકુમ ભાગ્ય એ તેની સાંકળતી, રસપ્રદ અને નાટ્યાત્મક વાર્તાથી દર્શકોને સીટ પર જકડી રાખ્યા છે. શોમાં ૨૦ વર્ષના લીપ બાદ, દર્શકો હવે રણબીર (ક્રિષ્ના કૌલ) અને પ્રાચી (મુગ્ધા ચાપેકર)ની દિકરી પૂર્વી (રચી શર્મા) અને ખુશી (સિમરન બુધપ)ના પ્રવાસ સાથે સંકળાય ગયા છે. તાજેતરમાં જ દર્શકોએ જોયું કે, કઈ રીતે રાજવંશ ઉર્ફે આરવી (અબરાર કાઝી) અને પૂર્વીની વચ્ચે વિરોધાભાષ છતા પણ મનમાં ધીમે-ધીમે એકબીજા માટે લાગણી ઉત્પન્ન થઈ છે. પરિસ્થિતિ પણ આરવી અને પૂર્વીને સ્ક્રીન પર સારા માટે એક કરી રહી છે, ત્યારે કલાકાર અબરાર અને રચી વાસ્તવિક જીવનમાં પણ સારા મિત્રો બની ગયા છે. શોના ચાહકોને તેમની ઓનસ્ક્રીન કેમિસ્ટ્રી પસંદ આવી રહી છે અને તેથી જ તેમના માટે #RajVi તૈયાર કર્યું છે. સ્ક્રિપ્ટની માંગને ધ્યાને લેતા, કલાકારો ઘણી વખત ઓન-સ્ક્રીન લડતા- એકબીજાની સામે જીભાજોડી કરતા જોવા મળે છે, પણ ઓફ-સ્ક્રીન તેમની મિત્રતા દિવસેને દિવસે મજબૂત બની રહી છે. તેઓ ફક્ત સારા મિત્રો છે, એટલું જ નહીં પણ તેમના સીનમાં સુધારા કરીને એકબીજાનું શ્રેષ્ઠ બહાર લાવવા માટે એકબીજાની મદદ પણ કરે છે. રચી જે સ્ટાઈલ સ્ટેટમેન્ટ પસંદ કરે છે, અબરાર તેને અનુસરે છે અને ફેશન વિશે પણ તેની પાસેથી ઘણું શિખે છે.



અબરાર કહે છે, "મારા અને રચી વચ્ચેની મિત્રતા દર્શકો જે ઓન-સ્ક્રીન જૂએ છે, તેનાથી ઘણી અલગ છે. તે એક ખૂબ સારી અભિનેત્રી છે, એટલું જ નહીં પણ એક સુંદર વ્યક્તિ પણ છે. તે ખૂબ નમ્ર અને તેના સહ-કર્મીઓ માટે ખૂબ જ સહયોગી બની રહે છે. અમે એકબીજાથી વિરોધાભાષી છીએ તેમ છતા પણ હું માનું છું કે, તેનાથી અમારી મિત્રતા વધુ સારી બની છે અને હવે, હું તેની સાથે વધુ સમય પસાર કરું છું, હું એટલું જરૂરથી ઉમેરીશ કે, તેને મને સ્ટાઈલ અને ફેશન વિશે ઘણું શિખવ્યું છે. જે રીતે કપડા, શૂઝ અને એસેસરીઝમાં યોગ્ય સંયોજન પસંદ કરે છે, તે અદ્દભુત છે, તે પ્રો છે! મને લાગે છે કે, અમે ઓન-સ્ક્રીન પણ એકબીજાની સાથે ખૂબ જ સારા લાગઈએ છીએ અમને આનાથી વધુ બીજા કોઈ સારા સહ-કલાકાર મળ્યા ન હોત!

'સરફરોશ'ના ૨૫ વર્ષ, આમિર ખાન હવે તેની સીક્વલ બનાવશે

આમિર ખાન અને સોનાલી બેન્દ્રેની બ્લોકબસ્ટર ફિલ્મ સરફરોશ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી. ફિલ્મના ૨૫ વર્ષ પૂરા થતાં હોઈ મુંબઈ ખાતે સ્પેશિયલ સ્ક્રિનિંગ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે ફિલ્મની કાસ્ટ ઉપરાંત અનેક સેલિબ્રિટીઝે હાજરી આપી હતી. આમિર ખાને 'સરફરોશ'ની સફળતાની રજત જયંતી ઉજવવાની સાથે સીક્વલ બનાવવાનું એલાન પણ કર્યું હતું. સરફરોશના સ્પેશિયલ સ્ક્રિનિંગમાં આમિર ખાન અને સોનાલી બેન્દ્રે ઉપરાંત, મકરંદ દેશપાંડે, ગોવિંદ નામદેવ, પ્રદીપ રાવત સહિતની ટીમ ઉપસ્થિત રહી હતી. બોલિવૂડમાં હાલ પૂરજોશમાં સીક્વલનો દોર ચાલી રહ્યો છે ત્યારે આમિર ખાને 'સરફરોશ'ની સીક્વલ બનાવવાના સંકેત આપ્યા હતા. આમિર ખાને સ્પેશિયલ સ્ક્રિનિંગમાં મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, સરફરોશ ૨ બનાવવાની તેમની તીવ્ર ઈચ્છા છે. મને લાગે છે કે સરફરોશ ૨ બનવી જોઈએ. યોગ્ય સ્ક્રિપ્ટ મળે તો ફિલ્મની શરૂઆત કરવામાં આવશે. સ્પેશિયલ સ્ક્રિનિંગમાં આમિર ખાનના ચાહકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય રીતે આમિર ખાન પોતાની ફિલ્મની સીક્વલ બનાવતા નથી. પણ, બોલિવૂડમાં હાલ સીક્વલનો દોર જામી રહ્યો છે, તેથી આમિર ખાને પણ આ દિશામાં વિચાર શરૂ કર્યો છે. આમિર ખાન અને સોનાલી બેન્દ્રેની જોડી આ સીક્વલમાં ફરી જોવા મળશે કે કેમ તે અંગે પણ અટકળો ચાલી રહી છે. કેટલાક લોકોનું માનવું છે કે, આમિર ખાને સ્ક્રિપ્ટ વિચારી લીધી હશે અને તેથી જ તેમણે સીક્વલની વાત કરી હશે.



પાણીમાં પડેલા મિત્રને બચાવવા પડ્યો બીજો મિત્ર : બંનેના મોત

(એજન્સી) ભરૂચ, હાલ સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધ થવાની ઘેલછામાં ખાસ યુવાનો ફોટો અને રીલ બનવવા માટે પોતાના જીવની પણ પરવા કરતાં નથી.

આવો જ એક બનાવ રવિવારે અમદાવાદના ચેનપુર ખાતે રહેતા કૌશિકભાઈ રાવત પરિવાર સાથે બન્યો હતો. તેઓ રવિવારે કડીના મેલડી માતાજીના મંદિરે દર્શન કરવા પરિવાર સાથે ઈકો ગાડી લઈને આવ્યા હતા. માતાજીના દર્શન કર્યા પછી કૌશિકભાઈ તેમના પત્ની, બે બાળકો અને મિત્રો અમદાવાદ પરત ફરી રહ્યાં હતા. ત્યારે તેમને કડીના બોરીસણા ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલના પડતા ધોધને જોવાનો વિચાર આવ્યો હતો. તેના પગલે તેમણે ધોધની મુલાકાત લીધી હતી.

આ દરમિયાન કૌશિકભાઈ કેનાલમાં ઉતરીને સેલ્ફી ક્લિક કરી રહ્યાં હતા, જોકે અચાનક જ તેમનો પગ લપસી જતા તેઓ પાણીમાં ગરકાવા થઈ ગયા હતા. આ ઘટના જોતા જ કૌશિકભાઈને બચાવવા તેમના મિત્રએ પાણીમાં ડુંબકી લગાવી હતી. જોકે તે કૌશિકભાઈને બચાવવામાં નિષ્ફળ રહ્યો હતો અને પોતે પણ પાણીમાં ડૂબી ગયો હતો. જોકે બાદમાં સ્થાનિક તરવૈયાઓએ લાશની તપાસ હાથ ધરી હતી પરંતુ તેમને મોડી સાંજ સુધી બંનેની લાશ મળી નહોતી. બાદમાં ઘટના સ્થળે ફાયર બ્રિગેડ અને પોલીસ આવી પહોંચી હતી. જોકે બંને વ્યક્તિઓને લાશ મળી શકી નહોતી.

આગામી ઓગસ્ટ મહિનામાં ભૂમિપૂજન થશે

સિડનીમાં બે એકર જમીન પર કૃષ્ણધામ હવેલીનું નિર્માણ થશે

વડોદરા, ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે બે એકરમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન દ્વારા તત્વાધામ પૂ.વ્રજરાજકુમારજી મહારાજની અધ્યક્ષતામાં ભવ્યાતિ ભવ્યને મોટા સંકુલમાં નૂતન હવેલી શ્રી કૃષ્ણધામનું નિર્માણ કરવામાં આવનાર છે.

૧૦૮ વૈષ્ણવાચાર્ય વ્રજરાજ કુમારજી મહારાજ દ્વારા સમગ્ર વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર-પસાર કરવામાં આવી રહ્યો છે. તેમના જીવનની દરેક પળમાં તેઓ એક જ વિચાર કરતા હોય છે અને તે છે હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર-પ્રસાર કરવા સાથે તત્વજ્ઞાનમાં માનવતાલક્ષી તેમજ ધર્મલક્ષીક અને કથાનું આયોજન થતું હોય છે.

છેલ્લા ઘણા સમયથી સિડનીમાં વસતા વૈષ્ણવો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે પ્રતિક્ષનો હવે અંત આવી ગયો છે. સિડની ખાતે બે એકર જમીન પર વિશાલ કૃષ્ણધામ હવેલી નિર્માણ થવા જઈ રહી છે. આ માટે જમીનનું સંપાદન થઈ ગયું છે. જે જમીન પર દિવ્ય અને ભવ્ય કૃષ્ણધામ હવેલીનું નિર્માણ કરવામાં આવશે જેનું ભૂમિપૂજન આગામી ઓગસ્ટ મહિનામાં કરવામાં આવશે.

ડિલીવરી બોયની કલાકારી : પાર્સલમાંથી કપડાં ચોરી બોક્સમાં પથ્થર મૂકી દીધા

વડોદરા, કોઈ બ્રાન્ડેડ સાઈટ પરથી ઓનલાઈન શોપિંગ કરી તમે કોઈ ચીજવસ્તુ મંગાવી હોય ત્યારે કયારેક પાર્સલમાં તો પથ્થર ડિલીવરી થયા હોય તેવા પણ કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.

ડિલીવરી સર્વિસ કંપનીમાં કામ કતાં ચાર શખ્સોએ અંદાજિત ૧૫ દિવસ પહેલાં કુરીયરમાંથી પેન્ટાલુન્સ કંપનીના સ્ત્રી, પુરૂષના કપડાંના પાર્સલની ચોરી કરી હતી. કપડાંની ચોરી કરનાર નીરજ ઉર્ફે નીલુ પ્રવિણભાઈ યાદવ, મયંત મહેન્દ્રસિંહ રાઠોડ, ભાવિક રાજુભાઈ ભીલ અને આશિષ અશોકભાઈ પટેલની ધરપકડ કરી તેઓ પાસેથી બ્રાન્ડેડ કંપનીના કપડા જપ્ત કરાયા હતા. આ શખ્સો પાર્સલ ખોલી તેમાંથી કપડાંની ચોરી કરી ફરી પાર્સલ બોક્સને સેલોટેપ મારી કામને અંજામ આપતા હતા. ડિલીવરી કંપની તરફથી વડોદરાની પેન્ટાલુન્સ કંપની ખાતેથી બ્રાન્ડેડ કંપનીઓના ૨૭ બોક્સ મહારાષ્ટ્રના ભીવંડી ખાતે ડિલીવરી કરવામાં આવ્યા હતા જ્યાં આ બોકસ ખોલીને જોતાં તેમાં કપડાને બદલે પથ્થર મળી આવ્યા હતા.

દાહોદ પંથકમાં સતત બીજા દિવસે વરસાદ, બેવડી ઋતુનો અહેસાસ

દાહોદ, ગુજરાતમાં સક્રિય થયેલી સાયકોલોનીક સરક્યુલેશનની અસર દાહોદ જિલ્લામાં પણ જોવા મળતી. ગઈકાલે દાહોદ નગરમાં એકાએક ધોધમાર વરસાદ વરસ્યો હતો જેમાં એપીએમસી દાહોદ ખાતે ખુલ્લામાં મૂકેલ અનાજને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થવા પામ્યું હતું.

રાજ્યમાં ૭ દિવસ દરમિયાન કમોસમી વરસાદ વરસવાની હવામાન વિભાગ અને અંબાલાલ પટેલ દ્વારા આગાહી કરવામાં આવી હતી. જેના પગલે દાહોદ એપીએમસી દ્વારા વેપારીઓને વોટ્સએપ દ્વારા જાણ કરવામાં આવી હતી જેમાં ખુલ્લામાં મૂકેલ અનાજ સલામત સ્થળે ખસેડવાની એડવાઈઝરી જારી કરાઈ હતી પરંતુ વેપારીઓ પોતાનો માલસામાન ખસેડવાની કામગીરી હાથ ધરે તે પહેલાં જ ધમધોકાર તાસ વચ્ચે અચાનક વરસાદ શરૂ થતાં સૌ કોઈ આશ્ચર્યમાં મૂકાયા હતા. વેપારીઓ દ્વારા ખુલ્લામાં મૂકેલ અનાજ ઉપર તાડપત્રી ઢાકે તે પહેલાં જ ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા ખુલ્લામાં પડેલું ઘઉં, ચણા, સોયાબીન, મકાઈ, કણબી તેમજ કઠોળને નુકસાન થવા પામ્યું. દાહોદ એપીએમસી સમગ્ર ગુજરાતમાં મોટું અનાજ માર્કેટ હોવાથી અહીં અત્યારે ચાલુ સિઝનમાં ખૂબ અનાજની આવક છે.

જેથી વેપારીઓ દ્વારા અનાજ મૂકવાની જગ્યા નહીં હોવાથી ખુલ્લામાં અનાજ મૂકવાની ફરજ પડી હતી. વરસાદથી પંથકમાં ઓચિંતા પડેલા વરસાદના કારણે વેપારીઓનું તો નુકસાન થયું હતું સાથે સાથે ખેતરમાં ઉભેલા પાક જેવા કે મગ, સોયાબીન, ઘઉં, મકાઈ, કેરી, લિંબોળી સહિતના પાકને પણ વરસાદના કારણે ભારે નુકસાન પહોંચતા ખેડૂતો પણ ચિંતામાં જોવા મળ્યા હતા.

એપીએમસીમાં ખુલ્લામાં મૂકેલું લાખો રૂપિયાનું અનાજ પલળી ગયું

જામનગરમાં બાળકી સાથે અડપલાં કરવાના કેસમાં આરોપીને ત્રણ વર્ષની જેલ

જામનગરઃ જામનગરમાં એક વિસ્તારમાં ૪ વર્ષની બાળકી સાથે અડપલા કરવાના કેસમાં અદાલતે આરોપીને ૩ વર્ષની જેલ સજા અને રૂા.૫૦૦નો દંડ ફટકાર્યો છે.

વર્ષ ૨૦૨૨ના મે માસમાં એક વિસ્તારમાં ઘરની બહાર ટોયલેટ ધરાવતા પરીવારની ૪ વર્ષની બાળકી ટોયલેટમાંથી બહાર નીકળ્યા બાદ એક શખ્સ દ્વારા તેને શરીરે હાથ ફેરવતા જોઈ ગયેલા પરીવારજનોએ દેકારો મચાવતા એકઠા થયેલા લોકોએ પોલીસને બોલાવી આરોપીને સોપી દીધો હતો. આરોપી જેલ હવાલે થયા બાદ આ કેસ અદાલતમાં ચાલી જતા અદાલતે જીલ્લા સરકારી વકીલની રજુઆતો તથા કેસમાં રજુ થયયેલા સાહેદોનાં નિવેદનો વગેરે ધ્યાને લઈ બંને પક્ષોને સાંભળીને આરોપી રીઝવાનને ત્રણ વર્ષની જેલ સજા અને રૂા.૫૦૦નો દંડ ફટકારાયેલ છે.

સુખપુર ગામની સીમમાંથી મહીલાનો મૃતદેહ મળ્યો

જુનાગઢઃ જુનાગઢ તાલુકાના સુખપુર ગામની પડતર જમીનમ

ગામે ગામના સમાચાર

ભાવનગર જિલ્લામાંથી હજયાત્રાએ જનાર ૫૦૦ લોકો માટે યોજાયો રસીકરણ કેમ્પ

ભાવનગર, ભાવનગર શહેર-જીલ્લામાંથી હજ કમીટી ઓફ ઈન્ડીયાના માધ્યમથી ચાલુ વર્ષે અંદાજે ૫૦૦ હજયાત્રીઓ પવીત્ર મકકા મદીના શરીફની હજ યાત્રાએ જશે. આ ઉપરાંત ખાનગી ટુર્સ અને ટ્રાવેલ્સ દ્વારા પણ ઘણા હજયાત્રીઓ હજયાત્રાએ જશે. હજ માટે જવા ગુજરાતના હાજીઓ માટે અમદાવાદથી આગામી તા.૨૬ના રોજ પ્રથમ ફલાઈટ રવાના થશે. આ હજયાત્રીઓને ભારત સરકાર દ્વારા નિયયત રસીકરણ કરાવવું પડે છે. અને તેનું સર્ટીફીકેટ મેળવવું ફરજીયાત છે. જેથી આજે ભાવનગરની સરકારી સર.ટી. હોસ્પિટલ ખાતે રસીકરણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેને સફળ બનાવવા ભાવનગરની હજ કમીટીના આગેવાનો હુસેનભાઈ સૈયદ, નાહીનભાઈ કાજી, યુનુસ મકવાણા, કાળુભાઈ બેલીમ, સતારભાઈ શેખ મહેબુબભાઈ માંડવીયા, યુનુસભાઈ ખોખર, જાવેદભાઈ કુરેશી, રજાકભાઈ ચોકીયા, ઈકબાલ બેલીમ તેમજ અન્ય કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

એમ.એ. કડીવાલાની એડી. સેશન્સ જજ પદે નિમણુંક

સુરેન્દ્રનગર જિલ્લામાંથી બે સેશન્સ જજોની બદલી

વઢવાણ, સુરેન્દ્રનગર જીલ્લામાં ૨ સેશન્સ જજોની બદલી થઈ છે. તેઓની જગ્યાએ નવા બે જજ આવ્યા છે. લીબડી કોર્ટના એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્જ જજ સાગર પ્રેમશંકર એસ.પી. શંકરની છોટાઉદેપુર બડોલી ખાતે બદલી થઈ છે. તેઓની જગ્યાએ ભચાઉથી પ્રતાપભાઈ તેજાભાઈ પટેલ પી.ટી.પટેલ ની લીબડી સેશન્સ જજ તરીકે લીબડી ખાતે તથા સુરેન્દ્રનગરના સેકન્ડ એડીશનલ સેશન્સ જજ આરતીબેન રાજેન્દભાઈ દેસાઈ એ.આર. દેસાઈ મેડમ પોકસો કોર્ટની ગાંધીનગર ફેમીલી કોર્ટમાં બદલી થયેલ છે. હિમતનગર ફેમીલી કોર્ટમાંથી મહંમદઅકમ અલીભાઈ એમ.એ. કડીવાલને સુરેન્દ્રનગર એડી. સેશન્સ જજ તરીકે નિમણુંક થયેલ છે. તથા સેકન્ડ એડીશનલ સીવીલ જજ એન્ડ જયુ. મેજી વડોદરા કોર્ટ ખાતેથી નીતીનકુમાર કસ્તુરલાલ મકવાણા એન.કે. મકવાણા ની એડીશનલ સીવીલ એન્ડ જયુ.મીજી કોર્ટ ચોટીલા તરીકે નિમણુંક થયેલ છે.

સંક્ષિપ્ત સમાચાર

મોરબીના જલારામ પ્રાર્થના મંદિરમાં નેત્રયજ્ઞ યોજાયો

મોરબીઃ રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જલારામ પ્રાર્થના મંદીર-મોરબી તથા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરીષદ-મોરબી દ્વારા નેત્રમણી કેમ્પ યોજાયો હતો. જેમા ૨૩૦ દર્દીએ લાભ લીધો હતો.૮૨ દર્દીના નિઃશુલ્ક નેત્રમણી ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ કેમ્પ નવીનભાઈ અમરશીભાઈ રાચ્છ પરીવારના સહયોગથી યોજાયો હતો. ઉલ્લેખનીય છેકે મોરબી જલારામ મંદીર ખાતે ગત ૩૧ માસ દરમ્યાન યોજાયેલ નેત્રમણી કેમ્પનો કુલ ૯૮૮૫ લોકોએ લાભ લીધો છે. ૪૩૯૪ દર્દીને નેત્રમણી ઓપરેશન કરવામાં આવ્યા. ગીરીશભાઈ ઘેલાણી ભાવીનભાઈ ઘેલાણી અનીલભાઈ સોમૈયા, જયેશભાઈ કંસારા, ચીરાગ રાચ્છ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

મોરબીના ઘુંટુ નજીકથી સગીરાને ભગાડી જતો શખ્સ કશું જ કહયા વગર જતી રહી હતી. અને હજુ સુધી પરત ફરી નથી. તેથી આગળની તપાસ કમલાબાગ પોલીસ ચલાવી રહી છે.

મોરબીઃ મોરબીના ઘુંટુ નજીકના વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાને મોરબીના વિધુતનગર મફતીયાપરામાં રહેતો આરોપી શિવમ સામતભાઈ મોરવાડીયા નામનો ઈસમ લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઈરાદે ભગાડી જતા મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે.

પોરબંદરમાં બાળકની હત્યા કર્યાની માતા સામે ફરિયાદ

પોરબંદરઃ પોરબંદરના આદીત્યાણા ગામે રહેતા લીલુબેન હીતેશ કોડીયાતરે તેના આઠ માસના પુત્ર સાથે પોરબંદરના સમુદ્રમાં આત્મહત્યાના ઈરાદે ઝંપલાવ્યાના બનાવમાં બાળકનું મૃત્યુ નીપજયું હતું. આ બાનવમાં આદીત્યાણા બોરીયા પાટીયે રબારી કેડામાં રહેતાં વિજય જયશ્રીબેન જયકરભાઈ કોટેચા ઉ.વ.૭૧ નામનાં વૃદ્ધા છેલ્લાં ૧૨ વર્ષથી મગજની બીમારીથી પીડાતા હતા. તેનાથી કંટાળીને એસીડ પી લેતા સારવાર માટે હોસ્પિટલે લવાયા હતા. પરંતુ જયશ્રીબેન કોટેચાનું મૃત્યુ થયું હતું.

પોરબંદરમાં પરિણીતા ગુમ

પોરબંદરઃ પોરબંદરના કડીયા પ્લોટના આંબેડકર ભવન પાછળ રહેતા માલદે ભકત દાસા નામના ચાની લારી ધરાવતા યુવાને કમલાબાગ પોલીસને એવી જાણ કરી છે કે, તેની પત્ની દીપાબેન ઉ.વ.૨૧ તા.૨૪મી માર્ચે તેનાં ઘરેથી પરીવારના કોઈપણ સભ્યને

વધાવીની સીમમાંથી ટ્રેકટરના ટાયર સહીતના પાર્ટ્સની ચોરી

જુનાગઢઃ જુનાગઢમાં વધારવી ગામમાં રહેતા ગોપાલભાઈ નરસીભાઈ ઉસદડીયાનાં ખેતરમાં રહેલા ટ્રેકટરમાંથી બે ટાયર અને પ્રોપલર મળી કુલ ૨૩ હજારનો મુદ્દામાલ ચોરી થયો હતો. આ અંગે ગોપાલભાઈએ ફરીયાદ કરી છે. જેમાં શંકમંદ તરીકે નીલેશ વીરમનું નામ આપતા તાલુકા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરના બોર તળાવમાં ઝંપલાવી યુવાનનો આપઘાત

ભાવનગરઃ ભાવનગરમાં ગૌરીશંકર સરોવર બોર તળાવમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. આ કેસમાં પોલીસે વધુ તપાસ હાથ ધરતા મૃતદેહ મહંમદ અબ્દુલ સૈયદ નામના પ્રૌઢનો હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક ચીત્રા જીઆઈડીસીમાં મજુરી કામ કરતો હતો. પ્રાથમીક તપાસમાં આ બનાવ આપઘાતનો હોવાનું ખુલ્યું હતું.

કાટવાણા ગામે ૧૪ વર્ષની તરૂણીએ ઝેરી દવા પી કર્યો આપઘાત

પોરબંદરઃ કાટવાણા ગામની ભાવીશા અરજણભાઈ ઓડેદરાની નામની તરૂણીએ તા.૪ મેના રોજ સવારે કોઈ કારણોસર ખડ બાળવાની ઝેરી દવા પી લીધી હતી. જેથી તેને પ્રથમ સારવાર માટે પોરબંદરની કિટીકલ કેર હોસ્પિટલ ખાતે લઈ જવાયા બાદ વધુ અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાઈ હતી જયાં આઈ.સી.યુ.માં તેનું મૃત્યુ નીપજયું હતું.

રાણા કંડોરણા નજીક ટ્રેકટરચાલકે જી.આર.ડી. જવાનનો કર્યો ઘાયલ

પોરબંદરઃ કુતીયાણાના થેપડા દરવાજા પાસે રહેતા અને જી.આર.ડી.માં ફરજ બજાવતા કિરણ પોલાભાઈ બગડા ઘરેથી બાઈક લઈને ચુંટણી બંદોબસ્ત માટે પોરબંદરની રૂપાળી બા કન્યા શાળાના બુથ પર જવા નીકળ્યા હતા. ત્યારે રસ્તામાં ગુરુકૃપા હોટલથી અડધો કિલોમીટર દુર રોગ સાઈડમાં એક ટ્રેકયાલકે કુલ સ્પીડમાં ટ્રેકટર ચલાવતા ટ્રેકટરની પાછળ લગાડેલી દાંતી સ્કૂટર સાથે અથડાતા ટકકર લાગી હતી.

બાયડ તાલુકાના લિંબમાંથી દારૂનો જથ્થો ઝડપાયો : બે પોલીસ કર્મીઓની સંડોવણી

(તસ્વીરઃ દિલીપ પુરોહિત, બાયડ)

(પ્રતિનિધિ) બાયડ, અરવલ્લી જીલ્લામાં અનેક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની બુટલેગરો સાથે ભાઈબંધી હોવાની બૂમો સમયાંતરે ઉઠતી રહી છે વિદેશી દારૂની બદી અટકાવવાની જેના માથે જવાબદારી છે તેમાંથી કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ દારૂના નફામાં થતા બમણા નફાની લાલચમાં બુટલેગરના વહીવટદાર બની જતા હોવાની સાથે બુટલેગરોની ચાલતી લાઈનને સુરક્ષા પણ પુરી પાડતા હોવાની સાથે દારૂની લાઈનો ચલાવી રહ્યા હોવાની બૂમો ઉઠી રહી છે પોલીસકર્મી મહેશ ઉર્ફે પપ્પુ ગઢવી લોકડાઉનમાં કોમલ નામના પાસવર્ડથી ચાલતી દારૂની લાઈનનો ગાંધીનગર પોલીસે પર્દાફાશ કર્યો હતો

અરવલ્લી જીલ્લા LCB PI ડી.બી.વાળા અને તેમની ટીમે આંબલીયારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથધરતા લીંબ ગામમાં નટવરસિંહ અનોપસિંહ ચૌહાણના ખેતરની ઓરડીમાં સાબરકાંઠા તલોદના અણખોલ ગામના રણછોડસિંહ ઉમેદસિંહ ચૌહાણ નામના બૂટલેગરે દારૂનો જથ્થો ઉતારી કટિંગ કરવાની પેરવીમાં હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ તાબડતોડ બાતમી સ્થળે પહોંચી બુટલેગર રણછોડસિંહ ચૌહાણને દબોચી લઈ ઓરડીની અંદર સંતાડેલ વિદેશી દારૂની પેટી નંગ-૨૩ માંથી બોટલ-૧૧૦૪ કિં.રૂ.૧૨૧૪૪૦/-નો જથ્થો જપ્ત કરી ન્ઝ્રૈ ડી.બી.વાળાએ રણછોડસિંહ ચૌહાણની આગવી ઢબે પૂછપરછ કરતા બૂટલેગરે વટાણા વેરી નાખ્યા હતા અને દારૂનો જથ્થો ઠાલવવામાં બે પોલીસકર્મીની ભૂંડી ભૂમિકા હોવાનું બહાર આવતા પોલીસ ચોંકી ઉઠી હતી પોલીસે ૧.૨૬ લાખનો વિદેશી દારૂ સહિત મુદ્દામાલ જપ્ત કરી બે પોલીસ કર્મી સહિત પાંચ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ખાખીને બદનામ કરનારની કરતૂત અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસે દારૂના જથ્થા સાથે દબોચી લેનાર બુટલેગર રણછોડસિંહ ચૌહાણને અરવલ્લી જીલ્લા પોલીસમાં અગાઉ ફરજ બજાવતો મહેશ ઉર્ફે પપ્પુ ગઢવી સાથે ભાઈબંધી હોવાથી અન્ય પોલીસકર્મી મહેશ ડામોર સાથે ઓળખાણ કરાવી વિદેશી દારૂની જરૂર હોય તો કહેજે બંને દારૂનો ધંધો કરીએ છીએ રણછોડસિંહ ચૌહાણને વિદેશી દારૂની જરૂર પડતાં મહેશ ડામોરને કોલ કરતા તેને આઈશર ટ્રકમાં પથ્થરના પાવડરની થેલીઓ નીચે સંતાડી દારૂ ભરેલ ટ્રક બાયડ રેલ્વે ટ્રેક મોકલી આપતા રણછોડસિંહ ચૌહાણ કાર સાથે પાયલોટીંગ કરી ટ્રક ખેતરમાં લઈ જઈ અરવિંદસિંહ બળવંતસિંહ ચૌહાણ અને જગદીશ રાવળની મદદથી દારૂ ઉતારી લીધો હતો બંને પોલીસકર્મીઓ અરવલ્લી-સાબરકાંઠા સહિત અન્ય જીલ્લામાં દારૂનો જથ્થો પહોચાડતાં હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે મહેશ ઉર્ફે પપ્પુ ગઢવી અને મહેશ ડામોરની કાળી કરતૂત બહાર આવતા બંને બુટલેગર પોલીસકર્મીઓ ફરાર થઈ ગયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

જામવાડીમાં ટીટોડીએ ૪ ફૂટ ઉંચે ઈંડાં મૂક્યાં : અવનવી લોકવાયકા

ચાર ઈંડાં મુકયા હોવાથી ૪ મહીના વરસાદ વરસવાનો સંકેતઃ ગ્રામીણ લોકોનો વરતારો

ગોડલ, ચોમાસું સારુ રહેવા પર સજીવ-નિર્જીવ સૌ કોઈનો આધાર છે. અર્થતંત્ર પણ સારા ચોમાસા પર નિર્ભર રહે છે ત્યારે ખાસ કરીને સૌરાષ્ટ્રમાં અવનવી રીતે ચોમાસામાં સારો વરસાદ પડશે કે નહી? તેના વરતારા થતાં હોય છે. જેમાં હોળીની ઝાળની દીશાથી માંડીને ટીટોડી પક્ષીનાં ઈંડાંનો પણ સમાવેશ થઈ જાય છે.

ગોંડલ તાલુકામાં હાલ જુનવાણી લોકવાયકાઓના આધારે આવા જ વરતારા થવા લાગ્યા છે. કારણ કે અહી જામવાડી ગામે ટીટોડીએ જમીનથી ૪ ફૂટ ઉંચે કાંકરીના ઢગલા ઉપર ઈંડાં મુકયા છે. જો ટીટોડી ૪ ઈંડાં મુકે તો તેને ૪ મહીના અને ૩ ઈંડાં મુકે તો ૩ મહીહના સુધી વરસાદ વરસવાનો સંકેત માનવામાં આવે છે. તે જ રીતેંઈંડાંની સ્થિતી પરથી ઝડપી અથવા ધીમા વરસાદનો પણ વરતારો કરવામાં આવે છે.

ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકો અને ખેડૂતો હવામાનની આગાહી માટે કુદરતી સંકેતોનો સહારો લેતા હોય છે. જેમાં ટીટોડીના ઈંડાં દ્વારા ચોમાસાની આગાહી કરવાની પરંપરા પણ ઘણી જુની માનવામાં આવે છે. ખેડૂતોં માને છે કે, ટીટોડી આગામી ચોમાસું કેવું હશે ? તેને ધ્યાનમાં રાખીને ઈંડાં મુકવાની જગ્યા નકકી કરે છે. ટીટોડી દ્વારા ઉંચી જગ્યાએ ઈંડાં મુકવાથી પુષ્કળ વરસાદની શકયતા રહે છે. અને નીચી જગ્યાએ ઈંડાં મુકવાથી ઓછા વરસાદની સંભાવના રહે છે. કારણ કં ટીટોડી વધુ વરસાદની શકયતા હોય છે. ત્યારે પોતાનાં ઈંડાંને બચાવવા ઉંચા સ્થાને મુકે છે. બીજી બાજુ જો ટીટોડી ખેતરમાં અથવા ખાડામાં ઈંડા મુકે તો તે દુષ્કાળ જેવી સ્થિતીનો સંકેત માનવામાં આવે છે.

જેતપુરમાં વૃક્ષ નિકંદન કરી લાકડાનું વેચાણ કરતી સો મીલ સીલ

જેતપુર, ઔધોગીક શહેર જેતપુરમાં કેટલાક શો મીલ માલીકો વૃક્ષોના ગેરકાયદેસર કટીગ કરી સાડીનીા કારખાનેદારોને આ લાકડાનો જથ્થો બળતણમાં વેચી નાખતા હોવાની બાતમી ફોરેસ્ટ વિભાગની ટીમને મળી હતી જેમાં ૩ શો મીલ સીલ કરી દેવામાં આવી હતી.

જેતપુરમાં સાડીઓના કારખાનાના બોઈલરમાં મોટા પાયે લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે. આ માટે કેટલાક પ્રકૃતિના દુશ્મનો લાખો વૃક્ષોનું ગેરકાયદેસર કટીગ કરી શો મીલમાં વેચાણ કરે છે. શો મીલની મંજૂરી ન હોવા છતાં લાખો ટન લાકડાનો ગેરકાયદેસર સ્ટોક કરી બાદમાં તેનું સાડીના કારખાનેદારોને વેચાણ કરતા ૩ શો મીલ ધારકોની ગતિવીધીની તપાસ કરવાની સૂચના આપવામાં આવી હતી. જેમાં જેતપુરમાં આવેલ નવીનચંદ્ર કાંતીલાલ રૂડાણી નામની તેમજ નવાગઢમાં આવેલ શ્રી રામ વિજય શો મીલઅને લક્ષ્મી નારાયણ શો મીલને સીલ કરવામાં આવી હતી.

ગોડલના ઈન્ચાર્જ ફોરેસ્ટર એચ.એમ જાડેજા દ્વારા શહેરની જુદી જુદી જગ્યાએ આવેલી શો મીલમાં દરોડા પાડવામાં આવ્યા હતા. તેમાં મંજૂરી વગર સ્થળ બદલાવેલ ૩ જેટલી શો મીલ ચાલતી હોવાનું નજરે પડતા આ ત્રણેય શો મીલ સીલ કરીને તે મીલના સીઝ કરેલા જથ્થાની આકારણી કરી તેને દંડ ફટકારવામાં આવશે. આવી બીજી ફરીયાદો મળશે તો દરોડા પાડવામાં આવશે તેમ જાણવા મળે છે.

તમે જે પાઘડી બાંધી છે તેની લાજ નહીં જવા દઉ : ગેનીબેન ઠાકોર

ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવમાં ગેનીબેન ઠાકોરે કહ્યું કે, મારી જિંદગી હવે પછી શિક્ષણ પાછળ સમર્પિત કરીશ

(એજન્સી) વાવ, વાવના ધારાસભ્ય અને બનાસકાંઠા લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ફરી એકવાર ચૂંટણીમાં જીતનો વિશ્વાસ વ્યકત કર્યો છે. અવસર હતો ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવનો. જ્યાં ગેનીબેન ઠાકોરે સમાજનો આભાર વ્યકત કરતા કહ્યું કે સમાજે રૂપિયા અને વોટ બંને આપ્યા, મારા કરવા કરતા સમાજે મારા માટે ઘણું કર્યું છે. ત્યારે વિશ્વાસ વ્યકત કર્યો કે તમે જે પાઘડી બંધાવી તેની લાજ નહીં જવા દઉ. તો સમાજનું પોતાના પર ઋણ હોવાનો સ્વીકાર કરતા કહ્યું કે ચૂંટણી દરમિયાન ૪૦૦ સભા થઈ પરંતું હજુ તાકાત છે અને પાવર પણ છે તે પોતાની નહીં પણ સમાજની તાકાત છે. આ તકે ગેનીબેન ઠાકોરે ઠાકોર સમાજને સ્વનિર્ભર બનાવવા હાંકલ કરી હતી. આટલું જ નહીં દીકરીઓના શિક્ષણ પર પણ ભાર મૂક્યો છે.

ઠાકોર સમાજના સમૂહલગ્નોત્સવમાં વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોરે એક વિચાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, મારી જિંદગી હવે પછી શિક્ષણ પાછળ સમર્પિત કરી દઈશ. ઠાકોર સમાજમાં છેલ્લા ૩૦ વર્ષથી ભેગું કરીએ છીએ અને ફરી પાછું વેરાઈ જાય છે. છતાં હજુ એને હાર નહીં સ્વીકારીએ. ઠાકોર સમાજમાં હવે હજાર બે હજાર ના વાપરી શકે તેવું કોઈ કુટુંબ નહિ હોય. અગાઉના સમયમાં રાજકીય વ્યક્તિના સમૂહ લગ્નમાં નામ નહોતા લખતા. અગાઉ માત્ર સદારામ બાપુનાં નામે જ સમૂહ લગ્ન થતાં હતાં. કોઈ રાજકીય નેતાના નામ નથી લખાતા હતા અને તોય આમ જ ચાલતું હતું. જો કોઈ સમાજ સામે જો કોઈ ભેદભાવ રાખે તો રાખવાનો છે રાખવાનો છે અને રાખવાનો છે.

ઠાકોર સમાજના સમુહ લગ્નમાં અમારે કોઈની સામે ભીખ માગવાની નથી. ગેનીબેન ઠાકોરે અપીલ કરતાં જણાવ્યું કે, તમામ સમાજો સાથે રાખીને સમાજના પ્રસંગો કરવા જોઈએ. વાલ્મિકી સમાજના સમુહ લગ્નમાં હું ને શંકરભાઈ હતા પરંતુ અમે બંને મહેમાન હતાં. મહેમાનો ગમે ત્યાં જઈ શકે બોલાવે ત્યાં જઈ શકીએ. સમાજને સ્વનિર્ભર બનાવવો જોઈએ. તમારી દીકરીઓને સારી રીતે ભણાવી જોઈએ. વાલીઓ દ્વારા બાળકીને ભણવા માટે મોકલો છો ત્યારે ભાડાની વ્યવસ્થા કે પછી સાધનની વ્યવસ્થા કરાવો.

ગારિયાધારના મોટી વાવડીને સૌની યોજનાનું પાણી નહીં મળે તો આંદોલન

ગારીયાધાર, ગારીયાધાર તાલુકાના મોટી વાવડી ગામે છેલ્લા દોઢ માસથી સૌની યોજના અંતર્ગત સિંચાઈ વિભાગ દ્વારા પાણી આપવામાં ન આવતા આ બાબતે મોટી વાવડીના ગ્રામજનો દ્વારા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવાયું હતું. ગારીયાધાર પંથકના મોટી વાવડીના ગ્રામજનો દ્વારા છેલ્લા દોઢ માસથી પીવાના પાણી અને માલ, ઢોરને સાચવવા માટેનું સૌની યોજના અંતર્ગત પાણીની માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ અધિકારીઓ દ્વારા માત્ર આશ્વાસન આપીને દોઢ મહીનાથી સૌની યોજનાનું પાણી ન આપતા ગ્રામજનો દ્વારા મામલતદાર કચેરી અને પોલીસ મથક ખાતે આવેદનપત્ર પાઠવાયું હતું. ખેડૂતોને તંત્ર દ્વારા ૪૮ કલાકમાં સૌની યોજનાનું પાણી આપવામાં નહી આવે તો સુખપર ગામ પાસે આવેલી ચોકડી ખાતે તા.૧૪ ના રોજ રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી આપવામાં આવી છે.

મુખ્યમંત્રીને પત્ર પાઠવી કરી રજૂઆત

અમરેલી જિલ્લામાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોવાની પૂર્વ સાંસદની રાવ

રાજુલા, અમરેલી જીલ્લાના પૂર્વ સાંસદ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ હોવાની ફરીયાદ ઉઠી છે. ત્યારે પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમરે મુખ્યમંત્રીને રજુઆતો કરી તાત્કાલીક પોલીસ તંત્ર યોગ્ય કાર્યવાહી કરે તેવી માગણી કરી છે.

વિરજીભાઈએ પત્રમાં જણાવ્યું છે કે રાજુલા પાસે એક યુવાનને રહેસી નાખી તેના ડેડ બોડીને ઘરે ફેકી દેવામાં આવ્યું અમરેલી જીલ્લો ભગવાન ભરોસે ચાલતો હોય તેવું દેખાઈ રહયું છે. લોકોના જાન-માલની પોલીસ રક્ષણ કરવાને બદલે પોતાના કામ-ધંધામાં વ્યયવસ્થ તે પ્રકારનો વ્યવહાર ચાલી રહયો છે. તેમ લોકોમાં લાગી રહયું છે. રૂ.૨૦૦ કરોડ ઉપરની ડ્રગ્સ બાબતમાં આ ડ્રગ્સ બનાવનાર કોણ છે? તેની તપાસ કરાતી નથી. દારૂની હેરફેર બેફામ બની છે. ખનન પ્રવૃત્તિમાં પણ સરકારનાં કરોડો રૂપિયા ડૂબી રહયા છે. અને લોકોને રેતી માંધી મળી રહી છે. ઈકો ઝોનમાં આવતાં વિસ્તારમાંથી પણ રેતી ખનન થઈ રહી છે. ત્યારે પોલીસે કેમ નિષ્ક્રીય છે ? તે બાબતના વૈધક સવાલો લોકોમાં ચાલી રહયા છે.

રૂ.૨૦૦ કરોડથી વધારે ડ્રગ્સ બાબતે અમરેલીમાં બનાવ અંગે એકપણ પોલીસ અધિકારી ઉપર પગલા લેવાયા નથી તે શું સુચવી રહયું છે ? રૂ.દસ હજારનો કોઈના પોલીસ સ્ટેશન નીચે દારૂ પકડાય તો પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરવામાં આવે છે. તેવા નિયમો છે, ત્યારે રૂ.૨૦૦ કરોડથી વધારેનો ડ્રગ્સ, દારૂની હેરાફેરી બાબતમાં કેમ પગલાં લેવાતા નથી કે તે બાબતમાં સરકાર કેમ મૌન છે ? અમરેલીનાં ચૂંટાયેલા પ્રતીનીધીઓ પણ કેમ મૌન છે ? તેવી અનેક પ્રકારની ચર્ચાઓ અમરેલી જીલ્લામાં ચાલી રહી છે. આથી મુખ્યમંત્રી કક્ષાએથી આ બાબતમાં કડકમાં કડક કાર્યવાહી કરવા માટે વીરજીભાઈએ માંગણી કરી છે.

તનિષ્કના શોરૂમમાં મહિલા સહિત પાંચ કર્મીઓએ કરી રૂા.૧.૫૬ કરોડની ઉચાપત

બે વર્ષથી ચાલતું હતું કૌભાંડ...!!, સ્ટોક ચેક કરતા કુલ ૧૦૪ દાગીના ગાયબ હોવાનું ખુલ્યું હતું

મોરબી, મોબીના રામચોક નજીક આવેલ સોનાના દાગીનાનો તનીષ્ક શોરૂમમાં કામ કરતા ત મામ કર્મચારીઓએ એકબીજા સાથે મળી રૂપિયા ૧ કરોડ ૫૬ લાખ ૧૪ હજારની ઉચાપત કરી શોરૂમના માલીક સાથે વિશ્વાસઘાત કર્યો હતો. જેમાં હાલ પાંચ કર્મચારીઓ સામે ફરીયાદ દાખલ કરવામાં આવી છે.

સમગ્ર કૌભાંડની પ્રાપ્ત માહિતી અનુસાર મોરબીના રવાપર લીલાપર રોડ પર પ્લેટીનીયમ હાઈટસ બ્લોક નં.૩૦૨માં રહેતા વિમલભાઈ બાવનજીભાઈ ભાલોડીયા ઉ.વ.૫૪ એ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ મથકમાં હરીભાઈ જયંતીલાલ ભટ્ટી રહે. મોરબી પંચાસર રોડ શીવ સોસાયટી ધવલ અલ્પેશભાઈ પટણી રહે. મોરબી ગ્રીનચોક પાસે આશીષ ગુણવંતભાઈ માંડલીયા રહે. મોરબી ઈરફાન સાદીકભાઈ વડગામા રહે. મોરબી વાવડી રોડ, ભાવના પ્રેમજીભાઈ સોલંકી રહે. મોરબી, વનાળીયયા સોસાયટી તથા તપાસમાં ખુલ્લે તે વિરૂધ્ધ ફરીયાદ નોધાવી હતી. મોરબી રામચોક નજીક આવેલ તનીષ્ક સોનાના દાગીનાના શોરૂમમાં આ પાંચેય આરોપીઓ તથા અન્ય જે તપાસમાં ખુલ્લે તે તમામ આરોપીઓએ શોરૂમના કુલ ૧૦૪ નંગ સોનાના દાગગીના ગાયબ કરી શોરૂમના ભાગીદારો સાથે વિશ્વાસઘાત કર્યો હોય.જેમાં પાંચેય આરોપીઓ શોરૂમમાં કર્મચારી તરીકે નોકરી કરતા હોય અને ઘરેણાં વેચવાની જવાબદારી સંભાળતા હોય ત્યાયરે શોરૂમમાં સ્ટોર મેનેજર તરીકે કાર કામ કરતા આરોપી હરીભાઈ જયંતીલાલ ભટી તેમજ રીટેલ સેલ્સ ઓફીસર તરીકે કામ કરતા ઈરફાન સાદીકભાઈ વડગામાએ શોરૂમમાંથી ગેરકાયયદેસર દાગીના કુલ ૩૭ ગાયબ કરી તેને મુથુટ ફાઈનાન્સ બેકમાં ગગીરવે મુકી તેનો પર હરીભાઈએ ૨૯ લાખ અને ઈરફાન વડગામાએ ૧૩ લાખની લોન લીધી હતી.

ત્યારે શોરૂમમાંચ કામ કરતા કર્મચારીઓએ કુલ સોનાના દાગીના નંગ-૭૩ તથા શોરૂમમાંથી દાગીનાની ખરીદી કરેલ દીપકભાઈ પરમારનું દાગીનાની ખોટી રીસીપ બનાવી આપી જે દાગીના દીપકભાઈએ ખરીદ કર્યાય હતા તે થોડા દિવસો માટે ઓડીટ આવવાનું છે તેમ કહી પરત લઈ આજદીન સુધી દીપકભાઈએ ખરીદ કરેલા દાગીના નહી આપી કુલ કિ.રૂ.૧,૫૬,૧૪૦૦૦-જેટલી રકમની ઉચાપત કરી શોરૂમના માલીકો સાથે વિશ્વાસઘાત કરી પોતાના અંગત ફાયદા સારૂ સોનાના દાગીનાની અથવા રોકડા રૂપિયાની વહેચણી કરી ગુનાહીત કાવત્રુ રચી ઉચાપત કરી હતી.

સુરતમાં યુવકની કરપીણ હત્યા

ઓલપાડ, સુરત જિલ્લાના ઓલપાડના દેલાડ ગામે અપશબ્દો બોલવાની નજીવી બાબતે બબાલ કરી રહેલ ઈસમે એકાએક ઉશ્કેરાઈ જઈ એક યુવકને ચપ્પુના ઘા ઝીંકી ઘાતકી હત્યા કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ઓલપાડ પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપીને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

સુરત જિલ્લામાં લૂંટ, હત્યા, ચોરી જેવી ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. ત્યારે વધુ એક ઘાતકી હત્યાની ઘટના સામે આવી છે. ઓલપાડના દેલાડ ગામેં ના વતની ગણેશ નાથુરામ રાજપૂત કરિયાણાની દુકાન પાસે વતનમાં ગામમાં સાથે રહેતા મિત્રો સાથે ઊભા થયા હતા. ત્યારે ગોલ્ડન ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતો સંદીપ રામસેવક રાજપૂત કરિયાણાની દુકાને સામાન લેવા આવ્યો હતો. તે સમયે સંદીપ નામનો ઈસમ અચાનક ગાળો બોલવા લાગ્યો હતો. જેને લઈને ગાળો નહિ બોલવાનું કહી ગણેશ એ એના મોટા ભાઈને ફોન કરી બોલાવ્યા હતા. સ્થળ પર પહોંચેલ શિવકાત નામના યુવકે સંદીપને સમજાવવાની કોશિશ કરતા સંદીપ એકાએક ઉશ્કેરાઈ ગયો હતો અને ધક્કો મારી જમીન પર પાડી ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીંકી લોહી લુહાણ કરી શિવકાન્તની ઘાતકી હત્યા કરી સંદીપ ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર મામલે ઓલપાડ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. હત્યા ઘટનાની જાણ ઓલપાડ પોલીસને થતા ઓલપાડ પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતક યુવકના મૃતદેહનો કબજો લઈ હત્યારા સંદીપ રાજપૂતને ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા હતા.

આજરોજ ડો.કે.આર.શ્રોફ ફાઉન્ડેશન તેમજKRSF શિક્ષકોના સહિયારાપ્રયાસથીખેડબ્રહ્મા તાલુકાની૧૪શાળાઓમાંજરૂરિયાતમંદ બાળકોને ખેડબ્રહ્માનાBRC પિયુષભાઈ જોષી, ગીરીશભાઈ સાહેબ (KRSFક્લસ્ટર હેડ) તેમજKRSF ટીમ લીડરના વરદ હસ્તે જરૂરીયાત વાળા વિદ્યાર્થીઓને ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું.
(તસ્વીરઃ- હસમુખ પંચાલ, ખેડબ્રહ્મા)

આછવણીના પ્રગટેશ્વર ધામ દ્વારા ભરમોર-હિમાચલ પ્રદેશ ખાતે યમયજ્ઞ યોજાયો

(તસ્વીરઃ અશોક જોષી)

**(પ્રતિનિધિ) વલસ

૧૮ મે સુધી ગરમીનો પારો ૪૪ ડીગ્રી થાય તેવી શક્યતા

અમદાવાદનો પૂર્વ વિસ્તાર કોલેરા-કમળાના સકંજામાં

(પ્રતિનિધિ) અમદાવાદ, અમદાવાદ શહેરમાં ઝાડા-ઉલ્ટી, કમળો, કોલેરા, ટાઈફોઈડ જેવા પાણીજન્ય તેમજ ડેન્ગ્યૂ અને ચીકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગ વકરી રહ્યા છે. સાથે સાથે સ્વાઈન ફ્લૂના કેસમાં પણ ચિંતાજનક હદે વધારો થતા તંત્ર દોડતુ થઈ ગયું છે. શહેરમાં ત્રણ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીજન્ય રોગચાળાએ માજા મુકી છે, રામોલ, સરસપુર, ગોમતીપુર, ઈસનપુર, વટવા, લાંભા, દાણીલીમડા અને બહેરામપુરા સહિતના વિસ્તારોમાં ઝાડા-ઉલ્ટી અને કોલેરાના કેસ બહુ મોટી સંખ્યામાં બહાર આવી રહયા છે. શહેરમાં મે મહિનાના પ્રથમ ૧૦ દિવસમાં જ કોલેરા જેવા જીવલેણ રોગના ૧૪ કેસ નોંધાયા છે જયારે ચાલુ વર્ષ દરમિયાન કોલેરાના કેસની સંખ્યા ૫૪ થઈ ગઈ છે. ૨૦૨૨ના સમગ્ર વર્ષ દરમિયાન કોલેરાના માત્ર ૩૫ કેસ નોંધાયા હતા જયારે ૨૦૨૩માં ૯૫ કેસ કન્ફર્મ થયા હતાં જેની સામે ૨૦૨૪માં ચાર મહિનામાં જ ૫૪ કેસ નોંધાયા છે. આ બાબત અત્યંત ચિંતાજનક માનવામાં આવી રહી છે. ચાલુ માસના પ્રથમ ૧૦ દિવસમાં જ ઝાડા-ઉલ્ટીના ૬૩૫, કમળાના ૬૧ અને ટાઈફોઈડના ૧૮૫ કેસ નોંધાયા છે. જયારે ચાલુ વર્ષ દરમિયાન ઝાડા-ઉલ્ટીના ૩૭૪૭, કમળાના ૫૫૬ અને ટાઈફોઈડના ૧૨૫૯ કેસ કન્ફર્મ થયા છે. પાણીજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે તંત્ર દ્વારા રેસીડેન્સીયલ ક્લોરિન ટેસ્ટ કરવામાં આવી રહયા છે. ચાલુ વર્ષ દરમિયાન કુલ ૧૯૮૫ સ્થળે નીલ ક્લોરિનના રિપોર્ટ આવ્યા છે જયારે ૪૦૦ સ્થળે પાણીના સેમ્પલ અનફિટ જાહેર થયા છે. શહેરમાં પાણીજન્ય રોગચાળાની સાથે સાથે ડેન્ગ્યૂના કેસ પણ સતત વધી રહયા છે તથા મે મહિનામાં ડેન્ગ્યૂના ૨૬ કેસ કન્ફર્મ થયા છે. વર્ષ દરમિયાન ડેન્ગ્યૂના કેસની સંખ્યા ૧૮૪ થઈ છે.

શહેરમાં એચ-૧ એન-૧ વાયરસના કેસ પણ સતત વધી રહયા છે અત્યાર સુધી સીઝનલ ફ્લૂના કુલ ૫૧૩ કેસ કન્ફર્મ થયા છે જે પૈકી માર્ચમાં ૨૩૨ અને એપ્રિલમાં ૧૨૬ કેસ મુખ્ય છે જયારે મે મહિનામાં નવા ૭ કેસ નોંધાયા છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ૧૪ મે થી ૧૬ મે સુધી ત્રણ દિવસ માટે ગરમી માટે યલો એલર્ટ તેમજ ૧૭ અને ૧૮ તારીખે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે મતલબ કે આ પાંચ દિવસ દરમિયાન શહેરમાં ગરમીનો પારો ૪૩- ૪૪ ડીગ્રી સુધી રહી શકે છે. આ દિવસો દરમિયાન નાગરિકોએ જરૂરી કામ વગર બહાર ન નીકળવા તેમજ વધુ માત્રામાં પ્રવાહી લેવા તેવી સુચના તંત્ર દ્વારા આપવામાં આવી છે.

વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ઉજવાયો નર્સીસ ડે

(માહિતી) વડોદરા, તા. ૧૨ મે ને આંતરરાષ્ટ્રીય નર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે વડોદરાની નર્સિંગ કોલેજ, એસએસજી હોસ્પિટલ, ટ્રેઈન્ડ નર્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા, વડોદરાના ઉપક્રમે એસએસજી હોસ્પિટલમાં આજે નર્સિંગ ડે-૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આપણા ભારતીય સમાજમાં ડોક્ટરની સાથે અને ડોક્ટરની આગળ ખડેપગે કામ કરનારા નર્સિંગ સ્ટાફની કામગીરી એક યોદ્ધાથી ઓછી નથી, માટે નર્સિંગ સ્ટાફનું સન્માન થવું જોઈએ અને તેમને યોગ્ય ઓળખ મળવી જોઈએ જેના માટે આ નર્સિંગ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ સમારંભમાં નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર ડો.પ્રજ્ઞાબેન ડાભી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે હેલ્થ સેક્ટરમાં સૌથી અગત્યનું કોઈ પાસું હોય તો એ નર્સિંગ સ્ટાફ છે, નર્સિંગની બહેનો અને ભાઈઓ ખુબ કપરું અને વિષમ પરિસ્થિતિમાં કામ કરે છે, આમ કહીને તેમણે સૌ કોઈ નર્સિંગ સ્ટાફને પ્રણામ કર્યા હતા. નર્સિંગ સ્ટાફને અન્ય વ્યવસાય કરતા પગારની સાથે લોકોની સેવા કરવાનો મોકો મળે છે અને સમાજના જરૂરિયાતમંદ લોકોના આશીર્વાદ મળે છે આ એક સૌથી ઉમદા વ્યવસાય છે, આ ઉપરાંત ડો. રંજન અયર, મેડીકલ સુપ્રીટેન્ડન્ટએ જણાવ્યું હતું કે નર્સિંગ સ્ટાફ પોતાના વ્યવસાયને સમર્પિત હોય છે, ડો.આઈ.એ કડીવાલા, ટી.એન.એ.આઈ સેક્રેટરીએ જણાવ્યું હતુકે લોકોની સેવા કરીને દર્દીનારાયણને સમર્પિત થનારો વર્ગ એટલે નર્સિંગ સ્ટાફ.

શામળાજી પંથકમાં ધોધમાર વરસાદ

(પ્રતિનિધિ) બાયડ, અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં હવામાન વિભાગની આગાહી મુજબ ભારે પલ્ટો આવતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા શામળાજી પંથકમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ ખાબકતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી શામળાજીના રોડ રસ્તા પર પાણી ફરી વળ્યા હતા મેઘરજના કેટલાક વિસ્તારોમાં હળવા પવન સાથે સામાન્ય વરસાદ પડ્યો હતો ગુજરાતના વાતાવરણની પેટર્ન બદલાઈ હોય તેમ ગમે તે ઘડીએ વાતાવરણમાં પલટો આવવાની સાથે વરસાદ પડી રહ્યો છે હાલ કાળઝાળ ગરમીના પ્રકોપ વચ્ચે આકાશે વાદળોની જમાવટ સાથે શામળાજી સહિત અનેક વિસ્તારોમાં મેઘરાજાનું આગમન થયું છે

ભારત સરકાર, ડિપાર્ટમેન્ટ ઓફ સ્પેસ, સ્પેસ એપ્લીકેશન્સ સેન્ટર (સેક)
કન્સ્ટ્રકશન એન્ડ મેઈન્ટેનન્સ ગ્રુપ (સીએમજી), ઈલેક્ટ્રિક અને ફાયર એલાર્મ સીસ્ટમ ડિવિઝન, , જોધપુર ટેકરા, આંબાવાડી વિસ્તાર, પી.ઓ., અમદાવાદ-૩૮૦૦૧૫, Ph. No: (079) 26914907/08/17/01, FAX No: (079) 26915800

ટેન્ડર આમંત્રિત કરતી સંક્ષિપ્ત સૂચના

ઈ-ટેન્ડર નોટિસ નં. : (i) SAC/CMG/EFASD/M/02 & 03/2024-25 Dt.08.05.2024

૧. ભારતના રાષ્ટ્રપતિ તરફથી નીચે જણાવેલ કાર્યો માટે ઈ-નિવિદાથી ઓનલાઈન આઈટેમ રેટ નિવિદાઓ મંગાવવામાં આવે છે.

ક્રમાંક	કામની વિગત	ટેન્ડર પરનો અંદાજિત ખર્ચ	કાર્ય પુરૂ કરવાનો સમયગાળો	નિવિદા દસ્તાવેજ ડાઉનલોડ કરવાનો સમય	ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય	ટેન્ડર ખોલવાની તારીખ અને સમય	બાનાની રકમ (ઇએમડી) ₹.
૧.	અંતરિક્ષ નગર કોલોની, અમદાવાદમાં, ATS પ્રકારની સ્ટાર્ટર પેનલની જગ્યાએ ૪૦ H.P. સોફ્ટ સ્ટાર્ટરનું SITC અને પરચૂરણ ઈલેક્ટ્રીકલ કામો.	રૂા.૫.૩૮ લાખ	૦૧ મહિના	તા.૧૪.૦૫.૨૦૨૪ (૧૦.૦૦ કલાકે) થી તા.૨૨.૦૫.૨૦૨૪ (૧૭.૦૦ કલાક સુધી)	તા.૨૭.૦૫.૨૦૨૪ ના રોજ ૧૭.૦૦ કલાકે	તા.૨૯.૦૫.૨૦૨૪ ના રોજ ૧૧.૦૦ કલાકે (ટેકનિકલ અને કોમર્શિયલ બીડ)	₹ 10,760.00
૨.	૩૯ એકરનવા SAC કેમ્પસ, બોપલ અમદાવાદમાં વિવિધ ઈમારતો, ક્લીન રૂમ અને સબ સ્ટેશનની અર્થિંગ સિસ્ટમનું મજબૂતીકરણ-ઈલેક્ટ્રીકલ કામ	રૂા.૧૭.૯૦ લાખ	૦૬ મહિના				₹ 35,800.00

૨. નિવિદા દસ્તાવેજો ટેન્ડર વિઝાર્ડમાં રજીસ્ટ્રેશન તથા નિવિદા પ્રક્રિયા શુલ્ક ચૂકવ્યા બાદ www.tenderwizard.com/ISRO વેબસાઇટમાં નિર્ધારીત સમય દરમ્યાન ડાઉનલોડ કરી શકાય છે. ઉપરોક્ત વેબસાઇટમાં વિક્રેતાના રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પ્રદર્શિત મૂકવામાં આવી છે. નિવિદા પ્રકીયા ની શુલ્ક ચૂકવણી ઇ-ગેટવે માધ્યમથી મેસર્સ આઈટીઆઈ લિ.ને કરવાની છે.

૩. ઈચ્છુક નિવિદાકારો યોગ્યતા માપદંડ અને અન્ય વિગતો માટે વેબસાઈટ : www.isro.gov.in અથવા www.sac.gov.in તેમજ www.tenderwizard.com/ISRO પરથી ટેન્ડર ફી વાઈવ પર વિગતવાર સૂચના આમંત્રિત ટેન્ડર (NIT)નો સંદર્ભ લઈ શકે છે.

ગ્રુપ હેડ, સીએમજી/સેક

ડો. જે.એમ. વ્યાસના હસ્તે NFSUના બે પ્રોફેસરો દ્વારા સહ-લિખિત પુસ્તક "મેન્ટરિંગ બિયોન્ડAI"નું વિમોચન

ગાંધીનગર, નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU)ના કુલપતિ, ડો. જે.એમ. વ્યાસે NFSUના બે પ્રોફેસરો પ્રો. એસ.એસ. આયંગર, એમેરિટસ પ્રોફેસર-NFSU અને પ્રો. (ડૉ.) નવીન કુમાર ચૌધરી, ડીન-NFSU દ્વારા સહ-લિખિત પુસ્તક "મેન્ટરિંગ બિયોન્ડ AI"નું વિમોચન નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે તા.૧૩મી મે, ૨૦૨૪ના રોજ કર્યું છે. સાથે જ ડો. વ્યાસે NFSUના ગાંધીનગર કેમ્પસ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન સાયબર સિક્યોરિટીના વર્ચ્યુઅલાઈઝેશન વીડિયોનું પણ અનાવરણ કર્યું હતું.

NFSUના એમેરિટસ પ્રોફેસર અને 'મેન્ટરિંગ બિયોન્ડ AI" શીર્ષકવાળા પુસ્તકના લેખકમાંના એક, પ્રો. એસ.એસ. આયંગરે, પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ પુસ્તક માત્ર હ્યુમન મેન્ટર્સ અને AI સિસ્ટમ વચ્ચેના સહઅસ્તિત્વના સંબંધને જ ઉજાગર કરતું નથી, પરંતુ તેમાં ઉદ્ભવતા નૈતિક પડકારો, ડાયનેમિક ઇન્ટરએક્શન માટે જરૂરી ઉત્તમ પ્રક્રિયાઓને પણ દર્શાવે છે. આ પુસ્તક વિદ્વાનો અને માર્ગદર્શકો માટે એક દીવાદાંડી તરીકે કામ કરશે, જે ભાવિ માર્ગદર્શન આપશે. જ્યાં શિક્ષણ અને માર્ગદર્શનમાં અમૂલ્ય માનવીય સ્પર્શને બદલે ટેક્નોલોજી સ્થાન લઈ રહી છે.

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કુલપતિ ડો. જે.એમ. વ્યાસે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે 'મેન્ટરિંગ બિયોન્ડ AI" નામના પુસ્તકના પાંચમાંથી બે લેખકો NFSUના છે, જે **NFSU** માટે અત્યંત ગૌરવપૂર્ણ બાબત છે. આ પ્રકાશન આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(કૃત્રિમ બુદ્ધિમત્તા)ના યુગમાં માર્ગદર્શનની શક્તિને સમજવા અને તેનો ઉપયોગ કરવાની સામૂહિક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. જેમ આપણે જાણીએ છીએ તેમ, મેન્ટરિંગ વિદ્યાર્થીઓના જીવન અને કારકિર્દીને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ખાસ કરીને છેં જેવી ઉભરતી ટેક્નોલોજી સંદર્ભમાં આ પુસ્તક વિદ્વાનો સહિત ભાવિને પેઢીને વધુ સશક્ત બનાવશે.

આ પ્રસંગે શ્રી સી.ડી. જાડેજા, એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર-NFSU; પ્રો. એસ.એસ. આયંગર, એમેરિટસ પ્રોફેસર-NFSU; પ્રો. એચ.બી.પ્રસાદ, પેસ યુનિવર્સિટી, બેંગાલૂરુ અને પ્રો. (ડૉ.) નવીન કુમાર ચૌધરી, ડીન-એસસીએસડીએફ-NFSU મંચ ઉપર બિરાજમાન હતા. જ્યારે કાર્યક્રમ દરમિયાન NFSUની વિવિધ સ્કૂલ્સના ડીન અને એસોસિયેટ ડીન, અધ્યાપકગણ, સ્ટાફ અને NFSUના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સૂન બેઠક યોજાઈ

(માહિતી) પાટણ, જિલ્લા સેવા સદન ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રી બી.એસ. પટેલની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સૂન બેઠક ૨૦૨૪ યોજાઈ હતી. આ બેઠકમા પ્રિ-મોન્સૂનની પૂર્વ તૈયારીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં વરસાદનાં કારણે જો કોઈ નુકસાન થાય અથવા કોઈ જાનહાની થાય તો તેને પહોંચી વળવાની સાથે સંભવિત નુકસાનને રોકવા અંગેના વિવિધ મુદ્દાઓની ચર્ચાઓ કરવામાં આવી હતી જેને અનુલક્ષી સંલગ્ન અધિકારીશ્રીઓને નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા કેટલાક સૂચનો પણ કરવામાં આવ્યાં હતા.

ગીતા રબારીના પ્રેરણાત્મક થીમ ગીત સાથે માતૃત્વ દિવસની ઉજવણી

નવી દિલ્હી, ગ્રાહકોના હેલ્થ અને હાઈજીનમાં વૈશ્વિક આગેવાન રેકિટ દ્વારા સેલ્ફ કેર ફોર ન્યૂ મોમ્સ એન્ડ કિડ્સ અંડર ૫ (અર્થાત, નવી માતાઓ અને ૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સ્વસંભાળ) પહેલ રજૂ કરવા માટે પ્લાન ઈન્ડિયા સાથે ભાગીદારી કરી છે. આ પહેલ ગુજરાતમા ભાવનગર અને ગિર સોમનાથ, ધુળે, મહારાષ્ટ્રમાં ધુળે અને વાશિમ તથા રાજસ્થાનમાં રાજસામંદમાં માતા અને બાળકના સ્વાસ્થ્યને સુધારવા પ્રત્યે કેન્દ્રિત છે. સ્વસંભાળની વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની વ્યાખ્યા પર આધારિત પ્રોજેક્ટ સ્વાસ્થ્યને પ્રોત્સાહિત કરવા, રોગ નિવારવા અને સુખાકારીનું વ્યવસ્થાપન કરવા માટે નાગરિકો, પરિવારો અને સમુદાયોની ભૂમિકા ઓળખે છે. તેનું લક્ષ્ય નવી માતાઓની એકંદર સુખાકારી બહેતર બનાવવાનું અને સ્વાસ્થ્ય એ સૈદ્ધાંતિક અધિકાર છે તેને સમર્થન આપતાં સ્વસંભાળને બાળપણના વિકાસમાં જોડવાનું છે.

આ પહેલ પારંપરિક નૃત્યનાટિકાઓ, વિવિધ પ્રકારની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને લોકોના ઘેરબેઠા મહત્ત્વપૂર્ણ સ્વાસ્થ્યની માહિતી અને સેવાઓ પહોંચાડવા માટે ઘેર ઘેર સહભાગ સહિત નવીન પહોંચ કાર્યક્રમો થકી ગ્રામીણ સમુદાયોમાં યુવા માતાઓને સહભાગી કરે છે. આ સીધો અભિગમ હેલ્થ ફોર ઓલ પ્રત્યે સન્માનનીય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કટિબદ્ધતા સાથે સુમેળ સાધતાં દરેક પરિવારમાં સ્વસંભાળ અને સ્વાસ્થ્ય શિક્ષણ પહોંચે તેની ખાતરી રાખે છે. આ કાર્યક્રમની આ પ્રદેશોમાં વ્યાપક પહોંચ માતાઓ અને સંભાળકર્તાઓને સશક્ત બનાવવામાં મદદરૂપ થઈને તેમને પોતાના અને તેમના સંતાનના સ્વાસ્થ્યનો અસરકારક રીતે હવાનો સંભાળી લેવા માટે અભિમુખ બનાવે છે.

મધર્સ ડે નિમિત્તે એસબીઆઈ લાઇફની 'મમ્મી કી અપની પહેચાન' ડિજિટલ ફિલ્મ

નવી દિલ્હી, માતૃત્વ એ એક પવિત્ર સફર છે જે અતૂટ શક્તિ અને સ્થિતિસ્થાપકતા માંગી લે છે. આજના ઝડપથી ભાગતા વિશ્વમાં માતાઓ કૃપા, પ્રતિબદ્ધતા અને નિર્ધાર સાથે નિઃસ્વાર્થપણે બહુવિધ ભૂમિકાઓ ભજવે છે એમાં કોઈ આશ્ચર્ય નથી કે તેમને ઘણી વાર પોતાના બાળકો, પરિવારો અને બહોળા સમાજ માટે એક પ્રેરણા તરીકે જોવામાં આવે છે. વ્યવસાયિક મહત્વાકાંક્ષા સાથે જોડાયેલી માતૃત્વની નોંધપાત્ર ભાવનાને સલામ કરતા એસબીઆઈ લાઈફે નવી 'મમ્મી કી અપની પહેચાન' ડિજિટલ ફિલ્મ રજૂ કરી છે જેનું લક્ષ્ય લાઈફ મિત્ર એટલે કે એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ એજન્ટ તરીકે પોતાની ઓળખ અપનાવીને મમ્મીઓ દ્વારા અપાતા અમૂલ્ય પ્રદાન પર પ્રકાશ પાડે છે. લાઈફ મિત્ર બનવા ઉપરાંત તેઓ તેમના ક્લાયન્ટના પરિવાર માટે નાણાંકીય સલાહકાર તરીકે પણ કામ કરે છે અને પોતાના પ્રિયજનો માટે સંભાળ રાખનાર તરીકેની ભૂમિકા પણ ભજવે છે. આ ફિલ્મ બતાવે છે કે કેવી રીતે એક લાઈફ મિત્ર પોતાની દીકરી માટે પ્રેરણા બની શકે છે જ્યારે તે એક દિવસ માટે તેની માતાની ભૂમિકા ભજવે છે.

SBI Life
Apne liye. Apno ke liye.

દેશભરમાં ઘરેઘરે નાણાંકીય સ્થિતિ ગ્રાહકોની જરૂરિયાતો સાથે બદલાઈ રહી છે ત્યારે આ નોંધપાત્ર મહિલા લાઈફ મિત્ર મજબૂતાઈ, ડહાપણ અને હૂંફના પાયા તરીકે ઊભી છે. પોર્ટફોલિયો મેનેજ કરવાથી માંડીને ગહન નાણાંકીય માર્ગદર્શન પૂરા પાડવા સુધી તેઓ પોતાની કુશળતા તથા નિપુણતા સાથે નાણાંકીય ઉદ્યોગ, ખાસ કરીને ઈન્શ્યોરન્સ સેક્ટરની જટિલતાઓમાં આગળ વધે છે અને સાથે સાથે તેમના પરિવારની જવાબદારીઓ નિભાવે છે અને પોતાના પરિવારને ટેકો આપે છે.

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
સુધારો નં.1
કામનું નામ: પ્રતાપનગર વર્કશોપમાં વેગન પર બોડી રિપેર અને ડોર રિપેરનું કામ **સંદર્ભ:** આ ઓફિસ ટેન્ડર નોટિસ નંબર. **M137_MECH_PRTN_TEND_24_04 તારીખ : 20-04-2024 રકમ :** ₹ 1,39,99,213/- (1) ટેન્ડર દસ્તાવેજમાં કાર્યક્ષેત્રની નીચેની કલમ નીચે પ્રમાણે સુધારેલ છે. :- કલમ નં.05 (જાળવવા માટેનું પરિણામ) **હાલની વિગતો** : કોન્ટ્રાક્ટરે આપેલ સમયગાળામાં ઓફર કરેલા વેગન હાંસલ કરવા માટે પૂરતો સ્ટાફ રાખવો જોઈએ. **સુધારેલ વિગતો** : કોન્ટ્રાક્ટરે આપેલ સમયગાળાની અંદર લઘુત્તમ 100 વેગનનો માસિક લક્ષ્ય હાંસલ કરવા માટે પૂરતો સ્ટાફ/સંસાધનો તૈનાત કરવા જોઈએ. **(2) ટેન્ડરના અન્ય તમામ નિયમો અને શરતો સમાન રહેશે.** BRC36
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન
વિવિધ એન્જિનિયરિંગ કાર્યો
ઈ-ટેન્ડર નોટિસ નંબર - **DYCE-BR-BRC- 07-2024** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન) વડોદરા દ્વારા નીચેના કામો માટે ઇ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવ્યા છે. **ટેન્ડર નં.** DYCE-BR-BRC-07-2024 **કામનું નામ :-** રતલામ વિભાગ: SSE BR RTM ના અધિકારક્ષેત્ર હેઠળ મહત્વપૂર્ણ પુલ નંબર 226 DN નું અલાઇન્મેન્ટ રેલ ફ્લાય ઓવર બ્રિજ નં. 460 નું પુનર્વસન અને 32 મોટા પુલોના સરફેસ નું પુનર્વસન. **કામની અંદાજિત કિંમત :** ₹1,17,12,997.07 **જમા કરાવવાની બીડ સિક્યુરિટી:** ₹.2,08,600.00 **ઈ-ટેન્ડર જમા કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર 14.06.2024 ના રોજ 15.00 કલાક પહેલા જમા કરવાનું રહેશે. અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવામાં આવશે. **વેબ સાઇટની વિગતો અને સ્થાન માટેની માહિતી જેમાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે. વેબ સાઇટ :** www.ireps.gov.in નાયબ મુખ્ય ઇજનેર (બ્રિજ લાઈન) વડોદરા પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 BRC37
અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે - વડોદરા મંડલ
શુદ્ધિપત્રક નં 1
कार्य का नाम: प्रतापनगर वर्कशॉप में बीजी वैगन की सफाई, पेंटिंग और लेटरिंग का काम। **संदर्भ:** यह कार्यालय निविदा सूचना क्रमांक **M137_MECH_PRTN_TEND_24_03 दिनांक 17-04-2024 राशि :** ₹ 43,86,000/- **(1) निविदाएं जमा करने और निविदाएं खोलने की तारीख और समय को निम्नानुसार संशोधित किया गया है।वर्तमान विवरण:** बोली 14-05-2024 को 15:00 बजे बंद कर दी जाएगी और उसी दिन 15:30 बजे खोली जाएगी। **संशोधित विवरण:** बोली 24-05-2024 को 15:00 बजे बंद कर दी जाएगी और उसी दिन 15:30 बजे खोली जाएगी। **(2) निविदा के अन्य सभी नियम एवं शर्तें वही रहेंगी।** BRC35
अमने लाइक करो: facebook.com/WesternRly

વેસ્ટર્ન ટાઇમ્સ
વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
-જાહેરખબર મેનેજર

GUJARAT CONTAINERS LTD

CIN - L28120GJ1992PLC017081
Corporate Office : 201/202B, Alkapuri Arcade, Opp. Welcome Hotel, R C Dutt Road, Vadodara
Regd. Office;- 488, Baroda - Savli Highway, Village - Tundav, Taluka-SAVLI, DIST Baroda-Gujarat.
Ph. No. 2667-262084/26220 : Website : www.gujaratcontainers.com
Statement of Audited Financial Results for the quarter and ended 31st March, 2024 (RS. IN Lakhs)

SR. NO.	PARTICULARS	QUARTER ENDED			YEAR ENDED	
		31/03/2024 (Audited)	31/12/2023 (Unaudited)	31/09/2023 (Audited)	31/03/2024 (Audited)	31/03/2023 (Audited)
1	TOTAL REVENUE	3,621.78	3,772.59	3,184.41	14,156.52	13,575.10
2	Profit Before Tax	248.03	286.54	323.89	1,203.07	1,496.90
3	Tax Expenses	47.88	69.43	82.59	301.38	387.54
4	Profit for the period	200.15	217.11	241.30	901.68	1,109.36
5	Total other comprehensive income / (loss) for the period	-4.93	-0.70	-3.91	-7.02	-2.78
6	Profit net of Comprehensive Income	195.22	216.41	237.39	894.66	1,106.57
7	Paid up Equity Capital (Rs. 10 each)	565.00	565.00	565.00	565.00	565.00
8	Other Equity				3,807.45	2,912.79
9	Earnings per equity share (Face value of Rs. 10 each)	3.54	3.84	4.20	15.96	19.59
10	Basic & Diluted (in Rs.)	3.54	3.84	4.20	15.96	19.59

Notes :
1). The above financial results for the quarter ended 31st March, 2024 was audited and recommended by the Audit Committee at the meeting held on 11th May, 2024 and subsequently approved by the Board of Directors and taken on record, at the meeting held on 11th May, 2024.
2). The Company is primarily engaged in Packing Material Business and therefore there is only one reportable segment.
3). The Board of Directors have recommended dividend of Rs. 1.50 per equity share for the financial year ended 31st March, 2024. (Previous Year Rs. Nil per equity share)
4). The above results of the Company are available on the Company's website www.gujaratcontainers.com and also on www.bseindia.

For Gujarat Container's Limited
(Neil Shah)
DIN : 08616568
Managing Director & CFO

Place : Vadodara
Date : 11-05-2024

UPL OpenAg™

UPL Limited

CIN: L24219GJ1985PLC025132
રજિ.ઓફિસઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિ-વલસાડ-૩૯૬ ૧૯૫, ગુજરાત.
ટેલીફોન નં.+૯૧ ૨૬૦ ૨૪૩૨૭૧૬, ઈમેલઃ upl.investors@upl-ltd.com વેબસાઈટઃ www.upl-ltd.com

૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજ પુરા થતા ત્રીમાસીક અને વર્ષ અંતેના કોન્સોલીડેટેડ ઓડિટેડ નાણાંકિય પરિણામોનો અહેવાલ

(રૂ.કરોડમાં)

ક્રમ નં.	વિગતો	ત્રિમાસીક અંતે			વર્ષના અંતે	
		માર્ચ-૨૪ (ઓડિટેડ)	ડીસે-૨૩ (અનઓડિટેડ)	માર્ચ-૨૩ (ઓડિટેડ)	માર્ચ-૨૪ (ઓડિટેડ)	માર્ચ-૨૩ (ઓડિટેડ)
૧.	કામગીરીમાંથી કુલ આવક	૧૪,૦૭૮	૯,૮૮૭	૧૬,૫૬૯	૪૩,૦૯૮	૫૩,૫૭૬
૨.	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ વસ્તુઓ પહેલાં)	૧૩૫	(૧,૬૪૯)	૧,૪૨૦	(૧,૮૩૫)	૫,૩૨૦
૩.	કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (અસાધારણ વસ્તુઓ પછી)	૩૦	(૧,૬૬૬)	૧,૩૯૧	(૨,૦૮૭)	૫,૧૫૦
૪.	કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન)	(૮૦)	(૧,૬૦૭)	૧,૦૮૦	(૧,૮૭૮)	૪,૪૧૪
૫.	કુલ અન્ય વ્યાપક (નુકસાન)/ સમયગાળા માટે આવક, ચોખ્ખો કર	(૨૯૯)	૫૮૧	(૯૭)	૯૯	૨,૦૧૦
૬.	કુલ વ્યાપક આવક (કર પછી)ના સમયગાળા માટે	(૩૭૯)	(૧,૦૨૬)	૯૮૩	(૧,૭૭૯)	૬,૪૨૪
૭.	કંપનીના શેરધારકોને કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ વસ્તુઓ પછી)	૪૦	(૧,૨૧૭)	૭૯૨	(૧,૨૦૦)	૩,૫૭૦
૮.	કંપનીના શેરધારકોને આ સમયગાળા માટે અન્ય વ્યાપક (નુકસાન)/ આવક	(૨૩૭)	૪૬૯	(૮૦)	૯૨	૧,૬૯૭
૯.	કંપનીના શેરધારકોને કુલ વ્યાપક (નુકસાન)/ આવકની વિશેષતા	(૧૯૭)	(૭૪૮)	૭૧૨	(૧,૧૦૮)	૫,૨૬૭
૧૦.	પેઇડ અપ ઇક્વિટી શેર કેપિટલ (શેરનું ફેસ વેલ્યુ - રૂ. ૨/- દરેક)	૧૫૦	૧૫૦	૧૫૦	૧૫૦	૧૫૦
૧૧.	અન્ય ઇક્વિટી				૨૪,૬૫૭	૨૬,૭૦૮
૧૨.	શેર દીઠ (ઇપીએસ) (શેર રૂ.૨/- દરેક)					
	શેર દીઠ બેઝિક કમાણી	૦.૫૨	(૧૭.૧૧)	૧૦.૬૮	(૧૭.૮૦)	૪૫.૭૯
	શેર દીઠ ડાયલ્યુટેડ કમાણી	૦.૫૨	(૧૭.૧૧)	૧૦.૬૮	(૧૭.૮૦)	૪૫.૭૯

નોંધો :
૧. ઉપરોક્ત ૩૧મી માર્ચ, ૨૦૨૪ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને વર્ષના અંતેના સિક્યુરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઇન્ડિયાના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સ્ચેંજમાં ફાઇલ કરેલા ઓડીટેડ કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો

ગુજરાતના વાતાવરણમાં પલ્ટો: તોફાની પવન સાથે કમોસમી વરસાદ

કમોસમી વરસાદની આગાહીના વચ્ચે અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારમાં સાંજના સમયે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતકો અને આકાશમાં વાદળો છવાયા હતા. આ ઉપરાંત ભારે પવન ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં કમોસમી વરસાદ વરસતાં માર્ગો ઉપર વરસાદી પાણી ફરી વળ્યા હતાં. તેમજ વાતાવરણમાં આવેલ પલ્ટાના પગલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આઈપીએલની મેચને પણ અસર થઈ હતી (તસવીર: જયેશ મોદી)

ભાવનગરના સિહોર તાલુકાના ગામોમાં અને વલસાડમાં કરા સાથે વરસ્યો વરસાદ : અમદાવાદમાં વાવાઝોડા સાથે અનેક વિસ્તારમાં વરસાદ: અમદાવાદના ૧૧ સ્થળો ઉપર વૃક્ષો ધરાશાયી

(એજન્સી) અમદાવાદ,

ગુજરાતમાં આગાહી મુજબ ગાજવીજ સાથે વરસાદ આવ્યો છે. ઉત્તર ગુજરાતથી લઈને દક્ષિણ ગુજરાત સુધી વરસાદ વરસ્યો છે. તેમાં પણ વલસાડમાં મિની વાવાઝોડા સાથે કરા પડ્યા, તો અંબાજીમાં ધોધમાર વરસાદ વરસ્યો. વલસાડમાં તોફાની પવન સાથે વરસાદના કારણે ગિરનાર ગામે આશ્રમ શાળાના પતરા ઉડ્યા, તો કેટલીક જગ્યાએ વૃક્ષ ધરાશાઈ થવાની ઘટના બની છે. ત્યારે આજે ક્યાં ક્યાં વરસાદ રહ્યો તે જોઈએ.

રાજ્યના પડોશમાં આવેલ સંઘપ્રદેશમાં પણ વાતાવરણમાં પલટો આવ્યો છે. દાદરા નગર હવેલીના વાતાવરણમાં પલટો આવ્યો. સેલવાસના ખાનવેલ અને ખેડપા સહિતના વિસ્તારોમાં વરસાદ કરા સાથે વરસાદ આવ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ પણ વરસાદની શક્યતા છે. અંબાજી પંથકના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. બપોર બાદ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા છે. તો સાથે જ હળવા વરસાદની શરૂઆત થઈ હતી. ગરમીના ભારે ઉકળાટ બાદ વરસાદી મહોલ જોવા મળ્યો છે. વરસાદનાં હળવા છાંટા, વાતાવરણમાં આંશિક રાહત થઈ છે. હજી પણ આકાશમાં વાદળો ગરજી રહ્યા છે. ભર ઉનાળે વરસાદી માહોલ જોવા મળ્યો છે.

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં પવન સાથે વરસાદ જોવા મળ્યો. કપરાડા તાલુકાના કેટલાક વિસ્તારોમાં બરફના કરા પડ્યા છે. પવન સાથે વરસાદના કારણે ગિરનાર ગામે આશ્રમ શાળાના પતરા ઉડ્યા તો કેટલીક જગ્યાએ વૃક્ષ ધરાશાયી થયા છે. કમોસમી વરસાદ અને બરફના કળાના કારણે કેરીના પાકને નુકસાનની ભીતિ છે. ૧૪ મે અમદાવાદ આણંદ સુરેન્દ્રનગર રાજકોટ બોટાદ અમરેલી ગીર સોમનાથ ભાવનગર ભરૂચ સુરતમાં અમુક સ્થળોમાં ગાજવીજ સાથે છૂટા છવાયા વરસાદની આગાહી છે. ૧૫ મે બનાસકાંઠા ગીર સોમનાથમાં ગાજબીજ સાથે છૂટાછવાયા વરસાદની આગાહી છે. ૧૬ મે માત્ર બનાસકાંઠામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. જાણકારી અનુસાર, ભાવનગરના સિહોર તાલુકાના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. સિહોર તાલુકાના બોરડી, ટાણા, જાંબાળા, કાજાવદર સહિતના ગામોમાં કરા સાથે વરસાદ વરસ્યો હતો. સણોસરા, ઈશ્વરીયા, આબલા સહિતના ગામોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. કરા સાથે વરસાદથી પાકને નુકસાન થવાની ભીતી સેવાઇ રહી છે. ગાજવીજ સાથે વરસાદ શરૂ થતા ખેડૂતો ચિંતિત થયા હતા. ગુજરાતમાં આજથી અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે, તો અનેક જિલ્લામાં કાળઝાળ ગરમી. રાજ્યમાં આવો વરસાદી માહોલ આગામી ચાર દિવસ અનેક જિલ્લાઓમાં જોવા મળશે. આજે અરવલ્લી મહીસાગર દાહોદ સુરેન્દ્રનગર રાજકોટ વલસાડ ડાંગ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ સાથે છુટા છવાયા વરસાદની આગાહી છે. પવનની ગતિ ૫ થી ૧૦ કિલોમીટર પ્રતિ કલાકે ફુંકાશે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશમાં સાઈકલોનિક સર્કયુલેશન સક્રિય થવાને કારણે વરસાદી માહોલ રહેશે. બે દિવસ બાદ ફરી એક વખત તાપમાનમાં વધારો થશે. બે થી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થશે. તો અમદાવાદમાં આવતીકાલે અમુક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આજે ગુજરાતના હવામાન અંગેની આગાહી આપી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, નોર્થ વેસ્ટ મધ્યપ્રદેશ પર સાયકલોનિક સર્કયુલેશન બનેલું છે. તેના કારણે આજે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની આગાહી છે. મોસમ વૈજ્ઞાનિકના જણાવ્યા પ્રમાણે, ગુજરાતમાં હજુ ચાર દિવસ વરસાદી માહોલ રહેશે. આજથી ૧૬મી મે સુધી ગુજરાતમાં વરસાદી માહોલ છવાયેલો રહેશે. રાજ્યના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવો વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગની વરસાદની આગાહી વચ્ચે અમદાવાદ શહેરના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. અનેક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી છે. શહેરના ગોતા, એસ.જી.હાઈવે, વૈષ્ણોદેવી, જગતપુર અને પાલડી જેવા વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો છે, તો શાહીબાગ, રિવરફ્રન્ટ અને સરદારનગર સહિતના વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી છે. ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે. અમદાવાદમાં ભારે પવનના પગલે ૧૧થી વધુ વૃક્ષો ધરાશાયી થયા હોવાનું જાણવા મળે છે. આ ઉપરાંત અનેક સ્થળોએ હોર્ડિંગ્સ પણ જોખમી બન્યા હતા.

અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદની સ્કૂલો બાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. કોઈ અજાણ્યા ઈ-મેઈલ આઈડી પરથી એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી છે. બપોરના સમયે અજાણ્યા ઈ-મેઈલ આવ્યો હતો.

એરપોર્ટ ઓથોરિટી દ્વારા ગ્રાઉન્ડ સ્ટાફ અને એરલાઈન્સ સ્ટાફને તમામ મુસાફરોનું સઘન ચેકિંગ કરવાની કડક સૂચના આપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ અગાઉ પણ અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

અમદાવાદની સાથે જ ભોપાલના રાજાભોજ એરપોર્ટ, દિલ્હી, જયપુર, અમદાવાદ, લખનઉ, પટના, અગરતલા, ગુવાહાટી, જમ્મૂ, ઔરંગાબાદ, બાગડોગરા અને કાલીકટ એરપોર્ટને પણ બોમ્બથી ઉડાડવાની ધમકી ભરેલો ઈ-મેઈલ મળ્યો હતો.પહેલા ડિસેમ્બર, ૨૦૨૩માં અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ પોલીસને મળતા પોલીસ દોડતી થઈ હતી. આ ધમકીભર્યા ઈ-મેઈલ બાદ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર બોમ્બ હોવાની વાત માત્ર એક અફવા હોવાનું સામે આવ્યું હતું. જો કે, અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવીની ધમકી આપતો એક ઈ-મેઈલ શહેર પોલીસને મળ્યો હતો. આ ઈ-મેઈલ આવ્યા બાદ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડની ટીમ સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જો કે, પ્રાથમિક તપાસમાં એરપોર્ટ પર કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. આ મામલે હવે એરપોર્ટ પોલીસે અફવાને લઈને ફરિયાદ નોંધી હતી.

પોલીસે આઇપીએલ પર સટ્ટો રમાડતા વ્યક્તિને ઝડપ્યો

(એજન્સી) અમદાવાદ,

પોલીસને દરોડોમાં બુટલેગરની સાથે આઈપીએલનો સટ્ટો અને વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો આધુનિક ટેકનોલોજીના યુગમાં ફાસ્ટ અપડેટ થવાની સાથે વસ્તુ ઝડપી બનીને તૈયાર થઈ જાય છે. એવીજ રીતે ઝડપી પૈસા કમાઈને વહેલા માલદાર બનવાની ઘેલછા આજની યુવા પેઢીને ગેરમાર્ગે દોરી જતી હોય છે,એવા કેટલાય બનાવો રોજ બરોજ સામે આવતા હોય છે. તાજેતરમાં જ બનાવ બન્યો જેમાં શહેરના ભાડજ સર્કલ પાસે આવેલા વિવાન્તા હાઈટ્સમાંથી પોલીસને દારૂનો જથ્થો મળી આવ્યો હતો. સૂત્રો દ્વારા પોલીસને બાતમી મળતા તેમણે વિવાન્તા હાઈટ્સમાં દરોડા પાડયો હતો. જેમાં પોલીસને પાંચ બોટલો વિદેશી દારૂ મળવાની સાથે તપાસ કરતા આઈપીએલ પર સટ્ટો રમાડતો વ્યક્તિ પણ મળી આવ્યો હતો.પીસીબીના સ્ટાફને બાતમી મળી હતી કે ભાડજ સર્કલ પાસે આવેલા વિવાન્તા હાઈટ્સમાં ૧૦૨ નંબરની શોપમાં દારૂનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે.

ચૂંટણીમાં પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારા નેતાઓની ભાજપે યાદી બનાવી

(એજન્સી) અમદાવાદ,

રાજકીય નિષ્ણાતોના મતે લોકસભા ચૂંટણીમાં ભાજપના જ ઘણાં નેતાઓએ પાછલે બારણે કોંગ્રેસને મદદ કરી હતી. આવા વિભીષણોને નહીં છોડે ભાજપ! લોકસભા ચૂંટણીનું પરિણામ જાહેર થતાંની સાથે જ ભાજપ પોતાના જ પક્ષમાં રહીને ગદ્દારી કરનારા વિભીષણોનો વારો પાડશે. ગુજરાતના ઢગલાબંધ નેતાઓના આ લીસ્ટમાં નામ હોવાની સંભાવના.

રાજકીય નિષ્ણાતોના મતે લોકસભા ચૂંટણીમાં ભાજપના જ ઘણાં નેતાઓએ પાછલે બારણે કોંગ્રેસને મદદ કરી હતી. આવા વિભીષણોને નહીં છોડે ભાજપ! લોકસભા ચૂંટણીનું પરિણામ જાહેર થતાંની સાથે જ ભાજપ પોતાના જ પક્ષમાં રહીને ગદ્દારી કરનારા વિભીષણોનો વારો પાડશે. ગુજરાતના ઢગલાબંધ નેતાઓના આ લીસ્ટમાં નામ હોવાની સંભાવના.

લોકસભાની ચૂંટણીમાં જે પરિણામ આવવા હોય તે આવે પરંતુ ભાજપમાં જેમણે નિષ્ક્રિય રહીને પાર્ટીના ઉમેદવારોને નડવાનું કામ કર્યું છે તેવા લોકોને શોધીને પાઠ ભણાવવાનો ઉપલી કક્ષાએથી આદેશ થતાં પાર્ટીની અંદર રહેલા વિભિષણોને શોધવાની જવાબદારી વહેંચવામાં આવી છે.

ખાસ કરીને રાજકોટ, અમરેલી, વડોદરા, સાબરકાંઠા, ભાવનગર, જામનગર, જૂનાગઢ અને સુરેન્દ્રનગરની બેઠકમાં પાર્ટીના હાઈકમાન્ડને શંકા છે કે સત્તાવાર ઉમેદવારો સામે અનેક ષડયંત્રો થયાં છે.

હવે ડ્રાઈવરો પ્રતિ કલાક ૪૦થી ૪૫ કિમી સ્પીડે જ બસ ચલાવશે

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદમાં છઝ્જી બસથી થતાં અકસ્માતની સખ્યાંમાં દિવસેને દિવસે વધારો જોવા મળી રહ્યો છે અને જાણે છઝ્જી બસના ચાલકો મન ફાવે તેમ રસ્તા પર બસ ચાલવે છે અને લોકોના ભોગ લઈ રહ્યા છે. ગઈકાલે સાંજે અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલ સ્ટાર બજાર નજીક અકસ્માતનો બનાવ સામે આવ્યો હતો. અકસ્માતની હારમાળા સર્જાય હતી. એએમટીએસ બસ ચાલકે એક નહિ બે નહિ પણ ૮ વાહનો સાથે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત થતા લોકોની ભીડ એકઠી થઈ હતી અને કલાકો સુધી ટ્રાફીક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. પોલીસે કરેલી પૂછપરછ દરમિયાન સામે આવ્યું હતું કે બ્રેક ફેલ થઈ જતા અકસ્માત થયો હતો. ટ્રાફીક પોલીસે બસ ચાલકની ધરપકડ કરી બીજા દિવસે સવારે જામીન પર મુક્ત કર્યો હતો. આ અકસ્માતમાં અર્ટિંગા કારમાં સવાર ત્રણ લોકો અને બાઈક સવાર સહિત ચાર લોકોને ઈજા પહોંચી છે. આ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. એએમટીએસ બસથી થતા અકસ્માતને રોકવા માટે છસ્ઝએ મોટો નિર્ણય લીધો છે. છઝ્જી બસની ઝડપ અંગે તંત્રએ મહત્ત્વનો નિર્ણય કર્યો કે હવે એએમટીએસની બસ ૪૫ કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપથી દોડાવી શકાશે નહીં.

એસજી હાઈવે પર ઈકો કારે અડફેટે લેતા ૧૫ વર્ષીય કિશોરનું મોત

(એજન્સી) અમદાવાદ,

અમદાવાદમાં અવારનવાર અકસ્માતો સર્જાતા રહે છે. તેમાં પણ એસજી હાઈવે પર વધુ અકસ્માતો થાય છે. અગાઉ ૧૦ મેના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે થયેલા અકસ્માતમાં ૧૫ વર્ષીય વિદ્યાર્થી અમનનું મોત નીપજ્યું હતું. જેમાં પૂરઝડપે જઈ રહેલી એક ઈકો ગાડીએ અમનને ૨૦૦ મીટર જેટલો ઢસડતા તે ગંભીરપણે ઘાયલ થયો હતો. સોલા સિવિલ હોસ્પિટલની બનેલા આ બનાવમાં માતા-પિતા વગરના અમનનું સોલા સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પરિવારે હોસ્પિટલમાં પુરતી સુવિધા ન હોવાનો પરિવારજનોએ આક્ષેપ કર્યો છે.બીજીતરફ પોલીસે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. જેમાં પોલીસે ઈકો કાર કબ્જે કરી છે, જ્યારે તેનો ચાલક ફરાર છે. પોલીસે તેની શોધખોળ કરી રહી છે.

અમદાવાદના રબારી કોલોની વિસ્તારમાં રહેતો અમન રોજ સવારે ૯ વાગ્યે અમન ઘરેથી નીકળી મેટ્રોમાં એસજી હાઈવે ઉપર આવેલી આરસી ટેક્નિકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે જતો હતો. રોજની જેમ શુક્રવારે સવારે પણ કોલેજ પહોંચ્યો હતો. આ દરમિયાન અમન મિત્ર સાથે હાઈવે સાઈડની બાજુ રોડ પર કરવામાં આવેલા સફેદ પટ્ટાની અંદરની સાઈડ ઊભો હતો. તે સમયે પૂરપાટ ઝડપે એક ઈકો ગાડી અમને ઢસડીને ૨૦૦ મીટર દૂર સુધી લઈ ગઈ હતી. બમ્પ આવતાં ગાડી ઊછળતા આગળ અને પાછળના ટાયર અમનની છાતી પરથી ફરી વળ્યાં હતાં. જેમાં અમનના પીઠના ભાગની ચામડી ઊખડી ગઈ હતી. આ બનાવ નજીકના એક ઢાબા પર લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થય હતો. અકસ્માત થતા લોકો દોડી આવ્યા હતા અને અમનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. તેના મિત્રને પણ સામાન્ય ઈજા પહોંચી હતી. ઈકો ગાડીના ચાલકે ફક્ત અમન અને તેના મિત્રને જ નહીં પરંતુ અન્ય બાઈકચાલકને પણ અડફેટે લીધો હતો.

ધો.૧૨ના વિદ્યાર્થીઓએ ગુણચકાસણી માટે ઓનલાઈન અરજી કરવી પડશે

અમદાવાદ,

૯ મેએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેના માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. શિક્ષણ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વાણિજ્ય પ્રવાહના વિદ્યાર્તીઓ જે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેણે ઓનલાઈન અરજી કરવી પડશે. ધોરણ ૧૨ના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તે ૧૩ મેથી ૨૦ મે ૨૦૨૪ સુધી બોર્ડની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરી શકશે.

ગુજરાત ન્યુઝ અપડેટ્સ

સુરતમાં રૂા.૨૦૦૦ કરોડની સરકારી જમીન બારોબાર બિલ્ડરોને પધરાવવાના કૌભાંડનો પર્દાફાશ

(એજન્સી) સુરત,

સુરતમાં ડુમ્મસ ખાતે ૨,૦૦૦ કરોડ રૂપિયાની ૨,૧૭,૨૧૬ ચોરસ મીટર સરકારી જમીન બારોબાર બિલ્ડરોને પધરાવવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આશ્ચર્યની વાત એ છે કે તેમા બદલી પામનારા કલેક્ટર આયુષનું નામ ઉછળીને સામે આવ્યું છે, જેમણે બદલી પહેલા કેટલાક વિવાદાસ્પદ ઓર્ડરો પર સહી કરી હતી. તેમા સરકારી જમીન બિલ્ડરોને બારોબાર પધરાવી દેવાના કૌભાંડનો પણ સમાવેશ થાય છે. ડુમસની સરકારી જમીન બિલ્ડરોને પધરાવી દેવાના કારસામાં સરકારે તાત્કાલિક ધોરણે મહેસૂલ સચિવ પાસેથી મનાઈહુકમ મેળવી લીધો છે. આ કિસ્સામાં ૩૦ જાન્યુઆરીના રોજ બદલી થતી હોઈ અને ૨૯મી જાન્યુઆરીના રોજ આઈએએસ આયુષ ઓકે ફાઈલને જે રીતે મંજૂરી આપી તેને લઈને મહેસૂલીતંત્રમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. મુખ્ય સચિવ રાજકુમારે મહેસૂલ તપાસણી કમિશ્નર આરઆઈસીની ટીમ ઉપરાંત સમગ્ર ઘટનાક્રમમાં ઊંડાણપૂર્વક તપાસ થાય તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. આ રીતે સરકારી જમીન ગણોતિયાને પધરાવવાના આયુષ ઓકના નિર્ણય પાછળ ભાજપનું કોઈ મોટું રાજકીય માથું હોવાની સુરતના મહેસૂલી વર્તુળોમાં ચર્ચા છે.

એસઓજીએ નશાકારક કફ સીરપની ૧૧૫ બોટલ પકડી

(એજન્સી) વલસાડ,

ગુજરાતમાં અલગ અલગ સ્થળેથી નશાકારક સિરપ મળવાનો સિલસિલો રોકાવાનું નામ નથી લઈ રહ્યો. હવે વલસાડમાંથી નશાકારક કફ સીરપનો જથ્થો ઝડપાયો છે. આ મામલામાં એક વ્યક્તિની ધરપકડ પણ કરવામાં આવી છે. વલસાડ એસઓજીએ નશાકારક કફ સીરપનો જથ્થો ઝડપી પાડ્યો છે. અતુલ ફાસ્ટગેટ ખાતે આવેલા એપાર્ટમેન્ટમાંથી જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. રત્નગીરી પ્લાઝા એપાર્ટમેન્ટમાં બાતમીના આધારે રેડ પાડી હતી. ૧૧૫ જેટલી બોટલ સહિત ૨૮ હજારથી વધુ રુપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાથે જ એસઓજીએ પ્રેમચંદ શર્મા નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદ પોલીસની બુટલેગરો સામે કાર્યવાહી: ૧૨ની ધરપકડ

(એજન્સી) અમદાવાદ,

ચૂંટણી બાદ પોલીસ એક્શન મોડ આવી અમદાવાદ શહેરમાં દારૂના દૂષણને નાથવા માટે અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે અમરાઈવાડી, નિકોલ, નરોડા, ગોમતીપુર, નારોલ, કાગડાપીઠ, દરિયાપુર તથા મેઘાણીનગર સહિત વિસ્તારમાંથી કુલ ૧૦ જગ્યા ઉપર દરોડા પાડી ૧૨ નામચીન બુટલેગરોની ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ ક્રાઈમબ્રાન્ચે અમરાઈવાડીના સુરેશ ઉર્ફે ભુરીયો ખિમદાસ સાધુ, નારોલ ગામના બોડીયો કરશનજી ઠાકોરના, ગોમતીપુરના કાળીઈસ્માઈલ મલેક, નિકોલના રૂપાબેન દેવાભાઈ નરશીભાઈ ચુનારા, એરપોર્ટ પાસે અજય રામદ્રસ કેવટ, કાગડાપીઠના અનિલ લાખાભાઈ ચુનારા, નરોડા પાટિયાના ચોભસિંહ વિજયસિંહ તોમર અને ગંગાસિંહ વિજયસિંહ તોમર, દરિયાપુરના સુરેશભાઈ મેણા, મેઘાણીનગરના કિશન કરણસિંહ સીકરવાર અને સંજય જયંતીભાઈ પટણી, કાગડાપીઠના રમેશભાઈ ચુનારાની ધરપકડ કરી છે. રેડ દરમિયાન ૯૩૦ લીટર દેશીદારુ, વાહનો, રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોન સહીત ૮૩,૯૭૦ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

કાળીગામ અંડરપાસમાં વરસાદી પાણીના નિકાલ માટે ત્રણ દિવસનો સમય લાગે છે

(દેવેન્દ્ર શાહ) અમદાવાદ,

અમદાવાદ શહેરમાં સામાન્ય વરસાદમાં પણ ઠેરઠેર જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થાય છે. મ્યુનિ. કોર્પો. દ્વારા કરવામાં આવેલ એક સર્વે મુજબ શહેરમાં ૧૪૬ કરતા વધુ સ્થળે વરસાદી પાણી ભરાવવાની સમસ્યા છે. જે પૈકી ૨ ઈંચ વરસાદમાં જ લગભગ ૬૭ સ્થળે વરસાદી પાણી ભરાય છે. મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જે સ્થળોએ સ્ટ્રોમ વોટર લાઈન નાંખવામાં આવી છે તે વિસ્તારોમાં વરસાદ બંધ થયા બાદ બે-ત્રણ કલાકમાં પાણી ઓસરી જાય છે પરંતુ જયાં સ્ટ્રોમ વોટર લાઈન નાંખવામાં આવી નથી તેવા સ્થળે વરસાદી પાણીના નિકાલ માટે કલાકો નીકળી જાય છે. કાળીગામ ગરનાળા પાસે વરસાદી પાણી નિકાલ માટે લગભગ ત્રણ દિવસ જેટલો સમય થાય છે.

અમદાવાદ શહેરના મણિનગર, ગોતા, ઘાટલોડિયા, ગોમતીપુર, સરસપુર, રાણીપ સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યા ગંભીર બનતી જાય છે. મ્યુનિ. કોર્પો. દ્વારા અંદાજે ૯૦૦ કિ.મી.લંબાઈની સ્ટ્રોમ વોટર લાઈન નાંખવામાં આવી છે પરંતુ તેની ડીઝાઈન મુજબ એક કલાકમાં એક ઈંચ વરસાદ થાય તો જ પાણીનો ભરાવો થતો નથી જયારે અમદાવાદમાં છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદની પેટર્નમાં બદલાવ આવ્યો છે તેમજ અમુક વિસ્તારોમાં ગણતરીની મીનીટોમાં જ બે થી ત્રણ ઈંચ વરસાદ ખાબકી જાય છે જેના કારણે આ વિસ્તારોમાં કેડસમા પાણીભરાઈ જાય છે અને કેટલીક સોસાયટીઓમાં લોકોના ઘરમાં પણ પાણી ઘુસી જાય છે. ખાસ કરીને જે વિસ્તારોમાં સ્ટ્રોમ વોટર લાઈન નાંખવામાં આવી નથી તે વિસ્તારોમાં પાણીના નિકાલની સમસ્યા વધુ ગંભીર જોવા મળી રહી છે. ૨ ઈંચ વરસાદમાં જ લગભગ ૬૭ સ્થળે પાણી ભરાય છે જેના માટે ૧૫ મીનીટથી ૩ કલાક જેટલો સમય પાણી નિકાલ માટે થાય છે પરંતુ જયારે શહેરમાં પાંચ ઈંચ જેટલો વરસાદ થાય ત્યારે પરિસ્થિતિ તદ્દન કાબુ બહાર થઈ જાય છે અને પાણીના નિકાલ માટે પાંચ કલાકથી ૧૦ કલાક જેટલો સમય લાગે છે. જયારે કાળીગામ ગરનાળા જેવા વિસ્તારમાં ૭૨ કલાકનો પણ સમય થાય છે. શહેરમાં પાંચ ઈંચ વરસાદમાં જ મોટાભાગના વિસ્તારોમાં બે થી ચાર ફુટ પાણી ભરાઈ જાય છે. ગોમતીપુર ફાયર સ્ટેશન, કાળીગામ અંડરપાસ, શાંતિવન સોસાયટી પાલડી, શ્રેયસ ક્રોસીંગ પાલડી તેમજ મણિનગરના વિસ્તારોમાં પરિસ્થિતિ ખૂબ જ વિકટ બને છે. ચોંકાવનારી બાબત એ છે કે કેટલાક વિસ્તારોમાં સ્ટ્રોમ વોટર લાઈન નાંખવામાં આવી છે તેમ છતાં પાણીનો સમયસર નિકાલ થતો નથી અને ઈજનેર વિભાગના અધિકારીઓ કેચપીટ-મશીન હોલની સફાઈ પર જ નિર્ભર રહે છે.

વોર્ડ	સ્થળ	ભરાતા પાણીની ઉંડાઈ ઈંચમાં	નિકાલનો સમય (કલાક)
ગોતા	બર્ધન જંકશન	૧૨	૮
ગોતા	હરીવિલા જંકશન	૫	૫
જોધપુર	કર્ણાવતી કલબથી એસપી રીંગરોડ	૧૨	૧૦
જોધપુર	ગાલા જીમખાના રોડ	૧૨	૫
સરખેજ	કોર્પોરેટ રોડ	૧૨	૬
સરખેજ	સાંતીપુરા ચાર રસ્તા	૨૪	૧૦
મણિનગર	રાવજીભાઈ ટાવર	૩૦	૭-૧૫
મણિનગર	વલ્લભવાડી	૨૪	૭-૧૫
મણિનગર	અણુવ્રત સર્કલ	૨૪	૭-૧૫
મણિનગર	રમાચોક	૨૪	૭-૧૫
દાણીલીમડા	એકતાનગર	૩૦	૫
ખોખરા	હાટકેશ્વર ચાર રસ્તા	૩૬	૫
ઠકકરનગર	ઉત્તમનગર એરિયા	૧૮	૮
સરસપુર	મછાની મસ્જીદ	૨૨	૧૦
સરસપુર	ગોદાણી ચાર રસ્તા	૨૨	૧૦
ગોમતીપુર	ફાયર સ્ટેશન	૪૮	૧૦
રાણીપ	કાળીગામ અંડરપાસ	૪૮	૭૨

અનેક વિસ્તારોમાં વરસાદ બંધ થયા બાદ પાણીના નિકાલ માટે ૧૦ કલાક જેટલો સમય થાય છે

અમદાવાદના વેપારીનું ક્રિકેટ રમતાં-રમતાં હૃદયરોગના હુમલાથી મોત

અમદાવાદ,

પાલડીના ૪૧ વર્ષીય વેપારીનું રવિવારે સવારે રાજપથ ક્લબમાં ક્રિકેટ રમતી વખતે કાર્ડિયાક અરેસ્ટથી નિધન થયું હતું. કર્ણાવતી ક્લબમાં ૬.૩૦ વાગ્યાની આસપાસ, કેટલાક લોકો ક્રિકેટ રમવા આવ્યા હતા.

રમત ચાલુ હતી ત્યારે અભિષેક શાહ નામનો એક ખેલાડી રમતા રમતા પડી ગયો હતો. અન્ય ખેલાડીઓ તેમની પાસે દોડી આવ્યા હતા. ક્લબના મેડિકલ ઓફિસરને બોલાવવામાં આવ્યા હતા અને શાહની પત્ની, જે ક્લબમાં તેમના મોર્નિંગ વોક કરતા હતા, તેમને કટોકટી વિશે જાણ કરવામાં આવી હતી.

"અમે ક્લબમાં મેડિકલ ઓફિસરને બોલાવ્યા જ્યારે કેટલાક અન્ય લોકોએ કાર્ડિયોપલ્મોનરી રિસુસિટેશન નો પ્રયાસ કર્યો. પરંતુ શાહને હોશ ન આવ્યો. એક ઈસ્ઈ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવવામાં આવી હતી, અને તેને ક્લબની પાછળની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ''એક અધિકારીએ જણાવ્યું હતું. હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે તપાસ બાદ તેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. "તેમનો તબીબી ઈતિહાસ દર્શાવે છે કે લગભગ એક દાયકા પહેલા તેને નોન-હોજકિન લિમ્ફોમા , એક પ્રકારનું કેન્સર હતું જે રોગપ્રતિકારક શક્તિને અસર કરે છે. પરંતુ તેમણે સફળતાપૂર્વક કેન્સરની સારવાર પૂરી કરી હતી.

ગરીબ આવાસ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવાઈ

અમદાવાદ,

શું તમે પણ સરકારી સહાયથી પોતાના ઘરનું ઘર ખરીદવા માંગો છો? ફોર્મ ભરવાનું બાકી છે? તો હવે ઉતાવળ કરજો, ફોર્મ ભરવાની તારીખો તમારા માટે સરકાર દ્વારા લંબાવાઈ છે. જે લોકો કોઈ કારણસર ફોર્મ નથી ભરી શક્યા એવા લોકોને પણ સરકારી આવાસનો લાભ મળી શકે તે આશયથી ગરીબ આવાસ માટેના ફોર્મ ભરવાની તારીખો લંબાવાઈ છે. જાણો કઈ તારીખ સુધીમાં ફોર્મ ભરી દેવાનું રહેશે. પીએમ આવાસ યોજના હેઠળ સમાજના ગરીબ અને અત્યંત મધ્યમ વર્ગીય પરિવારો માટે સરકાર બનાવી રહી છે ઘર. તમે પણ આ યોજનાનું ફોર્મ ભરીને તમારા સપનાનું ઘર મેળવી શકો છો. જોકે, તેમાં ફોર્મ ભર્યાના થોડા સમય બાદ સરકાર દ્વારા નિયમાનુસાર ડ્રો કરવ